श्री जिनेश्वराय नमः ॥

શ્રી સામાયિક-સ્વરૂપ.

સંસ્કૃત છાયા, વિધિ, વિવેચન, ઉપયોગી પદો, ઉપદેશ, વચનામૃતો, બાર વ્રત, અને ભક્તામર સ્તોત્ર સહિત.]

રચનાર

આચાર્ય મહારાજ શ્રી દેવચંદ્રજી સ્વામીના શિષ્ય

મુનિ શ્રી નાનચંદ્રજી.

પ્રકાશક

શ્રી અજરામરજી જૈન વિદ્યાશાળા

તરફથી

શા૦ ઓઘડ જીવણ.

મુ૦ લીંબડી.

મૂલ્ય રૂ૦ ૦-૪-૦.

ॐ तत्सत् परमात्मने नमः ॥

શ્રી સામાયિક-સ્વરૂપ.

[સંસ્કૃત છાયા, વિધિ, વિવેચન, ઉપયોગી પદો, ઉપદેશ, વચનામૃતો, બાર વ્રત, અને ભકતામર સ્તોત્ર સહિત.]

રચનાર,

આચાર્ય મહારાજ શ્રી દેવચંદ્રજી સ્વામીની સહાયતાથી

તેમના શિષ્ય

મુનિ શ્રી નાનચંદ્રજી.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

શ્રી અજરામરજી જૈન વિદ્યાશાળા—લીંબડી

તરફથી

શાહ ઓઘડ જીવણ.

આવૃત્તિ ૧ લી. પ્રત ૧૫૦૦.

વીર સં. ૨૪૩૯. વિ. સં. ૧૯૬૯. ઈ. સ. ૧૯૧૩.

કિંમત રૂ. ૦-૪-૦.

અમદાવાદ.

ધી "ડાયમંડ જ્યુબિલી" પ્રિન્ટીંગ પ્રેસમા
પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.

પ્રસ્તાવના.

"**સામાયિક**" એ દરેક શ્રાવક શ્રાવિકાએ કરવાની નિત્ય નિયમની સર્વોત્તમ અને અવશ્યની ક્રિયા છે, તેથી દરેક શ્રાવક વર્ગે તેનું સ્વરૂપ યથાર્થ રીતે જાણવાની જરૂરીયાત છે. આપણા મહદ્ ઉપકારી તીર્થંકરો, ગણધરો, અને આચાર્યોએ આપણા કલ્યાણ માટે જે જે રસ્તાઓ બતાવ્યા છે તે અત્યુત્તમ છે, એટલુંજ નહિ પણ તેમાં પરમ રહસ્ય સમાયેલું છે, એવું સૂક્ષ્મ રીતે વિચારતાં સ્પષ્ટ થયા વિના રહેતું નથી; છતાં અંધ પરંપરાથી એ ક્રિયાના રહસ્યને સમજ્યા વિના આપણેજ તેને સામાન્ય રૂપમાં પલટાવી નાંખી છે. સામાયિકની વાસ્તવિક ક્રિયા સાથે અર્વાચીન ક્રિયાને સરખાવીશું, તો ખુલ્લું જણાશે કે તે ક્રિયા માત્ર નામનીજ રહી છે. સામાયિક જેવી ઉત્તમ ક્રિયાના પવિત્ર શબ્દો વર્તમાન સમયમાં માસ્તર કે માબાપદ્વારા અધિકાર સિવાયનાં નાનાં બાળકોને બેદરકારીથી અશુદ્ધ અને ઢંગધડા વિના શીખવાય છે, તેથી સામાયિકના શબ્દાર્થ, ભાવાર્થ, કે માહાત્મ્યની ખબર સિવાય તે વ્રતની શરૂઆત કરનાર બાળક, બાલ્યાવસ્થાનો ત્યાગ કરી યુવાવસ્થા વીતાવી વૃદ્ધાવસ્થામાં પ્રવેશ કરે છે ત્યાંસુધી તે સામાયિક નિરંતર કર્યે જાય છે, છતાં તેમાં રહેલા ગંભીર ભાવ, અલૌકિક માહાત્મ્ય અને ચમત્કાર, તથા તેના ખરા ઉદ્દેશના અજાણપણાથી છેવટ સુધી બેનસીબ રહે છે. આ પ્રમાણે સમાજનો મોટો ભાગ ધર્મની ધક્કાગાડી ચલાવ્યે જાય છે, પણ ભાગ્યેજ વસ્તુસ્થિતિને જાણી શકે છે. સામાયિકના રહસ્યના અજ્ઞાતપણાથી પ્રમાદવશ્ય થઇ સામાયિકમાં નિંદા, હાસ્ય, કુતૂહલ, નિદ્રા, વિકથા અને માનસિક ચંચળતા તથા એવા એવા બીજા અનેક દોષોનું સેવન થાય છે. આવા પ્રકારની ક્રિયાની અશુદ્ધતા અટકાવવાની ખાતર સામાયિકનું સ્વરૂપ,

સામાયિકના દરેક જિજ્ઞાસુએ જાણવાની જરૂર છે; અને એ સ્વરૂપ યથાર્થ રીતે જાણ્યાબાદ તે યથાવિધિથી પ્રેમપૂર્વક આદરવાથી પરમ હિતનું કારણ બને છે. પરંતુ તેવી રીતે ન થવાથી વાસ્તવિક રીતે જે લાભ મળવો જોઇએ તે મળતો નથી; અને તેમ થવાથી મનુષ્ય શ્રદ્ધા-વિહીન બને છે; જેથી રહસ્ય જાણવાના અભાવે ચિંતામણિ રત્ન ચકમકના ભાવમાં જાય છે. આધુનિક જમાનો બુદ્ધિપ્રધાન છે, જેથી કેળવાયેલા વર્ગને ક્રિયામાં રહેલી ખૂબીઓને ભાવાર્થ પૂર્વક સ્પષ્ટીકરણ કરી પૂરવાર કરી ન આપીએ ત્યાંસુધી તે વર્ગનું ચિત્ત પરંપરાથી ચાલતી ક્રિયામાં ચોંટતું નથી; અને તેનું રહસ્ય તેઓના મગજમાં બરાબર ઠસાવ્યા સિવાય તેમના પર ધાર્મિક દબાણ કરવું એ નકામું છે. વર્તમાન સમયમાં કેળવાયેલાનો મોટો ભાગ પાશ્ચાત્ય સહવાસથી સ્વધર્મ તરફ બેદરકાર થયેલો જોવાય છે, તેનું કારણ તો એજ છે કે તેમના હૃદયમાં સ્વધર્મનું ઉમદા રહસ્ય અને તેમાં સમાયેલું ગુપ્ત ગૌરવ સજ્જડ ચોંટી શકે તેવી શૈલીથી દૃષ્ટાંત અને યુક્તિપૂર્વક સમજાવનારની ખામી છે, જેથી તે કેળવાયેલો વર્ગ જૈન માર્ગમાં કાંઇ ઉમદા તત્ત્વજ નથી એમ સમજી અન્ય માર્ગ તરફ ગમન કરે છે, અને કેટલાએક ઉચ્છૃંખલો વિદ્યાનો ગેરઉપયોગ કરી તદ્દન ધર્મથી ભ્રષ્ટ થતા નજરે પડે છે. આમ થવાનું મુખ્ય કારણ ધર્માચાર્યોની બેદરકારી સંભવે છે. આ સ્થળે જૈનના અગ્રેસરોની જબરી ઊંઘ વિષેનું કાવ્ય યાદ આવે છે.

જબરી ઉંઘમાં સૂતેલા જૈનીઓ.

(રાગ દેશ. વિમળા નવ કરશો ઉચાટ–એ લય.)

ભર ઊંઘ વિષે સૂતેલા, જૈન જણાય છે રે. ટેક.
અપૂર્વ બોધસ્વરૂપ બતાવ્યું, પરમ તત્ત્વ પ્રભુએ પ્રગટાવ્યું;
તેના પુત્રો કીચડમાં કચરાય છે રે. ભર ઊંઘ વિષે. ૧

જે તત્ત્વેથી અનંત તરીયા, સહજ પ્રયાસે સિદ્ધિ વરીયા;
તેહજ તત્ત્વો છાશની જેમ છણાય છે રે. ભર ઊંઘ વિષે. ૨
જે જ્ઞાનીએ ગગન ગજાવ્યું, વિજય તણું વાજીંત્ર બજાવ્યું;
તેના પુત્રો કુસંપ કરીને કપાય છે રે. ભર ઊંઘ વિષે. ૩
માળી સર્વે થયા મતલબીયા, લાજ તજીને પરસ્પર લડીયા;
કોમળતા ત્યજી કમળ બધાં કરમાય છે રે. ભર ઊંઘ વિષે. ૪
પાણી સ્વલ્પ જનો પાનારા, ખળ જન પાર વગર ખાનારા;
જૈન બાગમાં સુંદર વૃક્ષો સુકાય છે રે. ભર ઊંઘ વિષે. ૫
ધણી વગરનાં ઢોર ચરે છે, ફાવે તેહ દિશામાં ફરે છે;
પામર થઇ પરહાથ પક્ષી પકડાય છે રે. ભર ઊંઘ વિષે. ૬
જાગો શુદ્ધ જનેતા જાયા, લેખ આપના અમર લખાયા;
જૈન બંધુનાં જીવન નિષ્ફળ જાય છે રે. ભર ઊંઘ વિષે. ૭
તન મન ધન એમાં આપી ઘો, સંત શિષ્ય કષ્ટો કાપી ઘો;
જાગો તો ઉદયના અનેક ઉપાય છે રે. ભર ઊંઘ વિષે. ૮

આ જબરી ઊંઘથીજ જૈન માર્ગની પૂર્વની જાહોજલાલીનાં આજે સ્વપ્ન પણ નથી અને તેની સર્વોત્તમતા માત્ર આંધળી ક્રિયામાં ભરાયેલી હોય એમ જનસમાજ જાણે છે. દરેક ક્રિયાનું યથાર્થ રહસ્ય જણાય નહિ ત્યાંસુધી તેપર ખરો પ્રેમ જાગૃત થતો નથી અને પ્રેમ સિવાય ફળ મળતું નથી. વર્ષોનાં વર્ષો થયાં સામાયિકની ક્રિયા જે કરનારાઓ છે તેઓને તેના શબ્દાર્થ, કે તેનું લક્ષણ, કે તેનો હેતુ, કે તેનું રહસ્ય, કે તેથી સાધ્ય શું ? એમ કોઇ પ્રશ્ન કરે તો તેનો યથાર્થ પ્રત્યુત્તર ભાગ્યેજ મળે; એવી સ્થિતિ આજે સુધારાવાળા જમાનામાં રહે એ ઓછું ખેદકારક નથી. આ વિચાર મારા મનમાં ઉદ્દભવવાથી સામાયિકને વિશેષ અર્થમાં બાળવર્ગ જાણી શકે, અને જૈનશાળા-

એમાં સામાયિકને જે પોપટીઆ જ્ઞાન પેઠે શિખવાય છે તેમને વિશેષ લાભદાયક થાય, એવા હેતુથી સામાયિકનું સ્વરૂપ મારી યથામતિ અનુસાર મારા સદ્‌ગુરૂની અને બીજાં શાસ્ત્રોની મદદથી યોજેલ છે. આ પુસ્તકને બે ભાગે યોજેલ છે. પ્રથમ ભાગમાં સામાયિકને વિશેષ રીતે સમજવાને તેનું પ્રયોજન, લક્ષણ, હેતુ, સામર્થ્ય-માહાત્મ્ય-રહસ્ય, કોણ કરી શકે? કરવાનો વિધિ અને તેથી સાધ્ય શું? વિગેરે બાબતનો સમાવેશ કર્યો છે; અને બીજા ભાગમાં સામાયિકનો મૂળપાઠ, તેની સંસ્કૃત છાયા, તેનો શબ્દાર્થ તથા વિવેચન, ત્યારબાદ સામાયિકના કાળમાં ઉપયોગી થાય એવાં વૈરાગી તથા આધ્યાત્મિક થોડાં પદો, તથા ઉપદેશાત્મક વચનામૃતો પણ દાખલ કર્યાં છે; અને જે શ્રાવકો બાર વ્રતની ચોપડીની લાંબી બાબતોથી કંટાળતા કે ભડકતા ફરે છે તેઓ સુખે આદરી શકે એવાં બાર વ્રતના સારરૂપ નિયમોનું લીસ્ટ, અને હમેશાં પડિક્રમણું કરવાના પ્રમાદવાળાને ઉપરના નિયમોના લીસ્ટની પડિક્રમણારૂપ ટૂંકી આલોયણા પણ આપેલી છે કે જેથી જંજાળી પુરૂષો પણ યત્કિંચિત્ વ્રત આદરી શકે ને દોષોને ત્યજી શકે. તે ઉપરાંત ભક્તામર સ્તોત્ર પણ દાખલ કર્યું છે કે જેથી સામાયિકના વખતમાં પાઠ કરવાને ઉપયોગી થાય.

આ સંબંધે વિદ્વાન્ મુનિવરો અને સુજ્ઞ જનો પ્રત્યે એ યાચના છે કે, કોઈ પણ ભૂલ સુધારવાનું કે હાનિ વૃદ્ધિ કરવાનું જણાય તો તેમણે મને જણાવવા કૃપા કરવી; તો હું તેની યોગ્યતાનું અનુકરણ બીજી આવૃત્તિમાં કરવા કદી ચૂકીશ નહિ ઇત્યલમ્.

લીંબડી. વીર સંવત્ ૨૪૩૯ના જ્યેષ્ઠ કૃષ્ણ પ્રતિપદા.	લી. મુમુક્ષુ મુનિ નાનચંદ્રજી.

અનુક્રમણિકા.

જૈન વિદ્યાશાળારૂપી બાગના માળીઓને ભલામણ.

હરિગીત છંદ.

સહુ ધ્યાનમાં શ્રાવક બધા શુભ આ ભલામણ ધારજો,
મનને વિશાળ બનાવવા તેમાં વિઘ્ન પડતાં વારજો;
બહુ ખબર રાખી ખંતથી સુંદીર બાગ બનાવજો,
રેડી હૃદયનો રંગ ધરી ઉછરંગ જરૂર જમાવજો. ૧

ધોરણ તણા ક્યારા કરી પાણી મધુર પીવરાવજો,
પરિશ્રમ લઈ પુષ્પો બધાં કરી ખચિત ખૂબ ખીલાવજો;
વાડચો વિવેક તણી કરી વર કામ અચળ કરાવજો,
ધરી વ્હાલ અતિશય બાલપર વાત્સલ્યને વરતાવજો. ૨

પોતાતણું સમજી પરસ્પર પ્રેમને પ્રગટાવજો,
તન, મન અને ધન ઉદય માટે હર્ષથી અજમાવજો;
આખા દિવસમાં એક ક્ષણ પણ એ વિચાર ચલાવજો,
અતિ આત્મભોગે આપણો મહાવીર પંથ મ્હલાવજો. ૩

श्री जिनेश्वराय नमः

સામાયિક-સ્વરૂપ.

ભાગ ૧ લો.

મંગળાચરણ.

वीरः सर्वसुरासुरेंद्रमहितो वीरं बुधाः संश्रिताः ।
वीरेणाभिहतः स्वकर्मनिचयो वीराय नित्यं नमः ॥
वीरात्तीर्थमिदं प्रवृत्तमतुलं वीरस्य घोरं तपः ।
वीर श्री धृतिकीर्तिकांतिनिचयः श्री वीरभद्रं दिशः ॥ १ ॥

અર્થ—શ્રી વીર પરમાત્મા, દેવદાનવના રાજાઓથી પુજાયેલ છે, અને દેવતાઓ શ્રી વીર ભગવાનને આશ્રય કરી રહ્યા છે. વીર ભગવાને પોતાના કર્મનો સમૂહ ખપાવી દીધો છે. તે વીરને હમેશાં પ્રણામ (હો). જે વીર થકી (જેની તુલના ન થઈ શકે એવું) તીર્થ પ્રવર્તન થયેલું છે, જે વીરનું તપ કઠણ છે, જે વીરને વીષે શોભા કીર્તિ તેજનો જથ્થો રહ્યો છે, એવા હે વીર ! સર્વનું કલ્યાણ કરો ! ॥ ૧ ॥

(૧) સામાયિક એટલે શું ?

त्यक्तार्त्तरौद्रध्यानस्य त्यक्तसावद्यकर्मणः ।

मुहूर्त्तं समतायास्तं विदुः सामायिकं व्रतं ॥ २ ॥

અર્થ—આર્ત્ત રૌદ્ર ધ્યાનનો ત્યાગ કરી તથા સાવદ્ય (સપાપ) કાર્ય માત્રનો ત્યાગ કરીને ઓછામાં ઓછું એક મુહૂર્ત્ત પર્યંત આંતરૂ વૃત્તિને સમભાવમાં રાખવી, તેનું નામ સામાયિક વ્રત કહેવાય છે. ॥૨॥

સમ સ્થિતિ-સમભાવ એ આત્માનો મૂળ સ્વભાવ છે. જીવ અનાદિ માયિક જાળમાં સપડાયેલો હોવાથી સમસ્થિતિને બદલે વિષમ સ્થિતિમાં હમેશાં ગમન કરે છે. તે વિભાવમાં પ્રણમેલા આત્માને આધ્યાત્મિક ક્રિયાવડે મૂળ સ્વભાવમાં લાવવા જે શુદ્ધ ક્રિયા કરવી, એનું નામ સામાયિક.

(૨) પ્રયોજન શું ?

દરેક પ્રાણીને અવિચ્છિન્ન સુખ અને પરમ શાન્તિની અભિલાષા હોય છે, અને તેના જ માટે દરેક મનુષ્ય પૃથક પૃથક માર્ગે વહન કરી સુખને શોધે છે. અસહ્ય દુઃખો સહન કરી અતુલ મહેનત કરવા છતાં ક્ષણિક સુખ પ્રાપ્ત થયું ન થયું કે પુનઃ દુઃખ ઉભરાઈ આવે છે; પણ શુદ્ધ અને ચોક્કસ પ્રયાસના અભાવે અવિચ્છિન્ન સુખ પ્રાપ્ત થતું નથી. સુખનો નિધિ પોતાની પાસે હોવા છતાં જ્ઞાન દીપકના અભાવે અનાદિ અજ્ઞાનરૂપ અંધકારથી સબળ પ્રયત્નો નિષ્ફળ નીવડે છે. એજ હેતુથી તત્વજ્ઞ પુરૂષોએ અખંડ સુખ ક્રમશઃ પ્રાપ્ત થવાનો સહેલો અને સરળ રસ્તો સામાયિકવ્રતદ્વારા યોજેલ છે, અને પહેલાં તો એ રસ્તે ચંચળ અને અવ્યવસ્થિત મનોવ્યાપાર શાન્ત થઈ અપૂર્વ આનંદનો સ્વલ્પાંશે ભોક્તા બને છે એ એનું પ્રયોજન છે.

(૩) સામાયિકને શાસ્ત્રમાં કયા સ્થળે યોજી છે ?

સમ્યક્‌જ્ઞાન, સમ્યગ્દર્શન, અને સમ્યક્ ચારિત્ર, આ ત્રણ પ્રકારનાં સાધનવડે મોક્ષમાર્ગ પ્રાપ્ત કરી શકાય છે. તેમાં પણ સમ્યગ્જ્ઞાન દર્શન હોય તો જ સમ્યક્ ચારિત્ર આરાધી શકાય છે. હવે સમ્યક્ ચારિત્રના બે પ્રકાર છે, દેશ વિરતિ અને સર્વ વિરતિ. દેશ વિરતિ એટલે અમુક અંશે વ્રત (અણુવ્રત) અને સર્વ વિરતિ એટલે સર્વ અંશે વ્રત (મહાવ્રત) અણુવ્રતને ગૃહસ્થાશ્રમીઓ (શ્રમણોપાસક શ્રાવક) આદરી શકે છે, અને ગૃહસ્થાશ્રમને ત્યજી જે ત્યાગી (મુનિ–સાધુ–શ્રમણ–અણગાર) થાય છે તે મહાવ્રતને આદરી શકે છે. દેશ વિરતિ શ્રાવકનાં વ્રત બાર કહ્યાં છે. તેમાં પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત છે. અણુવ્રત એટલે સાધુનાં પાંચ મહાવ્રતોની અપેક્ષા એ 'અણુ' એટલે નાના છે. તેનાં નામ–સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ, સ્થૂલ મૃષાવાદ વિરમણ, સ્થૂલ અદત્તાદાન વિરમણ, સ્થૂલ અબ્રહ્મ (મૈથુન) વિરમણ, અને પાંચમું સ્થૂલ પરિગ્રહ વિરમણ. એ પાંચ અણુવ્રત કહ્યાં. ગુણવ્રત એટલે જે વ્રતથી અણુવ્રતને ગુણ (વૃદ્ધિ) થાય તે. તે ત્રણ છે; તેનાં નામ–દિગ્વ્રત, (દિશાવ્રત) ભોગોપભોગમાનવ્રત, અનર્થ દંડ વિરમણવ્રત, એ ત્રણ ગુણવ્રત કહ્યાં. શિક્ષાવ્રત એટલે ધર્મશિક્ષણના સ્થાનરૂપ છે, અથવા શિખા એટલે અણુવ્રતરૂપ ઉત્તમ ક્રિયા મંદિરના શેખરરૂપ છે, એટલે જે વ્રતોની ક્રિયા કરતાં 'હું વ્રતી છું' એમ પોતાને તથા 'આ વ્રતી છે' એમ બીજાને પણ ભાન થાય એવાં ચિન્હ સહ ક્રિયાવાળાં વ્રતો તે શિક્ષાવ્રતો કહેવાય છે. તે ચાર છે. (૧) સામાયિકવ્રત (૨) દિશાવકાશિકવ્રત (૩) પૌષધવ્રત (૪) અતિથી સંવિભાગવ્રત; એ ચાર શિક્ષાવ્રત મળીને બાર વ્રત

શ્રાવકનાં ગણાય છે. આ ઉપરથી સમજી શકાશે કે, સામાયિક એ બાર વ્રતમાંનું નવમું વ્રત છે અને તે શિક્ષાવ્રત છે. એટલે તે વ્રતથી ધાર્મિક અભ્યાસવડે સાધ્ય સાધી શકાય છે; એવો અધિકાર ઉપાસક સૂત્રમાં છે.

(બીજું સ્થાન.)

પ્રતિક્રમણ એટલે પાપથી પાછા હઠવું, એ ક્રિયાનું મૂળ નામ આવશ્યક ક્રિયા છે. આવશ્યક એટલે અવશ્ય કરવા યોગ્ય ક્રિયા. તે આવશ્યકનાં છ અંગ (અધ્યયન) છે, તેમાં પ્રથમ અંગનું નામ "સામાયિક" છે. આ અધિકાર આવશ્યક સૂત્રમાં છે. વળી દશાસુતસ્કંધ સૂત્રમાં શ્રાવકને પ્રતિમાદિ તપસ્યાનું સ્વરૂપ બતાવ્યું છે. પ્રતિમા (પડિમા) એટલે અમુક અમુક પ્રકારનો અભિગ્રહ કરવો તે. તે પ્રતિમા અગીયાર છે. તેમાં પહેલી દર્શન પ્રતિમા, બીજી વ્રત પ્રતિમા, અને ત્રીજી પ્રતિમા "સામાયિક" કહી છે. આવી રીતે શાસ્ત્રમાં અનેક સ્થળે **સામાયિક** ની જરૂરીયાત સ્વીકારી છે. આ સંબંધી વિશેષ ગુર્વાદિક પાસેથી જાણી લેવું.

(૪) સામાયિકનું સામર્થ્ય.

સામાયિક એ મનને સ્થિર રાખવાની અપૂર્વ ક્રિયા છે, આત્મિક અતુલ્ય શાન્તિ મેળવવાનો સંકલ્પ છે, પરમ ધામ પામવાનો સરળ અને સુખદ રસ્તો છે, પાપરૂપ કચરા કાદવને ભસ્મીભૂત કરવાનું અલૌકિક યંત્ર છે, દુનિયાના ત્રિવિધિ તાપનું વિસ્મરણ થવાની ચમત્કારી બુટ્ટી છે, અસાધ્ય રોગને નાબુદ કરવાની આધ્યાત્મિક રસાયણ છે, અખંડાનંદ પ્રાપ્ત કરવાનો ગુપ્ત મંત્ર છે, દુઃખોદધિ તરવાની અગાધનૌકા છે, અને આ અનેક કર્મ મળથી દટાઈ કંગાળ હાલતમાં

બની ગયેલા આત્માને પરમાત્મા બનાવવાનું પણ સામર્થ્ય એ યોગિક ક્રિયામાં રહેલું છે.

(૫) સામાયિકથી લાભ શું ?

જે ક્રિયા કરવાથી ક્રમે ક્રમે આત્મામાં જડ ઘાલી રહેલા દુર્ગુણો ઘટી સદ્દગુણોનો જયો મળવા ઉપરાંત હૃદય પરમ શાન્તિનો અનુભવ કરે, અને જે સુખો આપણે પૌદ્દગલિક કોઈ પણ પ્રિય ચીજથી નહિ મેળવેલાં તે સુખનો અનુભવ સાક્ષાત્ થાય, એવા અપૂર્વ લાભથી અધિક લાભ શું ? છતાં સાધારણ મનુષ્યોને સમજણ પાડવા માટે શાસ્ત્રકારોએ એક પ્રમાણ બતાવેલ છે કે—

दिवसे दिवसे लख्खं देइ सुवन्नस्स खंडियं एगो ।
एगोपुण सामाइयं करेइ न पहुप्प एतस्स ॥ ३ ॥

અર્થ—દિવસે દિવસે લાખ ખાંડી સુવર્ણનું કોઈ માણસ દાન કરે અને કોઇ એક સામાયિક કરે પણ સામાયિક કરનારની તોલે હમેશાં સુવર્ણનું મોટા પ્રમાણમાં દાન કરનારો આવતો નથી. ॥ ૩ ॥ વળી "પુન્ય કુલક" નામના ગ્રંથમાં કહ્યું છે કે—

बाणवइ कोडीओलख्खा गुणसठ्ठी सहस्स पणविस ।
नव सय पणविसंजुया सतिहाअडभाग पलियस्स ॥ ४ ॥

શુદ્ધ સામાયક કરનારને ૯૨૫૯૨૫૯૨૫$\frac{3}{8}$ આટલા પલ્યોપમ દેવગતિનું આયુષ્ય બાંધવાનું ફળ મળે છે. ॥ ૪ ॥ વળી કહ્યું છે કે—

सामाइयं कुणंतो समभावं सावओअ घडियदुग्गं ।
आउसुरेसु बंधइ इति अमित्ताइ पलियाइं ॥ ५ ॥

અર્થ—બે ઘડી સમભાવથી સામાયિક કરનાર શ્રાવક પલ્યોપમનું દીર્ઘાયુષ દેવનું બાંધે છે. અન્ય તપશ્ચર્યા કરતાં સમતાવાળી સામાયિકને શાસ્ત્રકાર શ્રેષ્ટ કથે છે ॥૫॥ તે માટે જુઓ—

तिवतवंतवमाणो जंन विनिठ्ठवइ जम्मकोडीहिं ।
तं समभाविअ चित्तो खवेइ कम्मं खणद्धेण ॥ ६ ॥

અર્થ—જે કોઈ માણુસ કરોડો જન્મપર્યન્ત તીવ્ર તપને તપતાં પણ જે કર્મો ક્ષીણુ ન કરે, તે કર્મો એક સમતાવાન્ જીવ સામાયિકમાં સમભાવવડે અધ ક્ષણુમાં પ્રક્ષીણુ કરે છે. આ સામાયિકનું ઉત્કૃષ્ટ સ્વરૂપ છે. ॥૬॥ વળી કહ્યું છે કે—

जे केविगया मोख्खं जे वियगच्छंति जे गमिस्संति ।
ते सव्वे सामाइअ पभावेणं मुणेयव्वं ॥ ७ ॥

અર્થ—જે કોઇ મોક્ષે પધાર્યા, પધારે છે, અને પધારશે તે સર્વ સામાયિકના માહાત્મ્ય વડે જ જાણવું ॥૭॥ વળી શાસ્ત્રમાં કહ્યું છે કે—

किंतिव्वेणतवेणं किंचजवेणं किंचरित्तेणं ।
समयाइ विणमुख्खो नहुहुओ कहवि नहुहोइ ॥ ८ ॥

અર્થ—ગમે તેવા તીવ્ર તપ કરે, કે જપ જપે, કે દ્રવ્ય ચારિત્રનું ગ્રહણુ કરે, પરંતુ સમતા (સમભાવ) વિના મોક્ષ કોઇનો થયો નથી, થતો નથી, તેમ થશે પણુ નહિ. આવું સામાયિકનું ઉત્કૃષ્ટ માહાત્મ્ય છે. વસ્તુતઃ સામાયિક એ મોક્ષનું અંગ છે. ॥૮॥

આવું સામાયિક ઉદય આવવું મહા દુર્લભ છે. શાસ્ત્રમાં કહ્યું છે કે—દેવતાઓ પણુ પોતાનાં અંતઃકરણુમાં સમભાવનો લાભ મેળવવા

વાંચ્છે છે, કે એક મુહૂર્ત માત્ર સામાયિક જો ઉદય આવે તો મારૂં દેવપણું સફળ થાય; તે માટે શ્રાવકોએ હમેશાં શુદ્ધ સામાયિક કરવા પ્રયત્ન કરવો.

(૬) લાભ રોકડો કે ઉધારો ?

સામાયિક વ્રતને આદરનારનો મોટો ભાગ એમ સમજે છે કે, સામાયિકનો લાભ આવતા ભવમાંજ મળે છે, માટે એવા લાંબા વાયદાનો વ્યાપાર અમોને પોસાય નહિ. કોણ જાણે પરભવમાં તેનું ફળ મળ્યું કે ન મળ્યું ? જેથી અમારા ધંધાનો રોકડો લાભ છોડીને ઉધારાવાળા ધંધામાં જોડાવું તેમાં અમોને શ્રદ્ધા ચોંટતી નથી, જેથી અમો એ ક્રિયા પ્રેમરહિત લુખા મનથી વ્યવહાર સાચવવા કરીએ છીએ. સામાયિકનાં ઉત્તમ પ્રકારનાં ફળને નહિ સમજનાર ઘણો ભાગ તે ક્રિયાથી દૂર વસે છે, અને તે ક્રિયાનો ખરો અર્થ સમજાવનાર નેતાઓ બેદરકાર છે જેથી સામાયિકનાં સ્વાદિષ્ટ ફળથી માણસો બેનસીબ રહે છે.

સામાયિકમાં રોકડો લાભ દેખાતો નથી, એમ બતાવનારની બીના ઉપરથી જોનારને મુદ્દાસર અને વાજબી લાગે છે; પણ વસ્તુતઃ તે વિચાર ભુલભરેલો છે. તેનું આપણે સ્પષ્ટીકરણ કરીશું, એટલે સહજ સમજાશે. દરેકને સાધન અને વિચારપૂર્વક કરેલા પુરૂષાર્થના પ્રમાણમાં લાભ અવસ્ય મળેજ; લાભ થોડો અથવા મુદ્દલ મળતો નથી કે લાભને બદલે ખોટ મળે છે, તેનું કારણ સાધન કે પુરૂષાર્થની ખામી હોય છે; કાંતો વિચારનો વિપર્યાસ હોય છે. વળી જે વખતે માણસ બીજ જમીનમાં વાવે તેજ વખતે તેનાં ફળ ઊગી નીકળતાં નથી. અલબત્ત, ઉગવાની ક્રિયા શરૂ થાય છે, અને અમુક વખતે જમીન બહાર નીકળેલ

દેખાય છે, અને તેની બરાબર સંભાળ રાખવાથી વસ્તુ અને પુરૂષાર્થ પ્રમાણે લાંબા વખતે ફળ મળે છે. પણ માણસ પોતાના અજ્ઞાનથી કમોદના બદલે તેનાં ફોતરાં વાવે, પછી કમોદની આશા રાખે એ નકામું છે. ઉત્તર ધ્રુવની સમીપ જનાર ઉત્તર તરફ પ્રયાણ કરે તોજ તેના ઢુકડું થવાય એ દેખીતું છે, તેવીજ રીતે ઘણા ખરા શ્રાવકો સામાયિકની ક્રિયાઓ અહર્નિશ કરવા છતાં ફળ દેખી શકતા નથી, તેનું કારણ એ કે જે રીતે ફળની સિદ્ધિ થાય તે રીતે કોઇ વિરલાજ કરતા હોય છે, બાકીનો મોટો ભાગ તો અંધપરંપરાએ ધક્કાગાડી ચલાવે છે, તેમાં ફળ ક્યાંથી થાય? પ્રથમ તો શ્રદ્ધારૂપ પાયોજ ન મળે, પ્રેમ કે મહોબતનો પત્તો પણ નહિ, તેમ તન, મન, વસ્ત્ર, જગ્યાની કે ઉચ્ચારની શુદ્ધિ નહિ, તે સર્વ કરતાં મોટો દોષ એ કે જે હૃદય ક્ષેત્રથી ફળની પ્રાપ્તિ કરવાની છે, તેજ ક્ષેત્ર ઝેરી વાસનાથી વ્યાપ્ત હોય છે, જેથી રોકડો લાભ ન જણાય એ સ્વાભાવિક છે. માટે શાસ્ત્રમાં જણાવ્યા પ્રમાણે વિધિપૂર્વક શુદ્ધ ક્રિયા સમજણ સહિત કરવામાં આવે તો આ જ ભવમાં અવશ્ય અલભ્ય લાભને આપે એ નિઃસંદેહ છે.

સામાયિકનો શબ્દાર્થ.

સામાયિકના ગંભીર આશયવાલા ભિન્ન ભિન્ન અર્થો થાય છે. **समस्य=मध्यस्थस्य आयः=लाभः** એટલે સમસ્થિતિ તે સમભાવ તેનો લાભ જેમાં છે તે, અથવા **मोक्षसाधनं प्रति समानां सदृशानां सामर्थ्यानां सम्यग्ज्ञान दर्शन चारित्राणां आयः=लाभः** એટલે મોક્ષસાધન કરવા પ્રત્યે સમ કહેતાં સરખું છે સામર્થ્ય જેનું એવા સમ્યક્ જ્ઞાન દર્શન ચારિત્રનો આય કેહેતાં લાભ જેમાં છે તે, અથવા **सर्व जीव सह मैत्रीभाव लक्षणस्य आयः** એટલે સર્વ

જીવની સાથે મૈત્રીભાવ કરવો એ જેનું લક્ષણ છે, એ સમભાવનો જે લાભ તે; અર્થાત્ **सावद्ययोग परिहार निरवद्य योगानुष्टानरूपो जीव परिणामः** એટલે સાવદ્યયોગ જે પાપસહિત યોગ તેનો ત્યાગ અને નિરવદ્યયોગનું અનુષ્ઠાન કરવું એરૂપ જીવના જે પરિણામ તે સામાયિક કહીયે.

સામાયિક કેવી સ્થિતિવાળાએ કરવું ?

सवणे नाणे विन्नाणे, पच्चखाणेय संजमे ।

अणन्हय तवेच्चेव, वोदाणे अकिरिया सिद्धि ॥ १ ॥

આ શ્લોકમાં આત્માની સિદ્ધિ કરવાનો ક્રમ બતાવ્યો છે. ભાવાર્થ એ છે કે, આત્મસિદ્ધિની અભિલાષાવાળાએ પહેલું તો ગીતાર્થી, તત્ત્વજ્ઞાની, અને બહુસૂત્રી મહાત્માના વચનામૃતોનું શ્રવણ કરવું; તેથી સદ્જ્ઞાન પ્રગટે છે. વિશેષ અભ્યાસે વિજ્ઞાન થાય. ત્યારપછી ત્યજવાયોગ્ય પદાર્થનો ત્યાગ (પચખાણ) અને સ્વીકારવા યોગ્યનો સ્વીકાર થાય. ત્યજવાયોગ્યનો ત્યાગ કરતાં સંયમ થાય, સંયમથી આવતાં પાપ અટકે, અને પૂર્વનાં પાપો તપશ્ચર્યાથી ખપાવે. જ્યારે પૂર્વનાં કર્મો તપથી ખપી જાય ત્યારે કર્મરહિત અક્રિય થઈ સિદ્ધિપદને પામે છે. એટલા માટે સામાયિક કરનારાઓએ પ્રથમ સદ્ગુરૂ સમીપે શ્રવણ કરીને અગર શાસ્ત્રદ્વારા તેનું સ્વરૂપ વાંચી, સદ્ગુરૂ પાસે ખાત્રી કરાવી તેની યથાતથ્ય વિધિ જાણીને પછી આદરવું. એ વ્રતમાં ઇંદ્રિયોને નિગ્રહમાં રાખવી, તેમ ચૈતન્ય જાગ્રત રાખવાની શક્તિ વ્રત આદરનારની હોવી જોઇયે. વ્રત લીધા પછી પાછળ પોતાનું બાળક કે પોતાનું માણસ વિક્ષેપ કરે તેવું ન જોઇએ. પાછળ કોઈ કાર્યની તાણ મુકી ઉથડક ચિત્તે એ વ્રત આદરવું ન

જોઇએ. સામાયિકમાં જોખમવાળી ચીજ સાથે ન રાખવી અને મન ખેંચાય તેમ કોરે પણ મુકવી ન જોઇયે. જેમકે સોનાનાં બટન, ઘડીયાળ, સુવર્ણ જડેલ લાકડી, ઉમદા છત્રી, બૂટ, કપડાં, વિગેરે મૂલ્યવાન્ ચીજો એવી રીતે ન મુકવી કે વ્રતમાં ચિત્ત વારંવાર તે ચીજમાં ખેંચાય. તેવા પ્રકારની સ્થિતિવાળાએ સામાયિક કરતાં વિવેક શીખવો. સગર્ભાએ (પુર્ણમાસે) તેમ ધાવણા કે કજીઆળા બાળકવાળીયે કે અપવિત્ર થવાનું ખ્યાલમાં હોય તેવી બાઇએ પણ સામાયિક ન આદરવું.

કરજવાળાને સ્વલ્પકાળને વાયદો આપી બારણે બેસાડીને કે ગામમાં કોઇ સાથે કજીયો કરીને કે કોઇનો ગુન્હો કરીને કે કોઇને નુકસાન પહોંચાડી ભાગી આવીને સામાયિક ન આદરવું, કારણકે આવા પ્રસંગે સામાયિક લુંટાય છે, માટે આ બધા પ્રસંગ વર્જી ચિત્તની સમાધિવાળા પ્રસંગે વિવેકી માણસોએ સામાયિક કરવું કે જેથી સઘ ફળ મળે.

સામાયિકનાં નામો.

सामाइयं समइयं सम्मवाओ समास संखेवो ।

आणवज्जंयपरिणा पच्चक्खाणेयते अट्ठा ॥ १० ॥

અર્થ—સામાયિક, સમયિક, સમવાદ, સમાસ, સંક્ષેપ, અનવદ્ય, પરિજ્ઞા, અને પ્રત્યાખ્યાન, એમ આઠ નામ સામાયિકનાં કહ્યાં. તેનો ભાવાર્થ નીચે પ્રમાણે—

(૧) **સામાયિક**—સમપણાનો ભાવ જે સમતા (સમપણું) તેનો લાભ તે.

(૨) **સમયિક**—સ-મયા (દયા) એટલે દયા સહિત તે, સર્વ જીવ પર દયાભાવ રાખવો તે.

(૩) **સમવાદ**—સમતે (યથાવસ્થિત) રાગદ્વેષરહિત મધ્યસ્થપણાથી વચન બોલવું તે.

(૪) **સમાસ**—સ્વલ્પ અક્ષરમાં તત્વને (રહસ્યને) જાણવું તે.

(૫) **સંક્ષેપ**—સ્વલ્પ મંત્રાક્ષરોથી કર્મનો નાશ કરનાર પરમાત્મના પદમાં લીન થવું અર્થાત્ સમાધિસ્વરૂપને સાધવું તે.

(૬) **અનવદ્ય**—અવદ્ય જે પાપ તે રહિત ક્રિયા આદરવી કે જેમાં લેશ માત્ર પાપ આવી ન શકે, એકાંત હિતાવહજ હોય તે.

(૭) **પરિજ્ઞા**—પરિ–એટલે સર્વ પ્રકારે તે ૭ નય, ૪ નિક્ષેપા, ૪ પ્રમાણ, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, નિશ્ચય, વ્યવહાર, વિશેષ, અવિશેષ, એમ અનેક પ્રકારને લક્ષમાં રાખી તત્વને જાણવું તે.

(૮) **પ્રત્યાખ્યાન**—ત્યજવાયોગ્ય વસ્તુઓનો વિચારપૂર્વક ત્યાગ કરવો તે એ પ્રમાણે આઠ નામ સામાયિકનાં શાસ્ત્રમાં વર્ણવેલાં છે.

વળી સામાયિકના અન્ય ચાર પ્રકાર પણ શાસ્ત્રમાં બતાવેલા છે તે નીચે પ્રમાણે—

(૧) શ્રુત સામાયિક—સમસ્થિતિ પ્રાપ્ત કરે તેવા શ્રુત (શાસ્ત્ર)નો અભ્યાસ કરવાનો નિયમ કરીને એકસ્થાને અભ્યાસ કરવો તે.

(૨) સમ્યકત્વ સામાયિક—શુદ્ધ સમકિત જે સમ સ્થિતિ અથવા સતદેવ, સદ્ગુરૂ, સદ્ધર્મ, ને ઓળખી મિથ્યાત્વનો ત્યાગ કરી સત્યનું પાલન કરે તે.

(૩) દેશ વિરતિ સામાયિક—અંતર મુહૂર્તથી માંડીને ઇચ્છા પ્રમાણે પરિમિત કાળ દેશથી સામાયિક જે શ્રાવકો બાંધે છે તે.

(૪) સર્વ વિરતિ સામાયિક—આગાર રહિત સર્વ પ્રકારનું અને જીંદગી પર્યંતનું મહાવ્રત જે સાધુ મુનિરાજ પાળે છે તે.

વળી પણ સામાયિકના બે ભેદ પાડેલા છે. (૧) **ભાવથી સામાયિક** (૨) **દ્રવ્યથી સામાયિક.**

ભાવ સામાયિક.

ભાવ સામાયિક એટલે બાહ્ય દૃષ્ટિનો ત્યાગ કરી આંતર્ દૃષ્ટિ વડે આત્મનિરીક્ષણમાં જોડાવું, વિષમ ભાવનો ત્યાગ કરી સમભાવમાં સ્થિત થવું, પૌદ્ગલિક વસ્તુનું યથાર્થ સ્વરૂપ સમજી તે પરથી મમત્વ મુકી આત્મસ્વરૂપમાં રમવું તે. આવી રીતે સમભાવનું પરિપૂર્ણ પાલન તો તેરમે ગુણ સ્થાનકે વર્તતા કૈવલ્ય જ્ઞાનવાળા જીવનમુક્ત પુરૂષોજ કરી શકે છે. જેને યથાખ્યાત ચારિત્ર હોય છે, અને પરમ શુકલ લેશ્યા હોય છે, પણ તેમનાથી હલકી કોટીના આત્માઓ થોડે અંશે ભાવ સામાયિક કરી શકે છે. ભાવ સામાયિકનું સાધન તે દ્રવ્ય સામાયિક છે. એટલે કદાચ સામાયિકમાં ઉપયોગ સ્થિર ન રહે તોપણ અભ્યાસ ખાતર હમેશાં સામાયિક કરવું ને ક્રમે ક્રમે કાળજીપૂર્વક જેમ શુદ્ધ થાય તેમ પ્રયત્ન કરવો. એ રીતિ પણ પ્રશસ્ત છે. ઘણા પ્રમાદી અને અજ્ઞજનો એમ દલીલ કરે છે કે શુદ્ધ સામાયિક બનતું નથી એટલા માટે અમો સામાયિક કરતા નથી; પણ તેવી વાતો કરનારા જાણતા નથી કે વ્યવહારમાંથી નિશ્ચયમાં અવાય છે. દ્રવ્ય છે તે ભાવનું કારણ છે. અશુદ્ધ કરનાર કોઈ દિવસે પણ શુદ્ધ કરવા ભાગ્યશાળી થશે, પણ મુદ્દલ નહિ કરનારા તો એમજ રહી જવાના છે.

દ્રવ્ય સામાયિક.

દ્રવ્ય સામાયિક એટલે સામાયિકમાં બતાવ્યા પ્રમાણે દરેક યથાતથ્ય વિધિનું પાલન કરવું. શાસ્રોક્ત જગ્યાની શુદ્ધિ કે જ્યાં અશુચિ અપવિત્રતા ન હોય તેમ કલબલાટ જ્યાં ન થતો હોય અને મનને વિક્ષોભ થવાનું કારણુજ ન મળે એવા પવિત્ર વાતાવરણવાળી જગ્યા પસંદ કરવી. તેવીજ રીતે શરીરની ને વસ્રની પણ શુદ્ધિ વિવેકપૂર્વક રાખવી. સામાયિકમાં શરીરને આભૂષણોથી અલંકૃત બનાવવાની જરૂર નથી, તેમ બહુમૂલ્યવાન્ વસ્રોની પણ જરૂર નથી. માત્ર સ્વચ્છ અને પ્રશાંત–નિગ્રહિત્ ઇંદ્રિયોવાળા અમૃતમય દ્રષ્ટિવાળા અને અચપળ યોગ વાળા શરીર ઉપર સાદાં અને સ્વચ્છ અખંડ (થીગડાં વિનાનાં) રંગ વિનાનાં (શ્વેત) એક પહેરવાનું અને એક ઓઢવાનું એમ બે વસ્રો રાખવાની જરૂર છે.

ઉપકરણમાં—બની શકે તો ઊનનું એક પથરણું મુહપત્તિ અને ગુચ્છો, અને માળા, તથા કોઇ સામાયિકને મદદરૂપ પુસ્તક. એ સર્વ શુદ્ધ પવિત્ર ચિત્તને અપ્રસન્નતા ઉત્પન્ન ન કરે તેવાં રાખવાં. આ પ્રમાણે દરેક વિધિપૂર્વક સામાયિક આદર્યા પછી તેમાં જો ઉપયોગ ન રહે તો ઉપયોગ વિનાનું દ્રવ્ય સામાયિક સમજવું અને અન્યમાં ઉપયોગ ન જતાં વ્રતમાંજ ઉપયોગ (અધ્યવસાય) રહે તો ભાવ સામાયિક સમજવું.

નોટ—પ્રાચીન કાળમાં સામાયિકની ક્રિયા દરેક શ્રાવક શ્રાવિકાઓ પોતપોતાના ઘેર પૌષધશાળામાંજ કરતા હતા; એટલે ઉપાશ્રયોની જરૂરીયાત ન હતી, પરંતુ કાળે કરી જમાનો બદલાવાથી વર્તમાનમાં એવી સગવડ દરેકને પોતાને ઘેર ભાગ્યેજ હોય છે, અને એવાં કાર-

ણુથી શ્રાવકોના જથ્થાવાળાં ગામોમાં ઊપાશ્રયોની સગવડો હોય છે, જેથી કરી જેને પોતાના ઘરમાં યથોચિત સગવડ ન હોય તેઓને ઊપાશ્રય એ ઉત્તમ સ્થળ છે. પુરૂષોને જેમ બે શ્વેત વસ્ત્રોજ રખાય છે તેમ સ્ત્રીયોને પણ ન સમજવું. વસ્ત્રની બાબત વ્યાવહારિક છે જેથી જે દેશમાં સ્ત્રીઓનાં કપડાંનો જેવો ચાલ હોય તેવાં માત્ર અંગ મર્યાદા માટે પહેરવા ઓઢવાની જરૂર છે, શોભા નિમિત્તે નહિ. તેવીજ રીતે અલંકાર પણ ન નીકળે તેવાજ રાખવા, બાકી શણગાર સજવા તરીકે રાખવા નહિ. મુહપત્તિ ગંદી ખરાબ દેખાય તેવી રાખવી નહીં, કપડાં પોતાની સ્થિતિના પ્રમાણમાં પહેરવાં પણ બિભત્સ જણાય તેવાં ઝીણાં કે ફાટેલાં કે ગંદાં (અપવિત્ર) રાખવાં નહિ. આ દરેક બાબત જરૂરની એટલા માટે છે કે દરેક ક્રિયા વિધિપૂર્વક કરવાથી તેનું ફળ વધારે સારૂં મળે છે. ઔષધ ત્યારેજ ફળદાયક થાય છે કે જ્યારે તેનાં અનુપાન સહિત ખવાય અને પરહેજી પળાય. એવીજ રીતે ધર્મની સર્વ ક્રિયાના સંબંધમાં સમજી લેવું. એથીજ કરીને આપણા પરમોપકારી આચાર્યોએ દરેક ક્રિયાઓ વિધિસહિત બતાવી છે.

સામાયિકનાં લક્ષણો.

समता सर्वभूतेषु संयमः शुभभावना ॥
आर्त्तरौद्रपरित्यागस्तद्धि सामायिकं व्रतं ॥ ११ ॥

અર્થ—સર્વ જીવોપર સમભાવ રાખવો, સંયમ એટલે પાંચે ઈંદ્રિયના વિષય વિકારને સમ્યક પ્રકારે યમ એટલે નિયમમાં રાખી વશ કરવા, તથા અંતરમાં ઉત્તમ પ્રકારની ભાવના રાખવી અને આર્ત્ત તથા રૌદ્ર એ બંને અશુભ ધ્યાનનો ત્યાગ કરી ધર્મ અને શુકલ ધ્યાન ને ધ્યાવવું એ ચાર લક્ષણો હોય તેને સામાયિક વ્રત કહેવાય છે. ૧૧

લક્ષ્ય તે લક્ષણ વિના યથાર્થ સમજી શકાય નહિ; માટે લક્ષ્યને સમજવા માટે તેનાં લક્ષણોને વિવેચનપૂર્વક વિચારવાં, સમજવાં, ધારવાં, એ વધારે જરૂરનાં છે.

લક્ષણનું વધારે સ્પષ્ટીકરણ.

સામાયિકનું પ્રથમ લક્ષણ જે સમતા, એનું યથાર્થ સ્વરૂપ કથી શકાય તેમ નથી. આંબાનો રસ, દુધપાક કે સાકરનો સ્વાદ કેવો અને કેના જેવો એ મુખેથી યથાર્થ કહી શકાતું નથી, પણ ચાખ્યાથીજ સમજાય છે. સમતા એટલે મનની સ્થિતિસ્થાપકતા, રાગદ્વેષમાં નહિ પડી જવું તે સમભાવ, એકીભાવ, સુખદુઃખના સમયમાં મનને સમ સ્થિતિમાં રાખવું તે.

સમ[illegible] ા એ આત્મસ્વભાવ છે, અને વિષમ સ્થિાત એ કર્મનો સ્વભાવ છે. હવે આત્માને કર્મને લઇને વિષમ ભાવ તરફ જવાનો અભ્યાસ મટાડી સ્વસ્વભાવનો પરિચિત કરવો એ સામાયિકનું પ્રથમ લક્ષણ છે. સામાયિકની ક્રિયાને આદરનાર સમતાદિ લક્ષણોથી દૂર હોય ત્યાંસુધી માત્ર દ્રવ્ય સામાયિકનું ફળ નહિ જેવુંજ મળેછે. કહ્યું છે કેઃ–

जो समो सव्वभूएसु तसेसुथावरेसुय ॥
तस्स सामाइयं होइ इमं केवलि भासियं ॥१२॥

અર્થ—ત્રસ અને સ્થાવર એ સર્વ જીવોપર જે સમભાવ રાખવો તે શુદ્ધ સામાયિક છે, એમ કેવળી ભગવાને કહેલું છે. ॥૧૨॥

સમભાવ એ મનની સ્થિતિસ્થાપકતા, એકાગ્રતા, કે સ્થિરતા છે. એ રહેવા માટે દરેક ઉન્નતિ અવનતિનાં સાધનરૂપ મન વચન કાયાના યોગની વિશુદ્ધિ અવશ્ય હોવી જોઇયે. ત્રણે યોગની શુદ્ધિપૂર્વક સામા-

યિકમાં પ્રવેશ કરાય તો સમતા સ્થિત થાય છે. ત્રણ યોગમાં મન એ મુખ્ય છે. શાસ્ત્રમાં અનેક સ્થળે એને મુખ્ય ગણેલ છે. મનગુપ્તિ, વચનગુપ્તિ, કાયગુપ્તિ; મનયોગ, વચનયોગ, કાયયોગ; માનસિક, વાચિક, કાયિક આવો ક્રમ શાસ્ત્રકારે રાખેલો છે. તેપર વિચાર કરતાં એમ સમજાય છે કે પ્રથમ મનઃશુદ્ધિ, પછીજ વચન શુદ્ધિ અને કાયશુદ્ધિ થઈ શકે છે. અનુક્રમ ફેરવી વ્યતિક્રમ કરતાં તેનો લાભ વ્યતિક્રમે છે માટે પ્રથમ મનઃશુદ્ધિ કરવી જોઇએ.

મનઃશુદ્ધિ.

પવિત્ર ક્રિયારૂપ કયારામાં જ્ઞાનરૂપી જળનાં સિંચનથી ઉત્પન્ન થતાં સમભાવરૂપી કલ્પવૃક્ષને શુદ્ધ ભૂમિકાની જરૂર હોય છે, અને તે ભૂમિકા મન છે. અશુદ્ધ અને ચંચળ મન પૌદ્ગલિક વિલાસ તરફ પ્રેરાઇ કર્મના બંધ પાડે છે, અને તેથીજ મનને બંધ યા મોક્ષનું કારણ કહેલ છે. તેટલા માટે પ્રથમ માનસિક ચંચળતાને નાબુદ કરવા પ્રયત્ન કરવો જોઇયે. મનની સ્થિરતા થયે આત્મિક આનંદનો અનુભવ થાય છે અને જ્યારે આપણીજ પાસે રહેલ આત્મિક સદ્ગુણરૂપ સૂર્ય પ્રગટે છે, ત્યારે રાગ, દ્વેષ, ભય, શોક, મોહ, માયા, આદિ અંધકાર આપોઆપ દૂર થાય છે, અને રાગાદિ મનોવિકાર શાંત પડવાથી માનસિક ભૂમિકા શુદ્ધ થાય છે.

કલ્પના કરવાની, તર્કો રચવાની, અનુમાન, નિર્ણય, લાગણી, અને ધારણા જેવી અનેક શક્તિઓ મનમાં રહેલી છે, તે દરેક શક્તિનો ગેરઉપયોગ કરવાથી આત્મા હણાય છે, ને દુર્ગતિમાં આથડે છે; પણ તે શક્તિનો સદુપયોગ થાય તો આત્માનો ઉદ્ધાર થાય છે, કારણ-કે પાંચ ઇંદ્રિયો અને શરીરના તમામ વિભાગપર મનની સત્તા

અને માલીકી છે. મનની શક્તિને વધારે વિસ્તારથી સમજાવવાના હેતુથી અન્ય શાસ્ત્રકારોએ એજ મનને સૂક્ષ્મ મન, સ્થૂલ મન, અપ્રકટ મન, પ્રકટ મન, બાહ્ય મન, આભ્યંતર મન, વિગેરે નામો કલ્પી તથા તેનાથી થતાં કાર્યો તેની શક્તિ અને તેને નિગ્રહ કરવાથી થતા ફાયદાઓને બતાવેલ છે. મનની મુખ્ય ઓફીસ તો મગજના ચોક્કસ ભાગમાંજ છે, પણ તે ઓફીસ નીચે કામ કરનારી આખા શરીરમાં નાની અનેક ઓફીસો છે, અને તેમની સત્તા શરીરના અણુએ અણુપર છે, એમ ગણીયે તો ખોટું નથી. જ્ઞાન ઇંદ્રિયો કે કર્મ ઇંદ્રિયો કે તેના કોઇ પણ વિભાગો મુખ્ય ઓફીસની રજા શિવાય પરબાર્યું કામ કરી શકતા નથી. એથી કરીને મનનો નિગ્રહ કર્યો એટલે આખા શારીરિક યંત્રનો નિગ્રહ કર્યો સમજવો, તેથી કરીને નાડીદ્વારા પ્રવેશ કરતાં પાંચ તત્ત્વો પણ કાયદાસર કામ કરે છે; અને ક્રમે ક્રમે શરીરમાં રહેલા અને અંદર પ્રવેશ કરતાં તત્ત્વોનું સમતોલનપણું કરીને સમાધિ અવસ્થાને સ્વલ્પ પ્રયાસે પ્રાપ્ત કરી શકાય છે.

સૂર્યનાં હજારો કિરણો જુદાં જુદાં પૃથ્વીપર પડવાથી ઉષ્ણતા સામાન્ય વરતાય છે, પણ તેમાંનાં થોડાં કિરણો આગીયા કાચદ્વારા એકઠાં કરી કોઈ પદાર્થપર તે એકઠાં થયેલાં કિરણની ડાળ રાખીએ તો તે પદાર્થ બળી જાય છે.

તેવી રીતે મનરૂપ અથાગ શક્તિમાન્ સૂર્યને અનેક કાર્ય જંજાળ વ્યવસાયરૂપ પ્રદેશપર હજારો કિરણરૂપ વિચારોદ્વારા વિખેરી નાંખીએ તો તે મનની શક્તિ સામાન્ય જણાય છે, પણ જો કોઈ યોગરૂપ યંત્રવડે મનના હરેક વ્યાપારને રોકી વિચારરૂપ કિરણોને

એકઠાં કરી ગમે તે એક પદાર્થપર રોકવામાં આવે તો તેનામાં અપાર શક્તિ પ્રતીત થશે.

થંભણી, આકાશગામિની, મારણી, મોહિની, ઉચ્ચાટિની, વશીકરણી, રોગનાશિની, અદ્રશ્યની, એવી અનેક સિદ્ધિઓ ને ચમત્કારો મનના નિગ્રહ કરવાથી થાય છે. વર્તમાનકાળમાં હિપ્નોટીઝમ અને મેસ્મેરીઝમના પ્રયોગોથી દર્દો મટાડે છે, પરોક્ષની વાતો જાણે છે, અને સામા માણુસપર પોતાનો અમલ પરતંત્ર કરી ચલાવે છે. એ સર્વ મનોનિગ્રહનાજ દાખલાઓ છે.

સામાયિકનો ઉદ્દેશ મનનો નિગ્રહ કરી કોઇ સિદ્ધિઓ કે ચમત્કાર તરફ ન વળતાં તે માનસિક બળ આત્મિક દોષો ટાળવામાં અને આત્મિક સુખ પ્રાપ્ત કરવામાં અને પરમાત્મા સાથે જોડાવામાંજ સમાયેલ છે. માટે મનને સાધવાની ક્રિયા જે સામાયિક તેમાં પ્રવેશ કરવા પહેલાં મનને શાસ્ત્રોક્ત વિચારથી શુદ્ધ કરવું.

"ઉપદેશ પ્રસાદ" નામના ગ્રન્થમાં કહેલું છે કેઃ—

मनःशुद्धिमबिभ्राणा ये तपस्यन्ति मुक्तये ॥

हित्वानावं भुजाभ्यां ते, तितीर्षंति महार्णवं ॥ १३ ॥

तदवश्यं मनःशुद्धिः कर्तव्या सिद्धिमिच्छता ॥

स्वल्पारंभेऽपिशुद्धेन, मनसा मोक्षमाप्नुते ॥ १४ ॥

અર્થ—મનને શુદ્ધ કર્યા સિવાય જે પ્રાણી મુક્તિ મેળવવા માટે તપશ્ચર્યા આદરે છે તે મનઃશુદ્ધિરૂપ વહાણુને ત્યજીને પોતાની બે ભુજાવડેજ મહાન્ સમુદ્ર તરવાની ઇચ્છા રાખે છે, તે અયોગ્ય છે. ॥ ૧૩ ॥

માટે મોક્ષાભિલાષી જનોએ પ્રથમ મનઃશુદ્ધિ અવશ્ય કરવી યોગ્ય છે, જો કે શરીરથી થોડો આરંભ (પાપકાર્ય) કરતો હોય તો પણુ મનઃશુદ્ધિથી માણુસ મોક્ષ મેળવે છે. ॥ ૧૪ ॥

વચન અને કાયા એ મનના કબજામાં છે, એટલે મન શુદ્ધ થઇ સ્થિર અને શાન્ત થયું તો વચન અને કાયા પણ સ્વલ્પ પ્રયાસે શુદ્ધ થાય છે.

વચનશુદ્ધિ.

મન એ ગુપ્ત સ્થાનમાં અને પરોક્ષ છે, તેથી તેની ઓળખાણ ઇંદ્રિયોદ્વારા તથા વચન અને શારીરિક વ્યાપારદ્વારાજ થઈ શકે છે.

સામાયિકમાં જેમ મનને શુદ્ધ કરવું જોઇએ તેમ સામાયિકના કાળ સુધી બની શકે તો વચનને ગુપ્ત રાખવું ઘટે છે, અને તેમ ન બને તો વચન સમિતિ રાખી બોલવા અગાઉ સર્વ સંબંધનો, પોતાની સ્થિતિનો, વિચાર અને તુલના કરી નિરવદ્ય વચન બોલવું. કોઈ પણ જાતના સાંસારિક કાર્યમાં આદેશ કે ઉપદેશ સીધી અથવા આડકતરી રીતે ન થાય એ ખાસ લક્ષમાં રાખવું. તે ઉપરાંત જે વચન બોલવું પડે તે તથ્ય, પથ્ય, પ્રિય, મધુર, કોમળ અને હિતાવહજ હોવું જોઈએ. માયાવાળું, કપટયુક્ત, કે સત્યાસત્યથી મીશ્ર અગર ખુશામતીથી અધિક ઓછું કે વિપરીત પણ ન બોલવું. કાંતો મૌન રહેવું, નહિતો વિવેક સહિત સત્ય પ્રિય બોલવું. કર્કશ, કઠોર, પરના લાભમાં હાનિ કરનારૂં સાવદ્ય વચન ન બોલવું; બોલવું તે પણ જરૂર જેટલુંજ બોલવું. વળી પોતાના વચનથી ભવિષ્યમાં પણ કોઇને હાનિ ન થાય એ ધ્યાનમાં રાખવું.

શરીરશુદ્ધિ.

શરીર અને તેમાં યોગ્ય સ્થાને ગોઠવાયેલી ઇંદ્રિયોદ્વારા એજ વિચારને ક્રિયામાં (આચારમાં) મુકી શકાય છે. શાસ્ત્રોમાં આચારશુદ્ધિ માટે ભાર મુકી ભલામણ કરેલી છે, કારણકે બાહ્યા-

ચારથી પોતાને અંતર શુદ્ધિનું સ્મરણ રહે છે, અને અન્ય માણુસને પણ આ વ્રતવાન્ છે એમ જાણવાનો પ્રસંગ મળે છે. શરીરની શુદ્ધિ સાથે વસ્ત્રોની, ઉપકરણોની અને સ્થાનની શુદ્ધિને નિકટ સંબંધ સમજી તે દરેક પદાર્થો પવિત્ર એટલે શુદ્ધ હોવાં જોઇયે. ગૃહસ્થી મનુષ્યોને બાહ્યશુદ્ધિ ઉપર આંતરિક શુદ્ધિનો આધાર છે, તે વાત લક્ષમાં રાખી શાસ્ત્રમાં જે જે ક્રિયાઓ કહી છે તે યથાવિધિ આચારમાં મુકવી.

મનના દોષો.

अविवेक जस्स किती, लाभथ्थी गव्वभयि नियाणथ्थी ॥

संसय रोस अविणउ, अबहुमाणएदोसा भाणियवा ॥ १५ ॥

અર્થ—અવિવેકદોષ ૧, યશોવાંચ્છાદોષ ૨, લાભવાંચ્છાદોષ ૩, ગર્વદોષ ૪, ભયદોષ ૫, નિદાનદોષ ૬, સંશયદોષ ૭, રોષ અથવા કષાયદોષ ૮, અવિનયદોષ ૯, અબહુમાન દોષ ૧૦. એ દશ મનના દોષ વર્જવા. ॥ ૧૫ ॥

એ દશ દોષના વિવેચનનો—

મનહર છંદ.

સામાયિક કરવાથી ફળ શું? ને કોણુ તર્યું?
એમ ધારો તેહ અવિવેકદોષ જાણુવો;
સામાયિક જો કરૂં તો માણુસો વખાણે મને,
એહ યશોવાંચ્છાદોષ અંતર ન આણુવો;
ધનની ઇચ્છાથી કરે તેહ ધનવાંચ્છાદોષ,
ગર્વ ધરી કરે દોષ ગરવ પીછાણુવો;
નિંદાના ભયથી કરે તેહ ભયદોષ જાણો,
પુત્રાદિક વાંચ્છે તે નિદાનદોષ જાણુવો. ૧

ફળનો સંદેહ તેહ શંકાદોષ સમજવો,
ક્રોધ માન માયા લોભે રોષદોષ જાણીયે;
ધર્મ તણા મૂળરૂપ વિનય વિસારવાથી,
અવિનયદોષ એને અંતર ન આણીયે;
હૃદયના રંગ વિના પ્રેમભક્તિભાવ વિના,
અબહુમાનનો દોષ પ્રગટ પ્રમાણીયે;
દશ દોષ મન તણા મનમાંથી કાઢી નાંખી,
શુદ્ધ સામાયિક કરી મહાનંદ માણીયે. ૨

વચનના દશ દોષ.

कुवयण सहसाकारे, सछंद संखेव कलहं च ॥
विगहं विहासोसुद्धं, निरपेखो मुणमुणदोसादस ॥ १६ ॥

અર્થ—કુવચનદોષ, સહસાત્કારદોષ, સ્વચ્છંદદોષ, સંક્ષેપદોષ, (યથાર્થ ન બોલતાં ટુંકા બોલે) કલહદોષ, વિકથાદોષ, હાસ્યદોષ, અશુદ્ધદોષ, નિરપેક્ષાદોષ, મુણમુણદોષ (ગડબડગોટા વાળે) એ દશ દોષ વચનના વર્જવા.

કાયાના બાર દોષ.

દોહરા.

અયોગ્ય બેસે આસને, ઓઠીંગણ દે અંગ;
ડગમગતું આસન કરે, તજે ન પાપ પ્રસંગ. ૧
જ્યાં ત્યાં દૃષ્ટિ ફેરવે, અંગ ઉતારે મેલ,
આળસને અધિકી ધરી, કરે ગમતને ગેલ. ૨
અંગ વસ્ત્ર હરફર કરે, ટચાક અંગુલી જેહ;
નિંદ્રા ગળહથ્થો દીએ, ત્યજવા દોષો તેહ. ૩

ઉપરોક્ત દશ મનના, દશ વચનના, અને બાર કાયાના, એમ બત્રીશ દોષનો ત્યાગ કરી સામાયિક વ્રત કરવું. તેના પાંચ અતિચાર ટાળવા.

પાંચ અતિચાર.

સામાયિક નામના પ્રથમ શિક્ષાવ્રતના પાંચ અતિચાર છે. અતિચાર એ જાણવાયોગ્ય છે, પણ આદરવાયોગ્ય નથી. અતિચારથી વ્રતનો દેશથી (અલ્પ) ભંગ થાય છે, પણ સર્વાંશે ભંગ થતો નથી. જેમ વાવેલ ધાન્યના ફળની પ્રતિકૂળ પવનથી જેવી જોઇએ તેવી સિદ્ધિ ન થતાં ઓછી થાય છે, તેમ આ વ્રતમાં અતિચાર રૂપ દુઃપવનથી યથાર્થ ફળ મળતું નથી. તે પાંચનાં નામઃ–૧ મનોદુઃપ્રણિધાન, ૨ વચન દુઃપ્રણિધાન, ૩ કાયદુઃપ્રણિધાન: એટલે મન, વચન, કાયાને દુષ્ટ રીતે પ્રવર્તાવવા તે. ૪ અનાદર (અકરણ) એટલે પ્રમાદવશાત્ જેમ તેમ કરવું અથવા આરંભેલું વ્રત પૂર્ણ થવા પહેલાં સમાપ્ત કરવું તે. ૫ સ્મૃત્યનુસ્થાપન (અનવ્યવસ્થિત) એટલે સામાયિક કર્યું છે એ સ્મૃતિનો નાશ થવો અથવા વ્યવસ્થારહિત કરવું તે પાંચે અતિચારને બનતા પ્રયત્ને ત્યજવા સાવધાન રહેવું.

સંયમ.

હવે બીજું લક્ષણ સંયમ–'સં' એટલે સમ્યક્ પ્રકારે 'યમ' એટલે નિયમ. પાંચ ઇંદ્રિયોના ત્રેવીશ વિષયો અને તેના બસેં ને બાવન વિકારોને નિયમમાં રાખી આત્મસ્વભાવ તરફ ગતિ કરવી તે સંયમ સામાયિકનું અંગ છે.

શુભ ભાવના.

ત્રીજું લક્ષણ શુભ ભાવના, તેના ચાર પ્રકાર છે:–મૈત્રી ભાવના, કરૂણા ભાવના, પ્રમોદ ભાવના, માધ્યસ્થ ભાવના. આ ઉપર હરિભદ્રસૂરિજી કહે છે કે:—

આર્યા.

परहितचिंता मैत्री, परदुःखविनाशिनी तथा करुणा ॥
परसुखतुष्टिर्मुदिता, परदोषोपेक्षणमुपेक्षा ॥ १७ ॥

ભાવાર્થ—બીજા પ્રાણીઓના હિતને ચિંતવવું, કરવું અથવા કરવાની બુદ્ધિ રાખવી. **आत्मवत्सर्व भूतेषु** પોતાના આત્મા પ્રમાણે સર્વ પ્રાણીઓને જાણી મિત્રતા રાખવી અને ભાવના એવી ભાવવી કે કોઇ પ્રાણી પાપ ન કરો અને જગતના દરેક પ્રાણીઓ દુઃખથી મુકાઓ. જેવું પોતાના અંગત પ્રિય મિત્રનું શુભ ઇચ્છીએ, તેવું જ આખા જગતનાં જીવોનું શુભ ઇચ્છવું, એ **મૈત્રી ભાવના.** શારીરિક અને આધ્યાત્મિક વ્યાધિથી પીડાતાં પ્રાણીઓને શારીરિક માનસિક વ્યાધિથી મુકાવવા, દુઃખોથી બચાવવાં અને શાન્તિ આપવા માટે તે પીડાતાં પ્રાણીઓપર કરૂણા ભાવવી અને તેમની શાન્તિ માટે ઉપાયો શોધવા અને તેમાં આત્મભોગ આપી પોતાને કૃતાર્થ માનવું તે **કરૂણા ભાવના.**

અન્ય પ્રાણીઓનું સુખ કે સારૂં જોઇને પ્રમોદ એટલે અત્યંત આનંદ પામવો, ને આપણને કદાચ તેના જેવું સુખ ન હોય ને તેના સુખની ઇચ્છા હોય તો પ્રાપ્ત કરવા હરીફાઇમાં ઉતરવું કે સ્પર્ધા કરવી એ જુદી વાત છે; પણ પરનું સુખ દેખી આપણે ઈર્ષા તો ન જ કરવી.

અમુક માણસ થોડા કે ઘણા પ્રયત્ને કોઇ હુન્નર, કળા, વિદ્યા, લક્ષ્મી, સિદ્ધિ, કે ગમે તે વસ્તુ પ્રાપ્ત કરી સુખ ભોગવતો નીરખીને તેનામાં કોઈ પણ પ્રકારના ગુણ તરફ દષ્ટિ કરી પ્રમુદિત થવું. ગુણનો પક્ષપાત કરવો એટલે બહુ માન કરવું. દોષ તરફ નજર ન કરવી, કારણકે **યાદૃશી ભાવના તાદૃશી સિદ્ધિઃ** જેવી દષ્ટિ તેવું ફળ, જેવી ભાવના તેવો લાભ–પરંપરા સમજવી. દોષોને જોનાર પોતાના ભેજાંઓમાં દોષના પરમાણુઓ ભરી આખર પોતે દોષરૂપ બને છે, અને સદ્‌ગુણ તરફ જોનાર ગુણગ્રાહક પોતાના ભેજામાં પવિત્ર ગુણના પરમાણુંઓ ભરી આખર ગુણમય બને છે. આ વાક્ય અનુભવીઓના છે. દરેક છદ્મસ્થમાં ગુણ અને દોષ બંને હોય છે, માટે હમેશાં ગુણગ્રાહક બુદ્ધિ રાખવી અને પૂર્વે થએલા ઉત્તમ પુરૂષોના ઉત્તમ ગુણોનું ચિંતવન કરવું, જેમકે તીર્થંકર માહારાજનો મૈત્રીભાવ, ગજસુકુમાર, મહાબળમુનિ, સુકોશળમુનિ જેવાની ક્ષમા, ધર્મરૂચી અણગારની દયા, વિજય શેઠ ને વિજયા શેઠાણીનું બ્રહ્મચર્ય, ખંધક સંન્યાસીના પાંચસો શિષ્યોની મજબુત ટેક, એમ ઉત્તમ પુરૂષોનાં ચરિત્રો વિચારી ઉત્તમતાના ગ્રાહક બનવું અને તે ગુણોથી પ્રમુદિત બનવું તે **પ્રમોદ ભાવના** ગણાય છે. અન્ય પ્રાણીઓના દોષોની ઉપેક્ષા એટલે અનાદર કરવો. તે પ્રત્યે ઉદાસીન ભાવ રાખવો. દુનીયામાં ઘણાં પ્રાણીઓ મહા પાપી, ક્રૂર, નિંદક, વિશ્વાસઘાતી, અસત્યપ્રિય, નિર્દય, વ્યભિચારી એવા અનેક દોષથી ભરેલા હોય છે. એ પ્રાણીઓ પોતાના અધમ કાર્યથી અભ્યંતર તો મરી રહેલાજ છે તે પર આક્ષેપ કે ગાળોનો વરસાદ ન વરસાવતાં તે પર દયા લાવી તેમને સુધારવા પ્રયત્ન કરવો, એમ સમજીને કે, મારો આત્મા સાચા સુખની શોધ

કરીને તે મેળવવા બનતો પ્રયત્ન કરે છે, તેમ પાપી અને અધર્મીઓ પણ સુખાભિલાષી છે; પણ એને કુસંગના પ્રતાપે કુમાર્ગ મળ્યો છે તેથી તે સુમાર્ગે ન જતાં કુમાર્ગેજ તેનું મન આથડે છે, અને તે અજ્ઞાનથી કુમાર્ગને જ સુમાર્ગ ધારી અધર્મમાં મચ્યા રહે છે. તે સ્વતંત્ર નથી પણ કેફથી ચકચૂર છે, તો પ્રચુર કેફથી બેભાનના ઉપર જેમ કેફ વિનાનો કે થોડા કેફવાળો તેની ગાંડાઈપર નિર્દય ન બનતાં તેના પર દયાવાળો હોય છે, તેવી જ રીતે હમેશાં સુજ્ઞ પુરૂષોએ અવિદ્યાના અરણ્યમાં ઉંઘી ગયેલા અધર્મીઓ ક્યારે સત્યને સમજે અને ધર્મરૂપ સત્ય પંથ તરફ ક્યારે વળે એવુંજ ભાવે છે. તે **માધ્યસ્થભાવના** ગણાય છે. આ ચાર મુખ્ય ભાવના છે, અને તે સિવાય બાર ભાવના પણ છે. તેનાં નામ:–અનિત્યભાવના ૧, અશરણભાવના ૨, સંસારભાવના ૩, એકત્વભાવના ૪, અન્યત્વભાવના ૫, અશુચિભાવના ૬, આશ્રવભાવના ૭, સંવરભાવના ૮, નિર્જરાભાવના ૯, લોકભાવના ૧૦, બોધભાવના ૧૧, ધર્મભાવના ૧૨; એ બાર ભાવના પણ ભાવવા જેવી ઉત્તમ છે, તેનો વિસ્તાર કરવાનું આ સ્થળ નથી માટે ભાવનાનાંજ અન્ય ખાસ પુસ્તકો ભાવનાબોધ, ભાવનાસંગ્રહ જેવાં છે, તેમાંથી સમજવું.

ધ્યાન.

સામાયિકનું ચોથું લક્ષણ–પ્રશસ્ત ધ્યાનનું ધ્યાવું અને અપ્રશસ્તનો ત્યાગ. તે પ્રશસ્ત ધ્યાન એ હૃદયશુદ્ધિના માટે ચોકસ ઇલાજ છે, તે વિષે ઠાણાંગ સૂત્ર તથા સમવાયંગમાં અધિકાર છે કે:—

સેકિંતં ઝાણે–ઝાણે ચઉવિહેપન્નત્તે તંજહા–અટ્ટેઝાણે, રુદ્દેઝાણે, ધમ્મેઝાણે, સુક્કેઝાણે ॥

અર્થ—હે પ્રભુ ! ધ્યાન કેટલા પ્રકારનાં ? ધ્યાન ચાર પ્રકારનાં: આર્તધ્યાન, રૌદ્રધ્યાન, ધર્મધ્યાન, અને શુક્લધ્યાન. આ ચાર ધ્યાનમાં પ્રથમનાં બે અપ્રશસ્ત છે, ને બાકીના બે પ્રશસ્ત છે.

જીવને અનાદિકાળથી અપ્રશસ્ત ધ્યાન ધરવાનો સ્વભાવ પડયો છે. તેને છોડાવી પ્રશસ્ત ધ્યાનમાં આત્માને જોડવો, એ સામાયિકનું ચોથું લક્ષણ છે.

આર્તધ્યાન.

ઋત એટલે પીડા—દુઃખ, તે ઉત્પન્ન થતાં જે ધ્યાન થાય તેનું નામ આર્તધ્યાન છે. સંપત્તિ લુંટાએલા અને કંગાળ થયેલાની તુલ્ય તેની સ્થિતિ હોય છે. તે ધ્યાન ચાર પ્રકારે ઉત્પન્ન થાય છે. ઇષ્ટના વિયોગે અને અનિષ્ટના સંયોગે, રોગ થકી, અને અપ્રાપ્ત વસ્તુને પ્રાપ્ત કરવાની ઇચ્છાથી; આ ચાર પ્રકારે માઠું ધ્યાન થાય છે તેનું નામ આર્તધ્યાન.

આ ધ્યાન ધરતાં પહેલાં મન શાંતિ મળશે એવી આશાવાળું હોય છે, અંતે તો શાંતિના બદલે અશાંતિરૂપ પરિણામ આવે છે. આ ધ્યાનમાં, કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા, કાપોતલેશ્યા એવી અશુભ લેશ્યાઓનો ઉદ્ભવ હોય છે.

આ ધ્યાનનાં ચિન્હોમાં આક્રંદ, શોચ, વલવલાટ, ભય, પ્રમાદ, ક્લેશ, વિષયાભિલાષા, થાક, જડતા, મોહ, નિદ્રા, ચિત્તની વિહ્વળતા, વિગેરે વિગેરે જણાય છે. આ ધ્યાનનું ફળ અનંત દુઃખોથી વ્યાપ્ત અને પરાધીનતાવાળી તિર્યંચ ગતિ છે.

રૌદ્રધ્યાન.

રૌદ્ર એટલે ક્રૂર ભયંકર આશયથી ઉત્પન્ન થનારૂં ધ્યાન તે રૌદ્ર-

ધ્યાન. આ ધ્યાનના ચાર પ્રકાર છે. હિંસાનંદ, મૃષાનંદ, ચૌર્યાનંદ, વિષય પરિગ્રહ સંરક્ષણાનંદ, એ ચાર. આ ધ્યાન આર્તધ્યાનથી બહુ માઠું છે. આ ધ્યાનવાળો પોતાને અને પરને બન્નેને હમેશાં નુકસાન કરનાર હોય છે. ધર્મસ્વરૂપ એનાથી હજારો માઇલ દૂર હોય છે. આ ધ્યાનમાં આંતર્ ચિન્હો ક્રૂરતા, દુષ્ટતા, નિર્દયતા, શઠતા, કઠોરતા, અભિમાન, નીચતા, નિર્લજતા તથા બાહ્ય ચિન્હમાં મુખ વિકરાળ, આંખો લાલ, ભૃકુટી વાંકી, આકૃતિ ભયાનક, અને કંપ વિગેરે જણાય છે. જેવી ધ્યાનની પ્રબળતા તેવી ચિન્હોની પ્રબળતા હોય છે. આ ધ્યાનનું ફળ મહા ભયંકર અસહ્ય અનંત દુઃખોથી વ્યાપ્ત પ્રચુર પરાધીનતાવાળી નરકગતિ મળે છે. માટે બુદ્ધિમાન્ પુરૂષોએ આર્તધ્યાન તથા રૌદ્રધ્યાનનો બનતા પ્રયત્ને ત્યાગ કરવો.

સામાયિકનાં ચાર અંગનો ઉપસંહાર.

ઉપરોક્ત સામાયિકનાં ચાર અંગ સમતા, સંયમ, શુભ ભાવના અને અશુભ ધ્યાન ત્યજી શુભ ધ્યાન ધ્યાવું તે; આમાં પ્રથમ અંગ સમતા તે મુખ્ય અંગ છે. એ અંગને જાળવવાને માટે બાકીનાં અંગો છે. સંયમ કરી શુભ ભાવના ભાવી પ્રશસ્ત ધ્યાન ધરીને પણ સમ સ્થિતિ પ્રાપ્ત કરવી એજ ઉદ્દેશ છે. માટે સામાયિકના કાળમાં જેમ બને તેમ ઈંદ્રિયોને વશ્ય રાખવી, અને પ્રગાઢ અંધકારની અપાર ગુફામાંથી નીકળી આત્મિક અચળ અખંડ આનંદરૂપ સૂર્ય તરફ પ્રયાણ કરવા માટે પ્રશસ્ત ધ્યાન પવિત્ર ભાવ અને દરેક આત્મિક સાનુકૂળતાનું સેવન મન વચન કાયાથી કરવું. જ્યારે પ્રતિકૂળતાના પહાડને તોડવા પ્રબળ પ્રયત્નો આરંભાય ત્યારેજ શુદ્ધ સામાયિકનો અપૂર્વ લાભ પ્રાણીઓ મેળવી શકે છે.

સામાયિકનું રહસ્ય.

સામાયિક એ એક યોગની ક્રિયા છે. યોગનો જે આશય છે તેજ આશય સામાયિકનો છે. યોગ જેમ યમ નિયમાદિ સંકલ્પોથી ક્રમે ક્રમે સાધી શકાય છે, તેમ સમ સ્થિતિ પણ ક્રમે ક્રમેજ સધાય છે. યોગ એટલે આત્માએ ધ્યાનથી પરમાત્માના સ્વરૂપ સાથે જોડાઇ જવું તે, અર્થાત્ શુદ્ધ સ્વભાવી થવું, અને વિભાવીપણું ત્યજી દેવું તે; અને સામાયિક એટલે આત્માનો શુદ્ધ સ્વભાવ જે સમ સ્થિતિ તેને પ્રાપ્ત થવું અને વિષમ સ્થિતિપણું ત્યજી દઈ આત્મસ્વરૂપમાં લીન થવું તે. એટલે એકજ કાર્ય સાધ્ય કરવાની સાધનરૂપ બન્ને લગભગ મળતી ક્રિયાઓ છે, અને એ ઉત્તમોત્તમ ક્રિયા વિધિપૂર્વક કરી આત્મિક અપૂર્વ શાંતિ પ્રકટાવવી એ એનું રહસ્ય છે.

અષ્ટાંગ યોગની સામાન્ય સમજણ.

યોગનાં આઠ અંગ (વિભાગ) છે. તેનાં નામ : **યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન, સમાધિ** એ આઠ. **તેમાં યમના પાંચ ભેદ:**-અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ. **નિયમના પાંચ ભેદ:**-શૌચ, સંતોષ, તપઃ, સ્વાધ્યાય, પરમાત્મ પ્રણિધાન. આસનના ચોરાશી પ્રકાર છે, તેમાંના કેટલાક સુસાધ્ય અને કેટલાએક દુઃસાધ્ય છે. તેમાં સુખે સાધી શકાય તેવું પદ્માસન છે. ડાબા પગને જમણા સાથળપર અને જમણા પગને ડાબા સાથળપર સ્થાપવો અને અભ્યાસથી આસન સિદ્ધ કરવું તે. **પ્રાણાયામ** એટલે શ્વાસોશ્વાસની શુદ્ધ ક્રિયા. ડાબી તરફ શ્વાસ વહે તે ચંદ્ર અને જમણી તરફ વહે તે સૂર્ય, અને બન્ને નાડીમાં ચાલે તો સુષ્મણા કહેવાય છે. શ્વાસ ખેંચી અંતરમાં ભરવો તે પૂરક કહેવાય છે. તે

શ્વાસ અમુક વખત સુધી રોકવો તે કુંભક કહેવાય છે; અને તે શ્વાસ ધીમે ધીમે બહાર કાઢવો એનું નામ રેચક કહેવાય છે. એમ પૂરક, કુંભક, ને રેચકની ક્રિયા નિયમસર અવારનવાર કરવી. તે ક્રિયા ગુરૂગમ સિવાય કરવાથી પરિણામ ખરાબ આવે છે. શ્વાસને ચંદ્ર નાડીથી ખેંચી અમુક વખત કુંભક કરી સૂર્ય નાડીમાં કાઢવો અને સૂર્યથી પૂરક કરી ચંદ્રથી રેચક કરવો. આ પ્રાણાયામની ક્રિયા ક્રમવાર સ્વચ્છ ચિત્તે શાંતિપૂર્વક કરાય છે. આ ક્રિયા ભોજન કરીને તુર્તમાં કરાતી નથી. આ ક્રિયાથી લાંબે કાળે મોટા ફાયદા મળે છે. ચિત્તનો નિરોધ થઈ મન શાંત થવા સાથે હૃદયબળમાં વૃદ્ધિ થાય છે.

પ્રત્યાહાર–પાંચ ઇંદ્રિયો અને છઠ્ઠું મન તેના વિષયવિકારને ગુરૂગમની લગામથી ખેંચી વૈરાગ્યના પવિત્ર જળેથી શાંત કરી શાસ્ત્ર શ્રવણ મનન ચિંતનવડે સુવિચારના પ્રાબલ્યથી વિકારોને કબજે કરવા. આત્મા અનાદિકાળથી વિષયવિકારને આધીન થયેલ છે, તેને વિશુદ્ધ પ્રયોગવડે સ્વાધીન કરવા તે પ્રત્યાહાર નામનું પાંચમું અંગ કહ્યું. **ધારણા**–વિષયવિકાર દમન થવા પછી જેનું ધ્યાન આપણે ધરવાનું છે, તેના પર ચિત્તનો નિરોધ કરી તેમાં ચિત્ત સ્થાયી રહે તે પ્રયત્ન પુનઃ પુનઃ કરી મનને તેમાં ટકાવી રાખવું ને ત્યાંજ ધારી રાખવું તેનું નામ ધારણા છે. **ધ્યાન**–અષ્ટાંગયોગમાં ધ્યાનના ચાર પ્રકાર બતાવ્યા છે. પદસ્થ, પિંડસ્થ, રૂપસ્થ, રૂપાતીત; પદસ્થ એટલે અરિહંત કે મહાવીર કે ૐકાર, એવા કોઇ પદપર ચિત્તને જોડવું, એ પદનું ચિંતન કરવું તે. પિંડસ્થ એટલે કોઈ પણ પવિત્ર પ્રિય પદાર્થપર અથવા પોતાના શરીરના ઉત્તમાંગના કોઈ ભાગમાં (ભ્રકુટી–નાસિકાદિ) દૃષ્ટિ જોડી ઇષ્ટનું ધ્યાન કરવું. રૂપસ્થ એટલે શ્વેતાદિ કોઇ રંગપર આલંબન કરી દૃષ્ટિને તે રંગ પ્રત્યે જોડવી (પહેલી બાહ્ય દૃષ્ટિ જોડવી પછી અભ્યાસ

વચ્ચે અભ્યંતર, તે પદાર્થ સાક્ષાત્ દેખાય તેમાં આંતર દૃષ્ટિ જોડવી) તે. રૂપાતીત એટલે કાંઈ પણ પદાર્થના આલંબન સિવાય નિરંજનનું ધ્યાન ધરવું તે. જૈનશાસ્ત્રમાં જે ધ્યાનનો વિષય બતાવ્યો છે તે ઇસારારૂપ પાછળ આપીશું. **સમાધિ**–પ્રથમ અંગ જે યમ, તેના અહિંસાદિ પાંચે પ્રકારનો મન સાથે દૃઢ સંકલ્પ કરીને નિયમના શૌચ્યાદિ પાંચ બોલનું યથાવિધિ પરિપાલન કરી, પવિત્ર થઇ સંસારી ઝેરી વાસનાનો તે સમયે ત્યાગ કરી, પરમાત્માને નામે સર્વસ્વ અર્પણ કરી, સિદ્ધ કરેલું પદ્માસન વાળી પદસ્થાદિ ધ્યેય વસ્તુમાં ચિત્તની ધારણા કરીને ધ્યાતાએ (ધ્યાન ધરનારાએ) ધ્યેય (જેનું ધ્યાન ધરીએ છીએ તે)–મય થવાને ધ્યાન ધરવું; તેમાં વૃત્તિનો પ્રવાહ સ્થિર–એકાગ્ર કરતાં કરતાં જ્યાંસુધી ધ્યાતા અને ધ્યેય બન્ને ભિન્ન ભિન્ન રહે છે, ત્યાંસુધી ધ્યાન ગણાય છે, અને જ્યારે ભિન્નતાનું ભાન ટળી જઈ અખંડવૃત્તિથી ધ્યાતા ધ્યાનમાં ધ્યેયાકાર બને છે, ત્યારે સમાધિ કહેવાય છે, ત્યારે ખરા આનંદનો અનુભવ થાય છે. પૌદ્ગલિક વિલાસ તુચ્છ જેવા થઈ રહે છે, અપૂર્વ શાંતિ, અપૂર્વ સુખ પ્રકટે છે, તે વખતે તેને જગત્નું લેશ પણ ભાન હોતું નથી. આ સ્થિતિ તીવ્ર અભિલાષા સાનુકૂળ સંયોગ અને લાંબા વખતના શુદ્ધ પુરૂષાર્થેજ પ્રાપ્ત થાય છે. સમાધિ એ દુઃસાધ્ય છે. પણ અસાધ્ય નથી.

આ અષ્ટાંગયોગનું કિંચિત્ માત્ર વર્ણન ખ્યાલમાં આવવા માટે લખ્યું છે. ખ્યાલમાં લાવવાનું કારણ એ કે હવે આપણે સામાયિકની યોજના સાથે સરખાવીશું તો સમજાશે કે સામાયિક તે સમાધિ પ્રાપ્ત કરવાનીજ ક્રિયા છે; અને એજ હેતુથી સામાયિક પ્રદેશમાં પ્રવેશ કરવાનો છે.

સામાયિક યોજનાનો વિધિ.

પવિત્ર અને એકાંત સ્થાને શુદ્ધ શરીર પર સાદું અને શુદ્ધ વસ્ત્ર એક પહેરવું અને એક ઓઢવું અને એક ઉનનું કપડું પાથરવું, તે પર બેસી હૃદયને પવિત્ર કરવા માટે સામાયિક વ્રતના પાઠોના ઉચ્ચાર કરવા.

પહેલો પાઠ પંચ પરમેષ્ટીને સહૃદય અત્યંત પ્રેમભક્તિપૂર્વક નમસ્કાર કરવા માટે માંગળિકરૂપ છે. દરેક મંગળના કાર્યમાં આદિ મંગળરૂપ, સકળ શાસ્ત્રના સારરૂપ, સર્વ પાપના નાશકરૂપ, દુઃખ થકી મુકાવનાર, મનવાંછિત ફળને ચખાડનાર આ મહામંત્ર વિષે શાસ્ત્રોમાં અપાર મહિમા બતાવેલો છે. તેમાંના એકાદ બે શ્લોકો ઉપરથી સહજ ખ્યાલ થશે.

संग्राम सागर करींद्र भुजंग सिंह,
दुर्व्याधि वह्निरिपुबंधन संभवानि ।
दुष्टग्रहभ्रम निशाचरशाकिनीनां,
नश्यंति पंचपरमेष्टिपदैर्भयानि ॥ १८ ॥

किं मंत्रयंत्रौषधि मूलकाभिः, किंगारुडादिश्च मर्णींद्रजालैः ।
स्फुरंति चित्ते यदि मंत्रराज, पदानि कल्याणपदप्रदानि ॥१९॥
कृत्वा पाप सहस्राणि, हत्वा जंतुशतानि च ।
अमुं मंत्रं समाराध्य, तिर्यंचोपि दिवं गताः ॥ २० ॥

અર્થ—સંગ્રામ, સાગર, મોટા હાથી, સર્પ, સિંહ, દુષ્ટ વ્યાધિ, અગ્નિ, દુશ્મન અને કેદખાનાથી ઉત્પન્ન થતા ભયો તથા દુષ્ટ ગ્રહ ભ્રમણા, રાક્ષસ, શાકિની (ચુડેલ) તે સર્વથકી ઉત્પન્ન થતા ભયો પંચપરમેષ્ટિના પદોવડે નાશ પામે છે. ૧૮.

કલ્યાણના પદને આપવાવાળા પરમેષ્ટિ મંત્રરાજના પદો જે ચિત્તમાં સ્ફુરે અર્થાત્ એ પદોનું અહર્નિશ સ્મરણ શ્રદ્ધાપૂર્વક કરે છે, તો તેને અન્ય મંત્ર, યંત્ર, ઔષધિ, બુટ્ટીઓ, ગારૂડાદિ મંત્રો, મણિ, કે ઇંદ્રજાલવડે શું? અર્થાત્ બીજાની જરૂર રહેતી નથી. ૧૯.

હજારો પાપનાં પોથાં બાંધીને અને સેંકડો જીવ મારીને પણ જેને પાછળ સુબોધ થયો છે એવા તિર્યંચ પ્રાણીઓ પણ આ મહામંત્રનું આરાધન કરીને દેવપદને પામ્યા છે તો અન્યની શી વાત? ૨૦

પંચપરમેષ્ટિ મંત્રનો મહિમા જૈન શાસ્ત્રમાં એટલો બધો વર્ણવેલો છે કે વિધિપૂર્વક આ એકજ મંત્ર સાધ્ય કરવાથી અડતાલીશ હજાર વિદ્યા સાધ્ય થાય છે. આ મહામંત્ર આત્મકલ્યાણમાં અગ્રણીય સાધન છે.

શ્રીમંતની ખરા દિલે સેવા કરવાથી લક્ષ્મીની પ્રાપ્તિ થાય છે. વિદ્યાવાનની સેવા કરવાથી વિદ્યાની પ્રાપ્તિ થાય છે. તો અનંત શક્તિમાન પરમાત્માદિ પંચ પરમેષ્ટિની શુદ્ધ અંતઃકરણપૂર્વક સેવનાથી અલભ્ય અને સર્વ વાંચ્છિત ફળ મળે તેમાં આશ્ચર્ય શું? માટે મંગળ કાર્યમાં મંગળ રૂપ પહેલો પાઠ છે.

બીજો પાઠ કલ્યાણ કરનાર, મંગળ કરનાર, જ્ઞાનલોચનના દાતાર, દેવરૂપ સદ્‌ગુરૂના બહુ માન અને ભક્તિ માટે અભિવંદનનો છે. જો સદ્‌ગુરૂની કૃપા હોય તો આપણું કાર્ય નિર્વિઘ્નપણે પૂર્ણ થાય તે માટે છે.

ત્રીજો પાઠ—અનેક પાપરૂપ આવરણથી મલીન થયેલા અંતઃકરણને સાફ કરવા, હૃદય પવિત્ર કરવા, કાળાં કર્મરૂપ કીટાડા દૂર કરવા માટેજ પાઠ બોલાવવાની જરૂ છે. જે કોઇ ક્ષેત્રમાં બીજ વાવવું

હોય તો પ્રથમ તેને વાવી શકાય તેવું લાયક બનાવવું જોઇએ. તેવી જ રીતે હૃદયરૂપ ક્ષેત્રમાં પરમશાંતિ, પરમાનંદ, સમસ્થિતિરૂપ કલ્પતરૂને ઉગાડવા માટે હૃદયશુદ્ધિરૂપે સંકલ્પ કરવો જોઇએ. તે માટે ત્રીજા પાઠનો ભાવ એ છે કે હું સંસારના દરેક કાર્યમાં જોડાઈ મન, વચન, કાયાને વ્યવહારમાં ચલાવતાં કાદવમય કરેલ મારા આત્માને શુદ્ધ કરૂં છું, તે પાપોને હું ત્યજું છું, તે દોષો મારાથી દૂર રહો અને મારાં તે દુષ્કૃત્યો નિષ્ફળ થાઓ. એ મતલબનો ત્રીજો પાઠ છે.

ચોથો પાઠ-વિશેષ શુદ્ધ થવાને અઢાર પાપનો ઉચ્છેદ કરવાને દુષ્કાર્યથી ઉદ્‌ભવેલા દોષોને ટાળી આત્મક્ષેત્ર વિશુદ્ધ-નિર્મળ બનાવવા માટે સ્વલ્પકાળ કાયોત્સર્ગ કરવો, તે કાયોત્સર્ગમાં પણ થયેલ ભૂલોને પુનઃ પુનઃ સ્મરણમાં લાવી વિચારી વિચારી નમ્રતાપૂર્વક પરમાત્મા પાસે ક્ષમા યાચવી એમ અંતર્ક્ષેત્ર વિશુદ્ધ કરવાના માટે ચોથો પાઠ છે.

પાંચમો પાઠ-ખેડીને વિશુદ્ધ થયેલ ક્ષેત્રને વર્ષાદથી નરમ ને રસયુક્ત બનાવવાની જરૂર છે. તેમ ઉપરના ચાર પાઠથી ખેડીને શુદ્ધ બનાવેલા હૃદયક્ષેત્રમાં ચોવીશ તીર્થંકરોના કીર્તનરૂપ અમૃત-રસનું સિંચન કરવું એટલા માટે લોગસ્સના પાઠની યોજના છે. તે પાઠનો પહેલો શ્લોક અનુષ્ટુપ છંદ છે ને બાકીના બધા આર્યા છંદમાં છે, તે છંદ મધુર સ્વરથી ગાઈ કીર્તનરૂપે ચિત્તને તેના અર્થોમાં જોડવું અને ગાતાં ગાતાં એમ કલ્પના કરવી કે મારા હૃદયક્ષેત્રમાં પરમાત્માના સ્મરણરૂપ અમૃતનું સિંચન થાય છે.

છઠો પાઠ—ક્ષેત્રની વિશુદ્ધિ થવા ઉપરાંત તેમાં અમૃત વરસા-વવા પછી તેમાં સમભાવનું બીજ વાવવા રૂપ સંકલ્પ કરવો કે અંત-રમુહૂર્ત (બે ઘડી) સુધી પ્રાણાતિપાતાદિ અઢાર માંહેલું એક પણ

પાપ બીલકુલ મનથી, વચનથી, કાયાથી કરીશ નહિ તેમ અન્ય પાસે કરાવીશ પણ નહિ. એમ દઢ સંકલ્પ કરવો. એવો સંકલ્પ કરી આસન વાળીને પૂર્ણ જાગ્રતિપૂર્વક બેસવું.

આ પાઠ પૂર્ણ થયા પછી સાતમા પાઠમાં, થઈ ગયેલા તીર્થંકરો તથા પોતાના ઉપકારી ગુર્વાદિક તેનું સ્તવનરૂપ શુદ્ધ મનથી પાઠમાં બતાવ્યા પ્રમાણે વિધિપૂર્વક નમસ્કાર કરવાના છે.

સામાયિકનો કાળ વ્યતીત કેમ કરવો તેની સમજણ.

સામાયિક આદરી ત્યાસુધીમાં યમ, નિયમ, આસન એ ત્રણ અંગનો સમાવેશ થઈ જાય છે. હવે પ્રત્યાહારાદ અંગોને સામાયિકના કાળમાં સાધ્ય કરવાં. પ્રત્યાહાર વિષે જ્ઞાનાર્ણવ નામના શાસ્ત્રમાં કહ્યું છે કે:—

समाकृष्येन्दियार्थेभ्यः, साक्षंचेतः प्रशांतधीः ॥
यत्रयत्रेच्छया धत्ते, स प्रत्याहार उच्यते ॥ २१ ॥

અર્થ—પ્રશાંત બુદ્ધિવાળા મુનિએ ઇંદ્રિયોના વિષયો થકી ઇંદ્રિયો સહિત મનને ખેંચીને જ્યાં જ્યાં ધ્યાન ધરવાની ઇચ્છા હોય ત્યાં ત્યાં ધારણ કરે તે પ્રત્યાહાર કહેવાય છે. ॥૨૧॥

વળી યોગશાસ્ત્રમાં પણ કહ્યું છે કે;—

इंद्रियैः सममाकृष्य, विषयेभ्यः प्रशांतधीः ॥
धर्मध्यानकृते पश्चान्मनः कुर्वीत निश्चलम् ॥ २२ ॥

અર્થ—શબ્દાદિ પાંચ વિષયોમાંથી ઇંદ્રિયો તથા મનને ખેંચી પ્રશાંત બુદ્ધિવાળાએ ધર્મધ્યાન કરવા માટે મન નિશ્ચલ કરવું. ॥૨૨॥

આ પ્રમાણે બાહ્ય અને આભ્યંતર ઈંદ્રિયોને વિષયમુક્ત કરવી એ પ્રત્યાહાર પ્રયોગ સિદ્ધ કર્યા પછી ધારણાઃ—

नाभिहृदयनासाग्र, भाल भ्रूतालुदृष्टयः ॥

मुखं कर्णौ शिरश्चेति, ध्यानस्थानान्यकीर्तयन् ॥ २३ ॥

અર્થ—નાભિ, હૃદય, નાસિકાનો અગ્રભાગ, કપાળ, ભ્રકુટી, તાળવું, દૃષ્ટિ, મુખ, કાન અને મસ્તક એટલાં ઉપાંગો ધ્યાન કરવા માટે ધારણાનાં સ્થાન કહ્યાં છે ॥૨૩॥. ત્યાં આંતર્દૃષ્ટિને સ્થિર કરવી અને ચિત્તને ઓંકારાદિ શબ્દ સાથે જોડવું અને તે પરમઇષ્ટ શબ્દનું ધ્યાન કરવું. કદાચ તેમાં પ્રથમ અનુકૂળતા ન આવે તો તે પરમઇષ્ટ પવિત્ર પુરૂષોના સદ્‌ગુણોનું, ચારિત્રનું, સ્વરૂપનું અને શક્તિનું તેમના પરોપકારાદિ ઉત્તમ કાર્યોનું ચિંતન કરવું અથવા તેમના નામનો જાપ કરવો. આ કાર્યથી પ્રથમ અણગમો ઉત્પન્ન થાય તોપણ બીલકુલ નહિ કંટાળતાં પૂર્વે બતાવેલ વિધિ પ્રમાણે હમેશાં અભ્યાસ પાડવાથી ક્રમે ક્રમે આનંદ આવતો જશે અને ચાર છ માસમાંજ અપૂર્વ ફાયદો દેખાશે અને ચંચળ મન અચંચળતાના નવીન પાઠનો અભ્યાસી થઈ સપ્રેમ સ્થિરતાનું સેવન કરશે; એટલું જ નહિ પણ હૃદયપ્રદેશમાં આનંદના ફુવારા છુટશે. દરેક માણસો આવી ક્રિયા કદાચ ન કરી શકે એ બનવાયોગ્ય છે. તો તેવા માણસોએ ઉપર જણાવ્યા પ્રમાણે સામાયિક શુદ્ધ ઉચ્ચાર અને સમજણપૂર્વક આદરીને નીચે બતાવેલા માર્ગે વખત ગાળવો. આત્માને પ્રશાંત કરે એવા વૈરાગ્યમય, ન્યાયમય, જ્ઞાનમય, પ્રબોધ સંભળાવે તેવા મહાત્માનો યોગ હોય તો તે શાંત ચિત્તથી શ્રવણ કરવું, અને તેવા પ્રકારનો યોગ ન હોય તો વૈરાગ્યમય કે ન્યાયવાળું જ્ઞાનપ્રબોધક પુસ્તક વાંચવું અથવા કોઈ વાંચે તો તે પુસ્તક એકાગ્ર ચિત્તે સાંભળવું. હવે

એમાંનો એક યોગ ન મળે તો પંચપરમેષ્ટિ કે અરિહંત જેવા પવિત્ર નામનો ઉચ્ચાર અંતરમાં કોઇ કરતું હોય અને આપણે સાંભળતા હોઇએ એવો સંકલ્પ રચી તે નીકળતા ધ્વનિ (સાદ) ઉપર ચિત્તને રોકીને માળા ગણવી અને એમ નિર્માણ કરેલા વખતસુધી શાંતિમાં ઝીલવું. ચંચળ મન રોકવા છતાં વારંવાર છુટી છુટીને પોતાના પૂર્વ અભ્યાસવાળા સ્થળે નાસી જાય તેને રોકવા માટે પુનઃ પુનઃ પકડી, સમજાવી, શાંત કરી, પવિત્ર પદમાં જોડવું, પણ હીંમત હારવી નહિ. કાળજીપૂર્વક શ્રદ્ધાસહિત અને ક્રમવાર આ ક્રિયા કરવાથી અતુલ લાભ મળે છે.

પ્રાચીન કાળમાં સામાયિક પોતાના ઘરે પૌષધશાળામાં કરતા હતા, તેવી સગવડના અભાવે શ્રાવકો વ્યાખ્યાનમાં સામાયિક કરે છે. એકાંત સ્થાન સામાયિક માટે વધારે અનુકૂળ છે, પરંતુ સાનુકૂળ સમયે ઘર આગળ સામાયિક કરનારને વ્યાખ્યાનમાં સામાયિકની મના કરવાથી ધર્મની આંતરિક લાગણી વિનાના પ્રમાદીઓ એ ક્રિયાને તદ્દન વિસારી મુકે એમ ધારી આપણા પૂર્વાચાર્યોએ ડહાપણથી વ્યાખ્યાનમાં સામાયિક કરવાની રૂઢી રખાવી છે. આ સ્થળે માત્ર એટલું જણાવવાનું છે કે જેને પોતાના ઘરે સામાયિક કરવાની સોઈ હોય તેમણે ત્યાં કરવા ભુલવું નહિ, અને જે વ્યાખ્યાન સામાયિકને પુષ્ટિ કરે એવું વૈરાગ્યમય, ન્યાયમય, ઉત્તમ પ્રકારની ભાવનાથી ભરપુર, રસમય વંચાતું હોય, ત્યાં તો વધારે સાનુકૂળતા ગણાય, પણ જ્યાં રામ રાવણનાં યુદ્ધો વંચાતાં હોય કે જે શ્રવણ રોવરાવે, હસાવે, વીર રસ ચડાવે, એવા સમભાવને પ્રતિકૂળ રસો વરસતા હોય ત્યાં જેવો રસ ચાલતો હોય તેવા શ્રોતાઓના વિચાર થયા સિવાય રહે નહિ. એકનો જય

ને બીજાનો પરાજય સાંભળી રાગદ્વેષની પરિણતિ જાગે છે, માટે તે વાત લક્ષમાં રાખવી અને એવાં સ્થળમાં સ્થિરતા પ્રમાણે સંવર કરવો

શાંત રસનો ઉપદેશ કે પ્રભુસ્તુતિ ચાલતી હોય તે સમયે ઘણાની એવી રૂઢી હોય છે કે અનુપૂર્વી કાં નમોક્કારવાળી ફેરવવાનું કામ પતાવે છે. એ કાર્ય બીલકુલ ન ઇચ્છવાયોગ્ય છે, કારણકે તેમાં ન વ્યાખ્યાન સંભળાય કે ન નમોક્કારવાળીમાં ધ્યાન રહે અને તેથી અતોભ્રષ્ટ ને તતોભ્રષ્ટ થાય છે, માટે સામાયિકના વખતમાં તો એક ચિત્તથી વ્યાખ્યાન શ્રવણ કરવું. તેવો યોગ ન હોય તો વૈરાગ્ય અને સમતાભાવની વૃદ્ધિ કરનાર પુસ્તકો વાંચવાં કે સાંભળવાં, નહિતો પૂર્વે કરેલા ધાર્મિક અભ્યાસનું મનન કે તેનું પુનરાવર્તન કે તેનું ચિંતન કરવું, અથવાતો કાયોત્સર્ગ, યાતો પૂર્વાચાર્યોના ચારિત્રનું ચિંતન અથવા જેને ગુરૂગમ થયેલ હોય તેવાએ આત્મસ્વરૂપનું ધ્યાન કરવું. છેવટ ચિત્તનો નિરોધ કરવા અનુપૂર્વી અગર માળા ફેરવવી.

સામાયિકની ક્રિયા ને યોગની ક્રિયાની એકતા.

પૂર્વોક્ત કથન ઉપરથી સમજાયું હશે કે અષ્ટાંગ યોગમાં યમ નિયમ આસન અને પ્રત્યાહાર સુધીનો ભાગ સામાયિકના છઠ્ઠા પાઠ સુધીમાં આવી જાય છે. માત્ર યોગમાં યમ કેટલા ભાંગે કરવો તેમ નથી. સામાયિકમાં **दुविहं तिविहेणं नकरेमि नकारवेमि मणसा वयसा कायसा** એટલે સર્વ પાપરૂપ સાવદ્ય યોગને બે કરણ (કરવું ને કરાવવું) અને ત્રણ યોગે (મન, વચન ને કાયા) કરી આદરવું નહિ. અર્થાત્ કે મન, વચન, કાયાએ કરી કોઈ પણ પાપ કરવું નહિ, અને કરાવવું નહિ એમ સમજાવેલ છે. પ્રાણાયામની ક્રિયા ગુરૂગમ સિવાય કરવાથી

હાનિ પહોંચવાનો સંભવ છે, જેથી સામાયિકમાં તેનો સ્વીકાર કર્યો નથી. કદાચ ગુરૂગમ પ્રાપ્ત કરી વિધિપૂર્વક જો કરે તો બાધ નથી. પ્રત્યાહાર પછી ધારણા ધ્યાનને સમાધિએ સામાયિકને આદર્યા પછી જે ધર્મધ્યાન કરવાનું બતાવેલ છે. તે ધર્મધ્યાનના પેટામાં ધારણાદિ ત્રણેનો સમાવેશ થઈ જાય છે. એટલે સામાયિકની ક્રિયા યોગની ક્રિયાને ઘણા ભાગે મળતી છે, અને ઉદ્દેશ તો એકજ છે, એમ વાંચક-વર્ગને સ્પષ્ટ થયું હશે. આ સ્થળે પ્રથમ ભાગ પૂર્ણ થયો.

ભાગ ૧ લો સમાપ્ત.

श्री जिनेश्वराय नमः ॥

સામાયિક-સ્વરૂપ.

ભાગ ૨ જો.

મંગળાચરણ.

अर्हंतो भगवंतइन्द्रमहिताः सिद्धाश्च सिद्धिस्थिताः ।
आचार्या जिनशासनोन्नतिकराः पूज्या उपाध्यायकाः ॥
श्री सिद्धान्तसुपाठका मुनिवरा रत्नत्रयाराधकाः ।
पंचैते परमेष्टिनः प्रतिदिनं कुर्वन्तु वो मंगलम् ॥

પાઠ ૧ લો નવકાર (નમસ્કાર).

नमो अरिहंताणं, नमो सिद्धाणं, नमो आयरियाणं, नमो उवज्झायाणं, नमो लोए सव्वसाहूणं ॥

* एसोपंच नमुक्कारो सव्वपावप्पणासणो ।
मंगलाणं च सव्वेसिं पढमं हवइ मंगलं ॥

---

* આ અનુષ્ટુપ શ્લોક નવકાર મંત્રના મહિમાનો છે. તે ગાથા સ્થાનકવાસી સંપ્રદાયમાં બોલાતી નથી પણ બોલવાથી વાંધા જેવું કાંઈ નથી.

સંસ્કૃત છાયા.

नमोऽर्हद्‌भ्यः । नमः सिद्धेभ्यः । नम आचार्येभ्यः ।
नम उपाध्यायेभ्यः । नमो लोके सर्वसाधुभ्यः ॥
एष पंच नमस्कार । सर्वपापप्रणाशनः ।
मंगलानां च सर्वेषां । प्रथमं भवति मंगलम् ॥

અર્થ—નમસ્કાર હો અરિહંતોને, નમસ્કાર હો સિદ્ધોને, નમસ્કાર હો આચાર્યોને, નમસ્કાર હો ઉપાધ્યાયોને, નમસ્કાર હો લોકમાં રહેલા સર્વ સાધુઓને.+

એ પાંચેને કરેલ નમસ્કાર સર્વ પાપનો સર્વથા નાશ કરનાર છે; અને તે સર્વ મંગલોમાં પહેલું મંગલ છે.

વિવેચન.

ઉપરોક્ત પંચપરમેષ્ટી મહામંત્રરૂપ છે, મંગળરૂપ શીવદા છે. તેનો પ્રભાવ અતુલ છે. આ મંત્ર વિષે આગળ કહેવાઈ ગયેલ છે. પરમ એટલે ઉત્કૃષ્ટ, ઇષ્ટી એટલે ઐશ્વર્ય અર્થાત્ ઉત્કૃષ્ટ ઐશ્વર્યપણાને ધારણ કરનાર અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ એ પંચ પરમેષ્ટીને નમસ્કાર એટલે નમવું, તે બે પ્રકારે, દ્રવ્યથી અને ભાવથી; દ્રવ્યથી તે બે હાથ, બે પગ અને મસ્તક એ પંચાંગ નમાવી ઉપયોગચૈત્યવંદન કરવું તે, અને ભાવથી નમસ્કાર તે પંચાંગ નમાવવા સાથે વિશુદ્ધ નિર્મળ મનના ઉપયોગ સહિત નમસ્કાર કરવા તે.

+ભગવતીની ટીકામાં 'સવ્વ' શબ્દનો 'અર્થ સાર્વ' કેતાં અરિહંતના, સાહુણં કેતાં સાધુભ્યઃ-સાધુઓને કરેલ છે.

અરિહંતના શબ્દાર્થો.

અરિહંત, અરહંત, અરૂહંત, અર્હન્, અરહા, એમ 'અરિહંત' ના પાંચ નામ શાસ્ત્રમાં યોજેલાં છે.

અરિહંત–અરિ=શત્રુ+હંત=હણનાર એટલે આઠ કર્મશત્રુને હણનારા તે.

अरहंति वंदण नमंसणाइ, अरहंति पूअसक्कारं ।
सिद्धिगमणं च अरहा, अरहंता तेह वुच्चंति ॥

અર્થ—જે વંદન નમસ્કારાદિને યોગ્ય છે, પૂજા સત્કાર કરવાને જે યોગ્ય છે, અને સિદ્ધિપદ પામવાને પણ જે યોગ્ય છે, તે અરિહંત કહેવાય છે.

અરહંત–અ=નથી+રહ=એકાંત પ્રદેશ+અંત=મધ્ય પ્રદેશ, જેને એકાંત મધ્ય પ્રદેશ નથી એટલે જેનાથી કોઇ સ્થાન ગુપ્ત નથી તે.

અરૂહંત–અ=નથી+રૂહ=ઉગવું, જેના જન્મમરણનું કારણ મટી જવાથી (ભવ) ઉત્પન્ન થવું નથી તે.

અર્હન્–અર્હ્–ધાતુ પૂજાના અર્થમાં પ્રવર્તે છે તેને અન્ પ્રત્યય લાગવાથી **अर्हंति जना यम् इति अर्हन्** એટલે ત્રણ લોકના જીવો પૂજે છે જેને તે.

અરહા–અ=નથી+રહા=રહસ્ય, એટલે પોતાનાથી કાંઇ પણ રહસ્ય (છાનું) નથી તે. એ પ્રમાણે અરિહંતનો શબ્દાર્થ જાણવો.

અરિહંતના ૧૨ ગુણો.

આઠ પ્રાતિહાર્ય અને ચાર અતિશય મળીને બાર ગુણો ગણાય છે. પ્રતિહારી એટલે સેવક પેઠે રક્ષણ કરનારા ને મહિમા વધારનારા દૈવી પદાર્થો. પ્રાતિહાર્ય કહેતાં આગલાનાં મન જે હરે–પ્રસન્ન કરે તે.

अशोकवृक्षः सुरपुष्पवृष्टि, दिव्यध्वनिश्चामरमासनं च ।
भामंडलं दुंदुंभिरातपत्रं, सत्प्रातिहार्याणि जिनेश्वराणाम ॥

અર્થ—૧ અશોકવૃક્ષ, ૨ દેવનાં રચેલાં પુષ્પોની વૃષ્ટિ, ૩ દિવ્યધ્વનિ, ૪ ચામર, ૫ સિંહાસન, ૬ ભામંડળ, ૭ મધુર અવાજ કરનાર વાજીંત્ર, ૮ ત્રણ છત્રો, એ આઠ જીનેશ્વરના પ્રતિહારી છે. (પ્રાતિહાર્ય છે.)

અતિશય એટલે ઉત્કૃષ્ટતા બતાવનાર ગુણ; તેના ચાર પ્રકાર. ૧ અપાયાપગમાતિશય, ૨ જ્ઞાનાતિશય, ૩ પૂજાતિશય, ૪ વચનાતિશય.

૧. અપાય=ઉપદ્રવ+અપગમ=નાશ, એટલે સંકટનો નાશ કરનાર અતિશય. ઉપદ્રવના **બે પ્રકાર** સ્વાશ્રયી અને પરાશ્રયી. સ્વાશ્રયી તે પોતાને આશ્રીને રહેલ ઉપદ્રવ. તેના બે પ્રકાર. દ્રવ્ય ઉપદ્રવ અને ભાવ ઉપદ્રવ. દ્રવ્ય ઉપદ્રવ તે શારીરિક અને માનસિક વ્યાધિઓ અને ભાવ ઉપદ્રવ અઢાર પ્રકારના અંતરંગ આત્માની સાથે લાગેલાં દર્દો, તેનાં નામઃ—

अंतरायो दानलाभ, वीर्यभोगोपभोगगाः ।
हासो रत्यरतिर्भीति, जुगुप्सा शोक एव च ॥ १ ॥
कामो मिथ्यात्वमज्ञानं, निद्रा चाविरतिस्तथा ।
रागद्वेषौ प्रभुत्यक्ता, दोषा अष्टादशामीच ॥ २ ॥

અર્થ—૧ દાનાંતરાય, ૨ લાભાંતરાય, ૩ ભોગાંતરાય, ૪ ઉપભોગાંતરાય, ૫ વીર્યાંતરાય, હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, નિંદા, કામ, મિથ્યાત્વ, અજ્ઞાન, નિદ્રા, અવિરતિ, રાગ, દ્વેષ, એ અઢાર

પ્રકારનાં દર્દો (ઉપદ્રવ) થી જીનેશ્વર વિમુક્ત હોય છે. એ સ્વાશ્રયી અપાયાપગમ અતિશય કહ્યો.

પરાશ્રયી અપાયાપગમ અતિશય તે પ્રભુના પ્રતાપે પરના ઉપદ્રવ નાશ પામે, એટલે ભગવાન જે પ્રદેશમાં વિચરે તે પ્રદેશમાં રોગ, શોક, મરકી, મહામારી, સ્વચક્ર પરચક્રનો ઉપદ્રવ ટળી જાય છે તે.

૨. જ્ઞાનાતિશય-તીર્થંકર ભગવાન લોકાલોકનું સ્વરૂપ સર્વ પ્રકારે જાણી રહ્યા છે તે જ્ઞાનાતિશય.

૩. પૂજાતિશય—તીર્થંકરને ઇંદ્રાદિ દેવો તથા ચક્રવર્તી જેવા સર્વદા પૂજવાયોગ્ય સમજી સેવાભક્તિ પૂજા શ્લાઘા વંદન કરે છે, અને કરવાની અભિલાષા રાખે છે તે પૂજાતિશય.

૪. વચનાતિશય—જીનેશ્વરની (પાંત્રીશ પ્રકારના ગુણે કરી યુક્ત એવી) વાણી દેવ મનુષ્ય અને તિર્યંચ પોતાની ભાષામાં સમજી જવા ઉપરાંત પોતાના સ્વાભાવિક ઝેરવેર તે વાણીથી ઉપશમી જાય છે.

એ પ્રમાણે આઠ પ્રાતિહાર્ય અને ચાર અતિશય મળીને બાર ગુણ અરિહંત દેવના થયા.

સિદ્ધનું સ્વરૂપ અને તેમના આઠ ગુણો.

સિદ્ધ—સાધવું; અંતિમ સાધ્ય જે મોક્ષપદ તેને જેણે સાધ્યું છે તે સિદ્ધ. તે આઠ કર્મોના બંધન થકી રહિત, મતલબ કે આત્માનું શુદ્ધ સ્વરૂપ અખંડ આનંદ અનંત પ્રકાશ અને અનંત આત્મિક સુખના ભોક્તા હોય છે, જ્ઞાનદર્શનાદિ અનંત સ્વગુણથી બિરાજમાન, તેમની સ્થિતિ સાદિ અનંત છે, કારણકે જ્યારથી સિદ્ધપદ પ્રાપ્ત કરે છે, ત્યારથી તે દશાની શરૂઆત થઈ ગણાય; માટે આદિ સહિત અને મોક્ષ પ્રાપ્ત કરવા પછી જન્મ મરણનો અભાવ હોવાથી તેમની સ્થિતિમાં

અનંતકાળે પણ ફેરફાર થતો નથી, એટલે અનંત છે. તે સિદ્ધ ભગવાન આઠ કર્મ રહિત થવાથી આઠ ગુણો પ્રગટ થયેલા છે, તે નીચે પ્રમાણે—

૧. જ્ઞાનને આચ્છાદનરૂપ જ્ઞાનાવરણીયના ક્ષય થવાથી અનંત અક્ષય જ્ઞાન ગુણ પ્રગટે છે.

૨. દર્શનાવરણીયના ક્ષય થવાથી અનંત અક્ષય દર્શન ગુણ પ્રગટે છે.

૩. અંતરાયના ક્ષય થવાથી અનંત આત્મિકશક્તિ ગુણ પ્રગટે છે.

૪. મોહનીયના ક્ષય થવાથી ક્ષાયક સમ્યક્ત્વ (અક્ષય સમસ્થિતિ જે મૂલ આત્મ સ્વભાવપણું તે) પ્રગટે છે.

૫. નામના ક્ષય થવાથી અમૂર્તિ ગુણ પ્રગટે છે. (રૂપ-રસ-ગંધ-સ્પર્શ-વર્ણ રહિત) એટલે નિરંજન નિરાકારપણું.

૬. ગોત્રના ક્ષય થવાથી ઉંચા નીચા કે ભારે હળવાપણું નાશ પામ્યું, અર્થાત્ કે તેથી અગુરૂલઘુ ગુણ પ્રગટે છે.

૭. વેદનીયના ક્ષય થવાથી અખંડ અવ્યાબાધ (નિરૂપાધિક) એવા અનંત સુખનો ગુણ પ્રગટે છે.

૮. આયુષ્યના ક્ષય થવાથી અક્ષય અચલ સ્થિતિ ગુણ પ્રગટે છે.

ઉપર પ્રમાણે આઠ કર્મનો ક્ષય થવાથી આઠ ગુણો પ્રગટે છે. એટલે તેમનામાં પ્રથમ મુદ્દલ નહતા ને નવા પ્રગટ્યા એમ ન સમજવું, પણ એ ગુણો એમનામાં હતાજ, માત્ર કર્મના આચ્છાદનથી અપ્રગટ હતા તે કર્મના ક્ષય થવાથી પ્રગટ થયા. વાસ્તવિક રીતે તે આઠ ગુણોના પેટામાં અનંત ગુણોનો સમાવેશ થાય છે.

આચાર્યનો શબ્દાર્થ અને તેમના ૩૬ ગુણો.

આત્મકલ્યાણની ઇચ્છાવાળાએ મુખ્ય રીતે દેવ અને ગુરૂને નમસ્કાર કરેલ છે. દેવ તરીકે અરિહંત અને સિદ્ધનો સમાવેશ થાય છે,

અને ગુરૂ તરીકે આચાર્ય, ઉપાધ્યાય અને સાધુનો સમાવેશ થાય છે. એ ત્રણે સંયતિ પુરૂષો કહેવાય છે.

सम्यक् प्रकारेण आत्मानि स्थितान् विषयान् यच्छाति इति संयति એટલે સમ્યક્ પ્રકારે આત્મામાં વાસ કરી રહેલા વિષયોને નિયમમાં રાખી જય કરે તે સંયતિ કહેવાય છે.

આ=મર્યાદાપૂર્વક+ચર્યતે=ય: જે વિચરે છે, એટલે જેનું વિચરવું (ચારિત્ર સ્થિતિ) જીનેશ્વરે બાંધેલ મર્યાદાપૂર્વક છે, પોતે મર્યાદામાં (આચારમાં) વર્તે અને પોતાના અનુયાયીઓને અધિકાર પ્રમાણે વર્તાવે અને વીતરાગે પ્રરૂપેલા શુદ્ધ માર્ગ પ્રત્યે દોરે તે આચાર્ય કહેવાય છે. તેમના છત્રીશ ગુણ વર્ણવેલા છે.

૧ આચાર સંપત્તિ, ૨ શ્રુત સંપત્તિ, ૩ શરીર સંપત્તિ, ૪ વચન સંપત્તિ, ૫ વ્યાખ્યાન સંપત્તિ, ૬ મતિ સંપત્તિ, ૭ પ્રયોગ સંપત્તિ, ૮ સંગ્રહપરિજ્ઞા સંપત્તિ. એ આઠ સંપત્તિ તથા દશ યતિ ધર્મમાં નિપુણ હોય તે દશનાં નામ. ક્ષમા–મુક્તિ (લોભથી મુક્તતા) આર્જવ–માર્દવ–લાઘવ–(બાહ્ય અને આભ્યંતર ઉપાધિથી હળવાપણું) સત્ય–સંયમ–શૌચ–તપ–બ્રહ્મચર્ય–એ દશ મળી અઢાર થયા. ચાર વિનય–આચાર વિનય, શ્રુત વિનય, વિક્ષેપણા વિનય, દોષ પરિઘાત વિનય એ ચાર મળી બાવીશ થયા. અને ચૌદ પ્રતિરૂપાદિ ગુણ નીચે પ્રમાણે:—

૧ પ્રતિરૂપતા, ૨ તેજસ્વીપણું, ૩ સ્વપરશાસ્ત્રમાં પારંગતતા, ૪ વચનની મધુરતા, ૫ ગંભીરતા, ૬ ધૈર્ય, ૭ સૌમ્ય, ૮ સ્મરણશક્તિ, ૯ સમયજ્ઞતા, ૧૦ વિશાળ બુદ્ધિ, ૧૧ ગુણગ્રાહક મતિ (હંસસમ), ૧૨ અખંડ ઉદ્યમ, ૧૩ આશ્રિતોનું હિતચિંતકપણું, ૧૪ પ્રશાંત હૃદય,

એ ચૌદ અને પૂર્વના બાવીશ મળીને છત્રીશ ગુણો આચાર્યના વર્ણવ્યા.

ઉપાધ્યાયનો શબ્દાર્થ અને તેમના ૨૫ ગુણો.

ઉપ=સમીપે+અધ્યાપયતિ અન્યાન્ ઇતિ ઉપાધ્યાય, એટલે જે પોતાની સમીપમાં આવેલા સાધુ વિગેરેને શાસ્ત્રાભ્યાસ કરાવે છે તે. તેમના પચવીશ ગુણો છે આ સ્થળે ગુણયુક્ત ગુણી બતાવ્યા છે, જેમકે સરલ એ ગુણી છે ને સરલતા એ ગુણ છે. આ સ્થળે ગુણ બદલે ગુણી બતાવ્યા છે.

૧ સમયસૂચક, ૨ પ્રશાંત, ૩ વિવેકી, ૪ ક્ષમાવંત, ૫ સહનશીલ, ૬ પરીક્ષક, ૭ સુશીલ, ૮ પ્રેમાળ, ૯ નિષ્પક્ષપાતી, ૧૦ સૌમ્ય, ૧૧ ઉદ્યમી, ૧૨ સુજાગ, ૧૩ સરલ, ૧૪ વિશાળદષ્ટિ, ૧૫ સત્યાનુપ્રેક્ષી, ૧૬ જીતેંદ્રિય, ૧૭ પરમાર્થી, ૧૮ નિઃસ્વાર્થી, ૧૯ ઉદાર, ૨૦ કુશાગ્રબુદ્ધિ, ૨૧ શાસ્ત્રજ્ઞ, ૨૨ બોધશૈલીપ્રજ્ઞ, ૨૩ નિઃશંક હૃદય, ૨૪ પ્રસન્ન હૃદય, ૨૫ પરમમુમુક્ષુ.

એ પચવીશ ગુણો કહ્યા. વળી બીજી રીતે પણ શાસ્ત્રમાં ગુણો બતાવ્યા છે. તે નીચે પ્રમાણેઃ—

જૈન શાસ્ત્રોનો સમાવેશ મુખ્યત્વે કરીને બાર અંગ અને તેના બાર ઉપાંગોમાં થાય છે. તેમાં વર્તમાન કાળમાં બારમું અંગ કે જેનું નામ દષ્ટિવાદ છે તેનો એક શ્રુત સ્કંધ ને તેના ચૌદ અધ્યયનો (જેને ચૌદ પૂર્વ તરીકે ઓળખે છે) છે તે વિચ્છેદ ગયેલ છે. બાકીના કહેલા અગીઆર અંગ ને બાર ઉપાંગો એ ત્રેવીશને ભણે ભણાવે તથા ચરણ સિત્તેરી તથા કરણ સિત્તેરી એ બંનેનું પાલન કરે એમ પચવીશ થાય તે જ ગુણ તરીકે ગણ્યા છે.

અગીયાર અંગનાં નામ.

૧ આચારાંગ.
૨ સુયગડાંગ.
૩ ઠાણાંગ.
૪ સમવાયંગ.
૫ ભગવતીજી.
૬ જ્ઞાતાધર્મ કથા.
૭ ઉપાશકદશાંગ.
૮ અંતગડદશાંગ.
૯ અનુતરોવવાઈ.
૧૦ પ્રશ્ન વ્યાકરણ.
૧૧ વિપાકસૂત્ર.

બાર ઉપાંગનાં નામ.

૧ ઉવવાઈ.
૨ રાયપસેણી.
૩ જીવાભિગમ.
૪ પન્નવણા.
૫ જંબુદ્વિપપન્નત્તિ.
૬ ચંદપન્નત્તિ.
૭ સુરપન્નત્તિ.
૮ કપ્પિયા.
૯ કપ્પવડંસિયા.
૧૦ પુપ્ફિયા.
૧૧ પુફ્ચુલીયા.
૧૨ વન્હિદશાંગ.

આ શાસ્ત્રો સિવાય ચાર મૂળ શાસ્ત્રો અને ચાર છેદ શાસ્ત્રો છે.

મૂળ સૂત્રો—નંદી, અનુયોગ દ્વાર, દશવૈકાલિક અને ઉત્તરાધ્યયન.

છેદ સૂત્રો—વ્યવહાર, વૃહત્કલ્પ, નિસીથ, દશાસુતસ્કંધ. આ પ્રમાણે પરંપરાથી માન્ય થયેલ છે.

આ ઉપરાંત પણ કેટલાંક શાસ્ત્રોનાં નામ નંદી સૂત્રમાં છે, તે સૂત્રમાં શાસ્ત્રોને અન્ય બે પ્રકારે ઓળખાવેલ છે. ૧ અંગપ્રવિષ્ટ અને ૨ અંગબાહિર. તેમાં અંગ પ્રવિષ્ટમાં અગીયાર અંગો અને અંગબાહિરમાં આવશ્યક અને આવશ્યકથી વ્યતિરિક્ત આવશ્યકના સામાયિકાદિ ૭ અધ્યયન છે, અને આવશ્યકથી વ્યતિરિક્તના બે ભેદ કાલિક અને ઉત્કાલિક. કાલિકમાં ત્રીશ સૂત્રો છે, અને ઉત્કાલિકમાં ઓગણત્રીશ

સૂત્રો છે, બન્ને મળી ઓગણુસાઠ અને એક આવશ્યક મળી સાઠ સૂત્રો અનંગપ્રવિષ્ટના થયા. ઉપરના ઓગણુસાઠ સૂત્રોમાંના ઘણાખરા હાલ મળતા નથી, જેથી તેનાં નામ આ સ્થળે આપ્યાં નથી અને ઘણાખરાં અંગ ઉપાંગોમાં આવી જાય છે.

ચરણસિત્તેરી.

वय समण धम्म संजम, वेयावच्चं च बंभगुत्तिओ ।
नाणाइतियं तव कोह, निग्गहाइंइ चरणमेयं ॥

અર્થ—૫ મહાવ્રત, ૧૦ શ્રમણધર્મ, ૧૭ પ્રકારનો સંયમ, ૧૦ વૈયાવૃત્ય, ૯ બ્રહ્મચર્ય, ૩ જ્ઞાન, દર્શન, ચારિત્ર, ૧૨ પ્રકારનો તપ, ૪ કષાય એ પ્રમાણે ચરણ એટલે ચારિત્રના ૭૦ ભેદ થયા.

કરણસિત્તેરી.

पिंड विसोही समिइ, भावणा पडिमाय इंदियनिरोहो ।
पडिलेहण गुत्तिओ, अभिग्गहं चेव करणंतु ॥

અર્થ—૪ પિંડવિશુદ્ધિ, ૫ સમિતિ, ૧૨ ભાવના, ૧૨ પડિમા, ૫ ઇંદ્રિયનિરોધ, ૨૫ પ્રકારની પડિલેહણા, ૩ ગુપ્તિ, ૪ અભિગ્રહ, એ પ્રમાણે કરણ એટલે પ્રયોજન પડયે ક્રિયા કરવી તેના ૭૦ ભેદ થયા. આ સંબંધી વિશેષ જ્ઞાન અન્ય શાસ્ત્રોથી જાણવું.

ઉપર બતાવેલાં સૂત્રો ભણે ભણાવે અને ચરણકરણ સિત્તેરીનું પાલન કરે તે પચવીશ ગુણ ઉપાધ્યાયજીના કહ્યા.

સાધુનો શબ્દાર્થ તથા તેમના ૨૭ ગુણો.

साधयति आत्मकार्यं इति साधुः ॥ अथवा साध्याति परश्रेयः कार्यं इति साधुः ॥ એટલે આત્મકાર્ય સાધે છે તથા આત્મ-

કાર્ય સાથે પરના શ્રેયને સાધે છે, તે સાધુ સંયમને ધારણ કરી, ઇંદ્રિયોને દમન કરી નિર્વાણ (મોક્ષ) પદને સાધનાર જનસમાજને વંદનીય છે. તેમના સત્તાવીશ ગુણો નીચે પ્રમાણેઃ–

૧ દયા, ૨ સત્ય, ૩ અસ્તેય, ૪ બ્રહ્મચર્ય, ૫ અપરિગ્રહ, ૬ અક્રોધ, ૭ નિર્માન, ૮ નિષ્કપટ, ૯ નિર્લોભ, ૧૦ સહનશીલતા, ૧૧ નિષ્પક્ષપાત, ૧૨ પરોપકાર, ૧૩ તપશ્ચર્યા, ૧૪ પ્રશાંતતા, ૧૫ જીતેંદ્રિયપણું, ૧૬ પરમ મુમુક્ષુવૃત્તિ, ૧૭ પ્રસન્નદૃષ્ટિ, ૧૮ સૌમ્ય, ૧૯ નમ્રતા, ૨૦ ગુરૂભક્તિ, ૨૧ વિવેક, ૨૨ વૈરાગ્યરક્તતા, ૨૩ સત્યાનુપ્રેક્ષ, ૨૪ જ્ઞાનાભિલાષ, ૨૫ યોગનિગ્રહતા (મન વચન કાયાને નિયમમાં રાખવાં તે), ૨૬ સંયમમાં રતિ, ૨૭ વિશુદ્ધ આચાર, એ સત્તાવીશ ગુણો થયા.

બીજી રીતે પણ સત્તાવીશ ગુણો શાસ્ત્રમાં બતાવ્યા છે. પાંચ મહાવ્રત, છઠું રાત્રિભોજન, છકાયની રક્ષા અને પાંચ ઇંદ્રિયોનો નિગ્રહ એમ સત્તર, મન, વચન, કાયાનો નિરોધ (નિગ્રહ), ચાર કષાયનો જય કરવો, એમ ચોવીશ તથા શીતાદિ પરિસહોમાં સહનશીલતા, સંયમના યોગમાં રક્તપણું (પાંચ સમિતિ ત્રણ ગુપ્તિ આદરી નિદ્રા, અવિવેક, પ્રમાદ, વિકથા, અણાચાર તજવાપણું) રાખવું. અને મરણાંત સમયે આત્મજાગૃતિ રાખવી તે સત્તાવીશ ગુણ સાધુજીના થયા.

એ પ્રમાણે અરિહંતના ૧૨, સિદ્ધના ૮, આચાર્યના ૩૬, ઉપાધ્યાયના ૨૫, અને સાધુના ૨૭ મળીને ૧૦૮ ગુણ પંચપરમેષ્ટીના થયા. આ સ્થળે પ્રથમ પાઠનું વિવેચન પૂર્ણ થયું.

પાઠ ૨ જો વંદણા.

तिक्खुत्तो आयाहिणं पयाहिणं वंदामि नमंस्सामि सक्कारेमि सम्माणेमि कल्लाणं मंगलं देवयं चेइयं पज्जुवास्सामि ॥

સંસ્કૃત છાયા.

त्रिःकृत्वः आदक्षिणं प्रदक्षिणं वंदे नमामि सत्करोमि सन्मनोमि (सन्मानयामि) कल्लाणं मंगलं देवकं चैत्यं पर्युपासे ॥

અર્થ—[1]
तिक्खुत्तो—ત્રણ વાર.
आयाहिणं—દક્ષિણથી એટલે જમણી તરફથી આરંભીને ફરીથી જમણી તરફ સુધી.
पयाहिणं—પ્રદક્ષિણા કરીને.
वंदामि—સ્તુતિ અથવા સ્તવના કરૂં છું (મને કરીને)
नमंस्सामि—(પચાંગ નમાવીને) નમસ્કાર કરૂં છું.
सक्कारेमि—સત્કાર કરૂં છું,
समाणेमि—સન્માન દઉં છું, (શામાટે)?
कल्लाणं—હે સ્વામી! આપ કલ્યાણ સ્વરૂપ છો.
मंगलं—આપ મંગળ સ્વરૂપ છો.

---

૧ વંદના કરનારનો મોટો ભાગ પોતાના હાથથી પોતાનાજ મુખને આવર્તન કરી વંદન કરે છે. વાસ્તવિક રીતે જેને વંદન કરવાના છે, તેવા ગુર્વાદિકના મુખને જમણા તરફથી આરંભી ત્રણ વાર પોતાના બે હાથ જોડી પ્રદક્ષણા (આવર્તન) ને કરી વંદન કરવું યોગ્ય છે. જેમ આર્તી ઉતારનાર મુર્તિને આવર્તન કરે છે, પણ પોતાના મસ્તકને નહિ, તેમ એ ત્રણ વાક્યો આવર્તની ક્રિયા કરવાના છે-બોલવાના નથી, પણ "વંદામિ નમંસ્સામિ" ત્યાંથી બોલવાનું છે.

देवयं—આપ ધર્મ દેવ સ્વરૂપ છો.

चेइयं—આપ જ્ઞાન સ્વરૂપ છો (તે માટે) (રાયપસેણીની ટીકામાં ચૈત્યનો અર્થ પ્રહલાદકારક પણ કરેલો છે.)

पज्जुवास्सामि—(મન વચન કાયાએ) હે ગુરૂ! આપની સેવા કરૂં છું.

વિવેચન.

સદ્‌ગુરૂને સહૃદય વંદન કરી કૃપા મેળવવાની સામાયિક આદરવા પહેલાં જરૂર છે. ગુરૂઓના માહાત્મ્યને દરેક દર્શનો સ્વીકારે છે, કારણકે ગુરૂકૃપા વિના કોઈ કાર્યની સિદ્ધિ થતી નથી, અનાદિ કાળથી ભુલેલાને માર્ગ બતાવનાર કૃપાળુ ગુરૂજ છે. કહ્યું છે કેઃ—

દોહરા.

ભેદ બિના ભટકત ફીરે, ગુરૂ બતાવે ઠામ;
ચોરાશી લખ ફીર ગયે, પાઉં કોસ પર ગામ ॥૧॥
બિના નયન પાવે નહિ, બિના નયનકી બાત;
સેવે સદ્‌ગુરૂ ચરનકે, સો પાવે સાક્ષાત ॥૨॥

આવા આવા પ્રકારની અનેક સાખીઓ, છંદો ને શ્લોકો ગદ્યાત્મક ને પદ્યાત્મકથી સદ્‌ગુરૂનો મહિમા અનેક સ્થળે વર્ણવેલો છે. નમસ્કારના પહેલા પાઠમાં સિદ્ધ તે અરિહંતને વંદનીય ને મોટા હોવા છતાં પહેલાં જ "નમો અરિહંતાણુ" છે તેનું કારણુજ એ છે કે સિદ્ધને અને સિદ્ધિ પદ પામવાના દરેક ઉપાયને બતાવનાર અરિહંત છે; તેમજ ગુરૂ છે તે પણ સત્યાસત્ય માર્ગ સમજાવનાર છે એટલા સારૂ પોતાના ઉપકારી ગુરૂ દેવને પ્રેમપૂર્વક નમસ્કાર કરવા, પ્રત્યક્ષ હોય તો તેમની સન્મુખ ઉભા રહી બે હાથનાં દસ આંગળાં એકઠાં કરી 'વંદામિ'થી

પાઠનો ઉચ્ચાર કરવો, અને પ્રત્યક્ષ ગુરૂ ન હોય તો, પૂર્વે મળેલા અને ભાવનિદ્રાથી જગાડેલા અને સદ્બોધરૂપ અમૃતનું પાન કરાવી હૃદયના વિષને ત્યજાવી અપૂર્વ સમ્યક્ત્વ રત્ન યથાર્થ સમજાવી અદ-શાવેલ ઉપકારી સદ્ગુરૂને પોતાના માનસિક પ્રદેશમાં કલ્પી તેમનાં આંતર દર્શન કરી ઉપરનો પાઠ બોલી પ્રેમપૂર્વક નમસ્કાર કરવા. કદાચ ચોક્કસ રીતે ગુરૂ તરીકે કોઈને સ્વીકારવાનો પ્રસંગ ન મળ્યો હોય તો, નીચે બતાવેલા છત્રીશ પ્રકારના ગુણયુક્ત જે સાધુ પુરૂષો વિચરતા હોય તેમને ગુરૂતુલ્ય ગણી નમસ્કાર કરવા.

पंचिंदिअ संवरणो, तह नवविह बंभ चेर गुत्तिधरो ।
चउविह कसाय मुक्को, इय अठारस गुणेहिं संजुत्तो ॥१॥
पंचमहव्वय जुत्तो, पंचविहायार पालण समथ्थो ।
पंच समिओ तिगुत्तो, छत्तीस गुणो गुरु मज्झ ॥ २ ॥

અર્થ.

પંચિદિય સંવરણો—પાંચ ઇંદ્રિયોના વિષયવિકારને અટકાવનાર; તહ—તથા

નવવિહ બંભ ચેર ગુત્તિધરો—નવ પ્રકારના બ્રહ્મચર્યની ગુપ્તિને ધારણ કરનાર.

ચઉવિહ કસાય મુક્કો—ચાર પ્રકારના કષાયથી વિમુક્ત થયેલા.

ઇય અઠારસ ગુણેહિં સંજુત્તો—આ ઉપર કહેલા અઢાર પ્રકારના ગુણે કરીને યુક્ત છે.

પંચમહવ્વય જુત્તો—પાંચ મહાવ્રતોથી યુક્ત છે.

પંચવિહાયાર પાલણ સમથ્થો—પાંચ પ્રકારના આચાર પાલવાને સમર્થ છે.

પંચ સમિઓ તિગુત્તો—પાંચ સમિતિઓ અને ત્રણ ગુપ્તિને ધારણહાર.

છત્તીસ ગુણો ગુરૂ મજ્ઝ—એ અઢાર ને અઢાર છત્રીશ ગુણવાળા મારા ગુરૂ છે.

હવે એ છત્રીશ ગુણનું વધારે વિવેચન, તેમાં પ્રથમ ૫ ઇંદ્રિયો શ્રોત્રેંદ્રિય, ચક્ષુ ઇંદ્રિય, ઘ્રાણેંદ્રિય, રસેંદ્રિય, સ્પર્શેંદ્રિય, તે પાંચ ઇંદ્રિયોના ૨૩ વિષયો અને ૨૫૨ વિકારોની સમજણ નીચે પ્રમાણેઃ—

શ્રોત્રેંદ્રિય—શબ્દ, એ એક વિષય.

ચક્ષુઇંદ્રિય—સફેદ, કાળો, લીલો, પીળો, રાતો, એ પાંચ.

ઘ્રાણેંદ્રિય—સુરભિગંધ (સુવાસ) દુર્ભિગંધ (દુર્વાસ) એ બે.

રસેંદ્રિય—તીખો, કડવો, કષાયી, ખાટો, મીઠો, એ પાંચ.

સ્પર્શેંદ્રિય—ભારે, હળવો, મૃદુ, ખરખરો, ઉષ્ણ, શીત, સ્નિગ્ધ, લુખો એ આઠ.

એ પ્રમાણે ૨૧ વિષય થયા, તેને સચિત, અચિત અને મિશ્ર, એ ત્રણ ગુણા કરતાં ૬૩ થયા. તેને મનોજ્ઞ અને અમનોજ્ઞ એમ બેએ ગુણતાં ૧૨૬ થયા. તેને રાગ અને દ્વેષ એમ બેએ ગુણતાં ૨૫૨ થયા તે વિકારો જાણવા.

નવ પ્રકારની બ્રહ્મચર્યની ગુપ્તિ.

૧ *સ્ત્રી, પશુ ને નપુંસક જ્યાં રહેતા હોય તે જગ્યાનો ત્યાગ કરવો. ૨ વિષયોત્પાદક કથા વાર્તા કરવી નહિ. ૩ સ્ત્રિના બેઠેલા આસને ઉઠી ગયા પછી પણ બે ઘડી સુધી બેસવું નહિ. ૪ સ્ત્રીઓનાં

* પુરૂષોએ જેમ સ્ત્રી તેમ સ્ત્રીઓએ પુરૂષ પશુ ને નપુંસક સમજવા અને દરેક સ્ત્રી શબ્દ સ્થળે પુરૂષ શબ્દ જાણવો.

અંગોપાંગ વિષય બુદ્ધિએ નિરખવા નહિ. ૫ સ્ત્રી પુરૂષો જ્યાં ક્રીડા કરતાં હોય ત્યાં અગર સ્ત્રી વસતી હોય ત્યાં ભીંત વિગેરેના સ્વલ્પ અંતરે રહેવું નહિ. ૬ પૂર્વકાળે ભોગવેલા ભોગો સંભારવા નહિ. ૭ નિત્ય પ્રત્યે સરસ આહાર કરવો નહિ. ૮ અતિ માત્રાએ આહાર કરવો નહિ. ૯ શરીરને શૃંગારિક વસ્તુઓથી શોભાવવું નહિ, એ નવ.

ચાર કષાય—કષ્=સંસાર+આય=લાભ એટલે સંસારને વધારનાર કષાય. ક્રોધ, માન, માયા, લોભ, એ ચાર.

પાંચ મહાવ્રતઃ—

૧. સર્વ પ્રાણાતિપાત વિરમણ—સર્વ પ્રકારે પ્રાણીઓના પ્રાણનો અતિપાત કરવાથી વિરમવું (અટકવું) તે.
૨. સર્વ મૃષાવાદ વિરમણ—સર્વથા અસત્ય બોલવાથી અટકવું.
૩. સર્વ અદત્તાદાન વિરમણ—સર્વથા અદત્ત એટલે કોઇએ નહિ દીધેલ તેનું આદાન એટલે લેવું તેનાથી (ચોરીથી) અટકવું.
૪. સર્વ મૈથુન વિરમણ—સર્વ પ્રકારે અબ્રહ્મચર્યથી અટકવું.
૫. સર્વ પરિગ્રહ વિરમણ—સર્વ પ્રકારે પરિગ્રહથી અટકવું.

દરેક વ્રતમાં સર્વથા શબ્દ છે તેનો અર્થ મને, વચને, કાયાએ કરી કરવું કરાવવું કે અનુમોદવું નહિ એમ નવ પ્રકારે પાળે તે મહાવ્રત ગણાય છે, અને તેમાંના ૭ પ્રકારે પાળે તે અણુવ્રત ગણાય છે.

પાંચ આચાર—જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર, વીર્યાચાર. એ જ્ઞાનાદિ પાંચે ગુણો પોતે આદરે, બીજાને આદરાવે તથા તેનાં સાધનો કરે કરાવે અને તેના માટે પોતાની શક્તિ પ્રમાણે બનતો શુદ્ધ પ્રયત્ન કરે.

પાંચ સમિતિ—સમ=સરખાપણે+ઇ=જવું+તિ=ભાવઅર્થમાં પ્રત્યય આવે છે.

એટલે સરખું તે શાસ્ત્રોક્ત હદની બહાર નહિ તે પ્રમાણે ગમન (પ્રવર્તન) કરવું, તે સમિતિ.

૧. ઇર્યાસમિતિ—ઇર્યા=જવું તેમાં સમિતિ તે ધોંસરા (ચાર હાથ) પ્રમાણે ઉપયોગપૂર્વક વિવેકસહિત ચાલવું.

૨. ભાષા સમિતિ—સાધુતાને યોગ્ય પાપરહિત મધુર અને નિર્ણિત અર્થવાળી ભાષા બોલવી.

૩. એષણા ગવેષણા સમિતિ—આહારાદિ કલ્પતી કોઈ પણ વસ્તુ ૪૨ દોષ ટાળીને નિર્દોષ વહોરવી.

૪. આયાણ ભંડમત નિખેવણા સમિતિ—લેવા મુકવામાં સમિતિ રાખવી, રજોહરણ, પાત્રાં, વસ્ત્ર, પુસ્તકાદિ વસ્તુઓ જોઈ તપાસી ઉપયોગ સહિત લેવી મુકવી તે.

૫. ઉચ્ચાર પાસવણ ખેલ જળ સંઘાણ પારિઠાવણીયા સમિતિ—મળ, મૂત્ર, મેલ, બળખા વિગેરેનો ત્યાગ કરવામાં બહુ વિવેક પૂર્વક પરિઠવવું (ત્યજવું) કે જેથી કોઈ જીવને દુઃખ ન થાય, તેમ કોઈના મનને દુગંછા પણ ન થાય. એ પાંચ સમિતિ.

ત્રણ ગુપ્તિ—ગુપ્=રક્ષણ કરવું, રોકવું, ગોપવવું, એ પરથી ગુપ્તિ અર્થ છે. મન, વચન, અને કાયા એ ત્રણને પાપના યોગથી અટકાવી, રોકી, ધર્મમાં સ્થાપવાં. મનને દુષ્ટ સંકલ્પો આર્ત્તધ્યાન, રૌદ્રધ્યાનાદિ કર્મબંધનના કિલષ્ટ વિચારોનો નિરોધ કરી, પવિત્ર સંકલ્પો, શુભ ધ્યાનવડે, પાપમુક્ત વિચારનો વ્યાપાર કરવો. તેમ વાણી બોલવામાં પણ જેમ મુખે મુહપત્તિ સૂક્ષ્મ જીવોનું રક્ષણ કરવા

ધારીએ છીએ, તેમ વચન પણ તે આઠ પડની મુહપત્તિથી જાણે ગળીને નીકળતું હોય તેમ નિરવદ્ય પવિત્ર અને નિર્બધનીય વચન તે પણ બોલવાની જરૂર પડે તો બોલવું, નહિતો મૌન રહેવું. તેમજ શરીરને ઉઠતાં બેસતાં કે શારીરિક કોઇ પણ ક્રિયા કરતાં ઉપયોગ ચુકવો નહિ. આ પ્રમાણે પાંચ સમિતિ ને ત્રણ ગુપ્તિ, એ આઠને શાસ્ત્રમાં પ્રવચન માતાનું નામ આપેલ છે. એ ક્રિયા નવાં કર્મોને અટકાવી જુનાં કર્મો ખપાવવામાં ઉત્તમ કામ બજાવે છે. ઉપર બતાવેલા ૫ ઇંદ્રિયોના (૨૫૨) વિકારોને તથા ૪ કષાયનો નિરોધ કરનાર અને ૯ બ્રહ્મચર્યની ગુપ્તિ, ૫ મહાવ્રત, ૫ આચાર, ૫ સમિતિ, ૩ ગુપ્તિ, એવા ૩૬ ગુણવાળા સાધુ મારા ગુરૂ છે, એમ બોલવું અથવા ચિંતવવું. (આંહી બીજા પાઠનું વિવેચન પૂર્ણ થયું.)

પાઠ ૩ જો ઇરિયાવહિનો.

इच्छामि पडिक्कमिउं, इरियावाहियाए विराहणाए, गमणागमणे, पाणक्कमणे, बीयक्कमणे, हरियक्कमणे, उस्साउत्तिंग पणगदग, मट्टि, मक्कडा, संताणा, संक्कमणे, जे, मे, जीवा, विराहिया, एगेंदिया, बेइंदिया, तेइंदिया, चउरिंदिया, पंचिंदिया, अभिहया, वत्तिया, लेसिया, संघाइया, संघट्टिया, परियाविया, किलामिया, उद्दविया, ठाणाओठाणं, संक्कामिया, जीवियाओ, ववरोविया; तस्स मिच्छा मि दुक्कडं ॥

સંસ્કૃત છાયા.

इच्छामि प्रति क्रमितुं ईर्यापथिक्या विराधनया। गमनागमने, प्राण्याक्रमणे, बीजाक्रमणे, हरिताक्रमणे, अवश्यायोत्तिंगपनकोदकमृत्तिकामर्कट संतान संक्रमणे, ये मया जीवाः विराधिताः। एकेंद्रियाः द्वींद्रियाः त्रींद्रियाः चतुरिन्द्रियाः पंचेंद्रियाः। अभिहताः वर्त्तिताः श्लेषिताः संघातिताः संघट्टिताः परितापिताः क्लामिताः उपद्रविताः स्थानात्स्थानं संक्रामिताः जीवितात् व्यपरोपिताः। तस्य मिथ्या मम दुष्कृतम् ॥

અર્થ.

इच्छामि—ઇચ્છું છું.
पडिक्कमिउं—પ્રતિક્રમવાને (પાપથી પાછા ફરવાને) નિવર્તવાને.
इरिया—રસ્તામાં.
वहियाए—ચાલતી વખતે.
विराहणाए—કોઇ પણ જીવની વિરાધના થઈ હોય.
गमणागमणे—જતાં આવતાં.
पाणक्कमणे—પ્રાણી (જીવ) ને કચર્યો હોય.
बीयक्कमणे—બીજ કચર્યાં હોય.
हरियक्कमणे—લીલી વનસ્પતિને કચરી હોય.
उसा—ઝાકળ ઠાર.
उत्तिंग—કીડીઆરાં વિગેરે જીવનાં દર.
पणग—પંચવર્ણી લીલફુલ.

दग—સચેત પાણી.

मट्टि—સચેતમૃતિકા (માટી).

मक्कडा—કરોળીયાનાં પડ.

संताणा—કરોળીયાની જાળ.

संकमणे—એ સર્વનું સંક્રમણ (કચરવું) કર્યું હોય.

जे मे जीवा—એ તથા બીજા જે કોઇ જીવો તેની મેં.

विराहिया—વિરાધના કરી હોય, દુઃખ દીધું હોય.

एगेंदिया—એક ઇંદ્રિયવાળા જીવ પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ એ પાંચ.

बेइंदिया—બે ઇંદ્રિયવાળા જીવ કીડા, પોરા, કૃમિ, શંખ, સીપ, જળો, અળસીયાં વિગેરે.

तेइंदिया—ત્રણ ઇંદ્રિયવાળા જીવ કીડી, મંકોડા, ગૌયા, કુંથુવા, માકડ, જૂ, વિગેરે.

चउरिंदिया—ચાર ઇંદ્રિયવાળા જીવ માખી, મસલાં, મચ્છર, ડાંસ, વીંછી, ભમરા, વિગેરે.

पंचिंदिया—પાંચ ઇંદ્રિયવાળા જીવ જળચર, સ્થળચર, ઉરપર, ભુજપર, ખેચર તથા મનુષ્ય દેવ નારકી એ સૌ પંચેંદ્રિયો.

अभिहया—(ઉપર ગણાવેલા જીવોમાં સર્વ જીવોનો સમાવેશ થાય છે) તેમને સામાં આવતાં હણ્યા હોય.

वत्तिया—ધુળે કરી ઢાંક્યા હોય.

लेसिया—જમીન સાથે ઘસ્યા કે મસલ્યા હોય.

संघाइया—એક બીજાનાં શરીરને મેળવી બ્યાધિ કરાવેલ હોય.

संघट्टिया—સંઘટ્ટના-સ્પર્શના કરી ખેદ પમાડ્યો હોય.

परियाविया—પરિતાપ–દુઃખ ઉપજાવ્યું હોય.

किलामिया—કિલામણા–ગ્લાનિ ઉત્પન્ન કરી હોય.

उद्दविया—ઉપદ્રવ, ત્રાસ, ધ્રાશકો પમાડ્યો હોય.

ठाणाओठाणं—એક સ્થાનથી બીજે સ્થાને.

संकामिया—સંક્રમણ (લઈ જવું) કર્યું હોય.

जीवियाओ—જીવિતથી,

ववरोविआ—જુદા કર્યા–મારી નાંખ્યા હોય.

तस्स मिच्छा मि दुक्कडं—(ઉપર પ્રમાણે કાંઇ પણ થયું હોય) તેનું તે સંબંધી દુષ્કૃત પાપ લાગ્યું હોય તે મિથ્યા થાઓ.

વિવેચન.

આ પાઠનો મૂળ ઉદ્દેશ એવો છે કે લાગેલાં પાપનો પશ્ચાત્તાપ કરવો. કોઈ પણ પ્રાણીને પોતાની કોઈ પણ ક્રિયાવડે દુઃખ આપવું તે પાપ છે, અને એવા પાપનો બને તેટલા અંશે ત્યાગ અને કરેલ પાપનો પશ્ચાત્તાપ ધર્માભિલાષીઓને કરવો જરૂરનો છે. જૈન શાસ્ત્રમાં દરેક ધાર્મિક ક્રિયા કરવા અગાઉ ક્ષેત્રવિશુદ્ધિ કરવાનું સ્વીકારેલ છે, કારણકે હૃદયરૂપ ક્ષેત્ર પાપોથી અશુદ્ધ હોય તો તેમાં ધર્મના પવિત્ર બીજકો ઉગી નીકળવાના બદલે નષ્ટ થાય છે. પ્રાણાતિપાતાદિ અ-ઢાર પ્રકારનાં પાપો છે તેમાં આ સ્થળે પ્રથમ હિંસાનો પશ્ચાત્તાપ જણાવેલો છે, તેનું કારણ એ કે હિંસામાં બાકીનાં સત્તર પાપોનો સમાવેશ થાય છે. હિંસાના મુખ્ય બે ભેદ છે. સ્વહિંસા અને પર-હિંસા. અઢાર પાપોમાંના કેટલાંક પાપોમાં પરહિંસાનો સમાવેશ થાય છે ને કેટલાંકમાં થતો નથી, પણ સ્વહિંસામાં તો દરેક પાપનો સ-માવેશ થાય છે. તે અઢારનાં નામઃ—૧ પ્રાણાતિપાત (હિંસા),

૨ મૃષાવાદ (જુઠું), ૩ અદત્તાદાન (ચોરી), ૪ મૈથુન, ૫ પરિગ્રહ, ૬ ક્રોધ, ૭ માન, ૮ માયા, ૯ લોભ, ૧૦ રાગ, ૧૧ દ્વેષ, ૧૨ કલેશ, ૧૩ અભ્યાખ્યાન (આળ), ૧૪ પૈશુન (ચાડી), ૧૫ પરપરિવાદ (નિંદા), ૧૬ રતિ અરતિ, ૧૭ માયામોસો (કપટ સહિત જુઠું) ૧૮ મિથ્યા દર્શનશલ્ય (અસત્ય ધર્મરૂપ શલ્ય).

આ દરેક પાપ આદરવાથી સ્વહિંસા થાય છે. જઘન્ય મન વચન ને કાયા એમ ત્રણ પ્રકારે અને ઉત્કૃષ્ટિ (૧૮૨૪૧૨૦) પ્રકારે હિંસાની ગણના કરી છે તે નીચે પ્રમાણે:—

જીવને અને તેના સ્થાનને વધારે સારી રીતે ઓળખી શકે એટલા માટે તેના ૫૬૩ ભેદ શાસ્ત્રમાં બતાવ્યા છે. નર્ક ગતિના ૧૪ ભેદ, તિર્યંચના ૪૮ ભેદ, મનુષ્યના ૩૦૩ ભેદ, ને દેવના ૧૯૮ ભેદ, એમ સર્વ મળી ૫૬૩ ભેદ થયા. હવે તે જુદા જુદા બતાવાય છે. આ સ્થળે એટલું લક્ષમાં રાખવું કે જીવ જ્યારે ઉત્પન્ન થાય છે ત્યારે પર્યાપ્તિ (આહાર, શરીર, ઇંદ્રિય, શ્વાસોશ્વાસ, ભાષા, મન) એ ૭ હોય છે. તેમાંની જે જીવને જેટલી બાંધવાની હોય તેટલી અંતર્મુહૂર્તમાં બાંધે છે, ત્યારે તે પર્યાપ્ત કહેવાય ને પૂર્ણ ન બંધાણી હોય ત્યાં સુધી અપર્યાપ્ત જીવ ગણાય છે.

સાત નર્કના પર્યાપ્તા અને અપર્યાપ્તા ગણાતાં ૧૪ ભેદ નરકના થાય. પૃથ્વી કાય, અપકાય, તેઉકાય, વાઉકાય, એ ચાર સૂક્ષ્મ અને ચાર બાદર, એમ ૮ ના પર્યાપ્તા અને અપર્યાપ્તા મળી ૧૬ ભેદ. વનસ્પતિ સૂક્ષ્મ, પ્રત્યેક, ને સાધારણ, એ ત્રણના પર્યાપ્તા ને અપર્યાપ્તા મળી ૬ ભેદ. વિગલેંદ્રિય (બેઇંદ્રિય, તેરિંદ્રિય, ચઉરિંદ્રિય) એ ત્રણના પણ ઉપર પ્રમાણે ૬ ભેદ, જળચર, થળચર, ઉરપર, ભુજપર, ખેચર

એ પાંચ પ્રકારના તિર્યંચ પંચેંદ્રિયના સંમુર્છિમ અને ગર્ભજ તથા પર્યાપ્તા અને અપર્યાપ્તા ગણુતાં ૨૦ ભેદ. એમ સર્વ મળી ૪૮ ભેદ તિર્યંચના થાય. ૧૫ કર્મભૂમિ, ૩૦ અકર્મભૂમિ, અને ૫૬ અંતરદ્વીપના મળી કુલ ૧૦૧ ક્ષેત્રનાં ગર્ભજ મનુષ્યનાં પર્યાપ્તા ને અપર્યાપ્તા ગણુતાં ૨૦૨ અને સંમુર્છિમ અપર્યાપ્તા ૧૦૧ ભેળવતાં ૩૦૩ ભેદ મનુષ્ય ગતિના થાય. ૧૦ ભવનપતિ દેવ, ૧૫ પરમાધામી, ૧૦ જંભકા, ૧૬ વાણવ્યંતર, ૧૦ જ્યોતિષી, ૧૨ વૈમાનિક દેવ, ૯ ગ્રૈવેયક, ૫ અનુત્તર વિમાની, ૩ કીલ્વીષયા, ૯ લોકાંતિક, એ પ્રમાણે સર્વ મળી ૯૯ પ્રકારના દેવતા પર્યાપ્તા અને અપર્યાપ્તા મળી ૧૯૮ ભેદ દેવ ગતિના થાય. આ પ્રમાણે ચારે ગતિના મળીને સર્વ ૫૬૩ ભેદ થાય. આનો વધારે વિસ્તાર નવ તત્ત્વાદિ થોકડાથી જાણવો. હવે મિચ્છામિ દુક્કડંનું પ્રમાણ—ઉપર બતાવેલ ૫૬૩ ભેદને 'અભિહયા' થી 'જીવિયાઓ વવરોવિયા' સુધી દશ પદો કે જે જીવને વિરાધના (હિંસા) ના વિષયના છે, એ દશે ગુણતાં ૫૬૩૦ થાય; તે વિરાધના રાગે ને દ્વેષે થાય છે, તેથી તેને બેએ ગુણતાં ૧૧૨૬૦ થાય. તે હિંસા મન વચન, કાયા એ થાય છે, તેથી તેને ત્રણે ગુણતાં ૩૩૭૮૦ થાય. તે પાપ કરવું, કરાવવું, અને અનુમોદવું એમ ત્રણ પ્રકારે થાય છે; માટે તેને ત્રણે ગુણતાં ૧૦૧૩૪૦ થાય. તેને ત્રણ કાળ ભૂત, ભવિષ્ય અને વર્ત્તમાનકાલ એમ ત્રણે ગુણતાં ૩૦૪૦૨૦ થાય. તેને અરિહંત, સિદ્ધ, આચાર્યજી, ઉપાધ્યાયજી, ગુરૂજી, અને આત્મા, એ છની સાક્ષીયે ગુણતાં ૧૮૨૪૧૨૦ થાય, તેટલા ભાંગે પાપ લાગ્યું હોય તો મિચ્છા મિદુક્કડં. આ પ્રમાણે પાપની આલોયણા કર્યા છતાં વિશેષ શુદ્ધિ કરવા માટે ચોથો પાઠ તસ્સઉત્તરીનો યોજેલો છે.

પાઠ ૪ થો તસ્સઉત્તરીનો.

तस्स उत्तरीकरणेणं, पायच्छित्त करणेणं, विसोहि करणेणं, विसल्लो करणेणं, पावाणं, कम्माणं, निग्घायणठाए, ठामि काउस्सग्गं ॥ अन्नथ्थ उससिएणं, नीससिएणं, खासिएणं, छीएणं, जंभाइएणं, उड्डुएणं, वायनिसग्गेणं, भमलिए, पित्तमुच्छाए, सुहुमेहिं अंग संचालेहिं, सुहुमेहिं खेल संचालेहिं, सुहुमेहिं दिट्ठि संचालेहिं, एवमाइएहिं आगारेहिं, अभग्गो, अविराहिओ, हुज्ज मे काउस्सग्गो, जाव अरिहंताणं, भगवंताणं न मोक्कारेणं नपारेमि तावकायं, ठाणेणं, मोणेणं झाणेणं अप्पाणं वोसिरामि ॥

સંસ્કૃત છાયા.

तस्य उतरीकरणेन, प्रायश्चित्तकरणेन, विशुद्धिकरणेन, विशल्यकरणेन, पापानां कर्मणां निर्घातनार्थं, करोमि कायोत्सर्गम् ॥ अन्यत्र उच्छ्वसितेन, निश्वासितेन, कासितेन, क्षुतेन, जृम्भितेन, उद्गारितेन, वातनिसर्गेण, भ्रमर्या, पित्तमूर्च्छया, सूक्ष्मैः अंगसंचालैः, सूक्ष्मैः श्लेष्मसंचालैः, सूक्ष्मैः दृष्टिसंचालैः। एवमादिभिः, आकारैः अभग्नः अविराधितः भवेत् मम कायोत्सर्गः । यावत् अर्हतां भगवतां नमस्कारेण, न पारयामि, तावत् कायं स्थानेन, मौनेन, ध्यानेन, आत्मानं व्युत्सृजामि ॥

અર્થ.

तस्स—તેની (ઇરિયાવહિયાના પાઠથી આલોવતાં છતાં રહી ગયેલ પાપવાળા આત્માની)

उत्तरीकरणेणं—વિશેષ શુદ્ધિ કરવાને.

पायच्छित्तकरणेणं—લાગેલાં પાપનું છેદન કરવાને.

विसोहिकरणेणं—આત્માને (વિશુદ્ધ) વધારે નિર્મળ કરવાને.

विसल्लीकरणेणं—ત્રણ શલ્ય (કપટ, નિયાણું, મિથ્યાત્વ એ ત્રણ) થી રહિત કરવાને.

पावाणं कम्माणं—અઢાર પ્રકારનાં પાપને ઉત્પન્ન કરનાર આઠ કર્મો, તેને.

निग्घायणट्ठाए—નિર્ઘાતન એટલે ઉચ્છેદ-નાશ કરવાને અર્થે.

ठामि काउस्सग्गं—સ્થિત થાઉં છું (કાયોત્સર્ગ-શરીરના વ્યાપારનો ત્યાગ) કાઉસગ્ગ પ્રત્યે.

अन्नत्थ—અન્યત્ર, બીજું લક્ષમાં રાખવાનું એ છે કે હવે ઉચ્છ્વાસાદિ આગારો કહેવાશે. તે વર્જીને કાયાના વ્યાપારનો ત્યાગ કરવાનો છે તે આગારો કહે છે.

उससिएणं—ઉંચો શ્વાસ લેવા વડે-૧

नीससिएणं—નીચો શ્વાસ લેવા વડે-૨

खासिएणं—ખાંસી, ઉધરસ આવ્યા વડે-૩

छीएणं—છીંક આવવા વડે-૪

जंभाइएणं—બગાસું આવવા વડે-૫

उड्डुएणं—ઓડકાર આવવા વડે-૬

वायनिसग्गेणं—વાયુ અધો દ્વારે જવા વડે-૭

भमलिये—ભમરી, ચક્કર, ફેર આવ્યા વડે-૮

पित्तमुच्छाए—પિત્તના પ્રકોપે મૂર્ચ્છાવડે-૯

सुहुमेहिं अंगसंचालेहिं—સૂક્ષ્મ અંગના ચાલવા વડે-૧૦

सुहुमेहिं खेलसंचालेहिं—સૂક્ષ્મ શ્લેષ્મ-કફ-ગળવાથી થતા સંચાર વડે-૧૧

सुहुमेहिं दिट्ठिसंचालेहिं—સૂક્ષ્મ દૃષ્ટિના ચાલવા વડે-૧૨

एवमाइएहिं आगारेहिं—(જે બાર આગાર ઉપર જણાવ્યા) એ આદિ દઈને એટલે ચોર અથવા રાજા કે અગ્નિ કે હિંસક પ્રાણીના ભયથી કાઉસગ્ગ છુટી જાય તો તેવા પ્રકારના અકસ્માતના આગારે કરીને,

अभग्गो—(કરેલ કાઉસગ્ગ) અભગ્ન-ભાગે નહિ.

अविराहिओ—અવિરાધિત-હાનિ પહોંચે નહિ (એ પ્રકારે).

हुज मे काउस्सग्गो—મારો કાયોત્સર્ગ હોજો. (ક્યાં સુધી?)

जाव—જ્યાંસુધી.

अरिहंताणं भगवंताणं—અરિહંત ભગવાનને.

नमोकारेणं—નમસ્કાર વડે.

न पारेमि—પારૂં નહિ-એટલે કાયોત્સર્ગના પારને ન પામું. (સમાપ્ત ન કરૂં).

ताव कायं—ત્યાંસુધી મારા શરીરને.

ठाणेणं—એકજ સ્થાનકે સ્થિર રહીને,

मोणेणं—મૌનપણું રાખીને,

झाणेणं—ધર્મધ્યાને કરીને (મનને એકાગ્ર કરીને,)

अप्पाणं वोसिरामि—સાવદ્ય વ્યાપાર થકી આત્માને (કાયાને) ત્યજું છું.

વિવેચન.

ચોથા પાઠનો આશય આત્માને વધારે શુદ્ધ કરવાનો છે, અને તે માટે કાયોત્સર્ગ કરવાની જરૂર છે. કાયોત્સર્ગમાં બતાવેલા આગારો કાયાના વ્યાપાર કુદરતી રીતે વગર ઇચ્છાએ થઈ જવા સંભવ છે તે માટે રાખેલા છે કે જેથી કરેલી પ્રતિજ્ઞામાં ભંગ થતો નથી. આત્માની મલીનતાને દૂર કરવાને માટે કરાયેલી ભૂલોને સંભારી ધારી વિચારી તેનો પશ્ચાત્તાપ કરી કપટ, છળ, દગો, મિથ્યાત્વ, જેવા પાપના ડૂચાને દૂર કરી આંતર્પ્રદેશ શલ્યરહિત કરવો. પ્રત્યેક સાંસારિક વ્યાપાર પ્રસંગે લાગેલા ડાઘ ભુંસાઓ, નાશ થાઓ, મારી વૃત્તિને બેભાન કરનારાં સ્વાર્થી ભૂતો આ વખતે મારાથી દૂર રહો, એવી ઉત્તમ ભાવના ભાવી, મન વચન કાયાની શુદ્ધિથી સમાધિ દશા પ્રાપ્ત કરવાનો આ પાઠનો ઉદ્દેશ છે. આ પાઠ યોગદશાનું ભાન કરાવે છે. કાયોત્સર્ગનો ઉદ્દેશ હૃદયશુદ્ધિનો હોઈ કાઉસગ્ગમાં અશુભ પ્રવૃત્તિને અટકાવી ચિત્તને સ્થિર કરી અમુક શ્વાસોશ્વાસ પર્યંત પરમાત્મા સાથે જોડાવું, અર્થાત્ તેમનું ધ્યાન અગર સ્વાત્મધ્યાન ધરવું જોઇએ, પણ દરેકને ધ્યાનના રસ્તાની ગમ ન હોય એથી પરંપરાથી એમ ઠરાવ્યું છે કે, ત્રીજો પાઠ (ઇરિયાવહીનો) મનમાં કાઉસગ્ગ વખતે બોલવો.

પાઠ ૫ મો લોગસ્સનો.

लोगस्स उज्जोयगरे । धम्मतित्थयरे जिणे ॥
अरिहंते कित्तइस्सं । चउविसंपि केवली ॥ १ ॥

उसभमजियं च वंदे। संभवमभिनंदणं च सुमइं च ॥
पउमप्पहं सुपासं । जिणं च चंदपहं वंदे ॥ २ ॥
सुविहिं च पुप्फदंतं । शीयल सिज्जंस वासुपुज्जं च ॥
विमलमणंतं च जिणं । धम्मं संतिं च वंदामि ॥ ३ ॥
कुंथुं अरं च मल्लिं । वंदे मुणिसुव्वयं नमिजिणं च ॥
वंदामि रिठ्ठनेमिं । पासं तह वद्धमाणं च ॥ ४ ॥
एवं मये अभिथुया । विहुयरयमला पहीणजरमरणा ॥
चउवीसं पि जिणवरा । तिथ्थयरा मे पसीयंतु ॥ ५ ॥
कित्तिय वंदिय महिया। जे ए लोगस्स उत्तमासिद्धा ॥
आरुग्ग बोहिलाभं । समाहिवरमुत्तमं दिंतु ॥ ६ ॥
चंदेसु निम्मलयरा । आइच्चेसु अहियं पयासयरा ॥
सागरवर गंभीरा । सिद्धासिद्धिं मम दीसंतु ॥ ७ ॥

સંસ્કૃત છાયા.

लोकस्य उद्योतकरान् । धर्मतीर्थकरान् जिनान् ॥
अर्हतः कीर्त्तयिष्ये । चतुर्विंशतिमपि केवलिनः ॥ १ ॥
ऋषभमजितं च वंदे । संभवमभिनंदनं च सुमतिं च ॥
पद्मप्रभं सुपार्श्वं । जिनं च चंद्रप्रभं वंदे ॥ २ ॥
सुविधिं च पुष्पदंतं । शीतलश्रेयांसवासुपूज्यान् च ॥
विमलमनंतं च जिनं । धर्मं शांतिं च वंदे ॥ ३ ॥

कुंथुं अरं च मल्लिं । वंदे मुनिसुव्रतं नमिजिनं च ॥
वंदे अरिष्टनेमिं । पार्श्वं तथा वर्धमानं च ॥ ४ ॥
एवं मया अभिष्टुता । विधूतरजोमलाः प्रक्षीणजरामरणाः ॥
चतुर्विंशतिरपि जिनवराः । तीर्थंकराः मम प्रसीदंतु ॥ ५ ॥
कीर्तित वंदितमाहिताः । ये एते लोकस्य उत्तमासिद्धा ॥
आरोग्य बोधिलाभं । समाधिवरमुत्तमं ददतु ॥ ६ ॥
चंद्रेभ्यो निर्मलतराः । आदित्येभ्यः अधिकं प्रकाशकराः ॥
सागरवर गंभीराः । सिद्धाः सिद्धिं मम दिशंतु ॥ ७ ॥

અર્થ.

लोगस्स—લોકના (સ્વર્ગ, મૃત્યુ, પાતાલ ત્રણુ લોકને વિષે).
उज्जोयगरे—ઉદ્યોત–પ્રકાશના કરનારા (કેવળજ્ઞાનરૂપ પ્રદીપથી).
धम्मतित्थयरे—જેનાથી તરાય છે એવા ધર્મરૂપ તીર્થના કરનારા.
जिणे—રાગદ્વેષને જીતનારા એવા જીનોને.
अरिहंते—કર્મરૂપ શત્રુને હણુનારા અરિહંતોને.
कीत्तइस्सं—કીર્તન–પ્રશંસા–સ્તુતિ કરીશ.
चउविसंपि—ચોવીશ તીર્થંકરો તથા તે સિવાય બીજા પણુ.
केवली—કેવળ જ્ઞાનીઓને.
उसभं—શ્રી ઋષભદેવને, ૧
अजितं च वंदे—અને શ્રી અજીતનાથને વાંદું છું. ૨
संभवं—શ્રી સંભવનાથને, ૩
अभिनंदणं च—અને શ્રી અભિનંદન સ્વામીને, ૪

सुमइं च—વળી સુમતિનાથને, ૫
पउमप्पहं—પદ્મપ્રભને. ૬
सुपासं—સુપાર્શ્વનાથને, ૭
जिणं च—વળી જીન એવા,
चंदपहं वंदे—ચંદ્રપ્રભુને વાંદું છું. ૮
सुविहिं च पुप्फदंतं—વળી સુવિધિ પ્રભુનું બીજું નામ પુષ્પદંત પ્રભુ છે તેમને, ૯
सियलं—શ્રી શીતળનાથને, ૧૦
सिज्जंसं—શ્રી શ્રેયાંસનાથને, ૧૧
वासुपुज्जं च—અને શ્રી વાસુપૂજ્યને. ૧૨
विमलं—શ્રી વિમળનાથને, ૧૩
अणंतं च—શ્રી અનંતનાથને વળી. ૧૪
जिणं—જિન એવા,
धम्मं—ધર્મનાથને, ૧૫
संतिं च वंदामि—વળી શાંતિનાથને વાંદું છું. ૧૬
कुंथुं—શ્રી કુંથુનાથને, ૧૭
अरं च—શ્રી અરનાથને વળી, ૧૮
मल्लिं—શ્રી મલ્લીનાથને, ૧૯
वंदे—વાંદું છું.
मुणिसुव्वयं—શ્રી મુનિસુવ્રતને, ૨૦
नमिजिणं च—વળી નમિજિનને, ૨૧
वंदामि—વાંદું છું.
रिट्ठनेमिं—શ્રી અરિષ્ટનેમિને, ૨૨
पासं तह—શ્રી પાર્શ્વનાથને તથા, ૨૩

वद्धमाणं च—શ્રી વર્ધમાનને, (મહાવીર સ્વામીને) ૨૪

एवं मए—એ પ્રકારે મેં-મારા જીવે,

अभिथुया—નામપૂર્વક સ્તવ્યા-સ્તુતિ કરી.

विहुयरयमला—(તે તીર્થંકરો કેવા છે ?) ટાળી છે કર્મરૂપ રજ જેમણે એવા,

पहीणजरमरणा—પ્રક્ષીણ-ક્ષય કર્યા છે જરા ને મરણ જેમણે (સમય સમય આયુષ્ય ઘટે તે જરા અને સર્વથા આયુષ્ય ઘટે તે મરણ).

चउविसंपि—ચોવીશે તીર્થંકરો તથા અન્ય પણ,

जिणवरा—જીવનરો એટલે સામાન્ય કેવળજ્ઞાની,

तिथ्थयरा मे—તીર્થંકર દેવો મારા ઉપર,

पसीयंतु—પ્રસન્ન થાઓ, કૃપા કરો.

[1]**कित्तिय**—કીર્તિત-ઈંદ્રાદિથી કીર્તના કરાયેલા:

वंदिय—વંદિત-ઈંદ્રાદિથી વંદાયેલા.

महिया—મહિત-ઈંદ્રાદિથી પૂજાયેલા.

जे ए—એવા જે તે

लोगस्स—લોકના (લોકના વિષે)

उत्तमा—ઉત્તમ-પ્રધાન,

सिद्धा-સિદ્ધ થયા છે.(નિષ્ઠિતાર્થ) જેના સર્વ અર્થ સંપૂર્ણ થયા છે,

आरुग्ग—આરોગ્યતા-રોગરહિતપણું.

बोहिलाभं—બોધિલાભ-સમ્યક્ત્વ પ્રાપ્તિને,

समाहिवरमुत्तमं—પ્રધાન અને ઉત્તમ પ્રકારની સમાધિ, (પરમશાંતિ) ને

दिंतु—દો-આપો.

पाठांतरं—૧ **कित्तिया** કિર્ત્તના કરી, **वंदिया** વાંદ્યા, **मए** મેં.

चंदेसु निम्मलयरा—ચંદ્રમા કરતાં અતિશે નિર્મળ.

आइच्चेसु अहियं पयासयरा—સૂર્ય થકી અધિક પ્રકાશ કરનારા.

सागरवरगंभीरा—સાગરમાં મોટો સ્વયંભૂ રમણ સમુદ્ર પેઠે ગંભીર એવા.

सिद्धा—સિદ્ધ-પરમાત્મા,

सिद्धिं—સિદ્ધિ-મુક્તિને,

मम दिसंतु—મને આપો.

વિવેચન.

ચોથા પાઠથી વિશુદ્ધ બનાવેલા હૃદયક્ષેત્રમાં અમૃતના વરસાદ રૂપ પાંચમો પાઠ બોલવાનો છે. બીજા પાઠો ગદ્યમાં છે અને આ પાઠ પદ્યમાં છે. પહેલો શ્લોક અનુષ્ટુપ્ છંદ અને બાકીના આર્યા છંદમાં રચાયેલ છે. આ પાઠનો ઉદ્દેશ ચોવીશ તીર્થંકરોનું એક ચિત્તથી સ્તવન કરી હૃદયને પવિત્ર કરવાનો છે, માટે પાઠ બોલતાં એવો સંકલ્પ રચવો કે પરમાત્માની અતુલ કૃપાવડે તેમના અનંત પ્રકાશમય પવિત્ર કિરણો મારા હૃદયપ્રદેશમાં પ્રવેશ કરી મારી ભાવના પ્રમાણે મને શુદ્ધ કરતા હોય એમ શ્લોકોને અર્થની સમજણપૂર્વક ગાતાં ગાતાં વિચારવું. અન્ય દર્શનોમાં યોગનાં ઘણાં શાસ્ત્રો રચાયેલાં છે, તેમ જૈનમાં પણ જ્ઞાનાર્ણવ, યોગપ્રદીપ, યોગશાસ્ત્ર, યોગબિંદુ વિગેરે બીજા પણ યોગ સંબંધીના ગ્રંથો છે; અને તેમાં સમાધિ પ્રાપ્ત કરવાનો સરલ માર્ગ દર્શાવ્યો છે. આંહી સૂચનારૂપ જણાવેલ છે કે હે પ્રભુ! "સમાહિવરમુત્તમં દિંતુ" અમોને ઉત્તમ પ્રકારની સમાધિ આપો. સમાધિ એ યોગનું છેવટનું અંગ છે. યોગનાં શાસ્ત્રોમાં તેનું વિવેચન બહુજ મનન કરવા જેવું બતાવ્યું છે. યોગ એ દરેક પ્રાણી-

ઓને પરમાનંદ પ્રાપ્ત કરવાની ચાવી છે. તે ચાવી માત્ર યોગનાં શાસ્ત્રો વાંચવાથી પ્રાપ્ત થવી દુર્લભ છે. યોગનિષ્ટ સદ્‌ગુરૂની કૃપાથીજ તે ચાવી મેળવી શકાય છે. જિજ્ઞાસુ પુરૂષને અધિકાર પ્રમાણે પ્રાપ્ત થાય છે. ઘણા માણસના મનમાં એવું ભૂત હોય છે કે નિરંજન નિરાકાર પરમાત્મા તો કોઈનું સારૂં કે નરસું કરતા નથી માટે તેનું સ્મરણ કે કૃપાની યાચના કરવી એ ફજેત મળવા જેવું છે. આ ભૂત તેની અજ્ઞાનતાનુંજ છે. અગ્નિ કે પાણીને કોઇને સુખી કે દુઃખી કરવાની ઇચ્છા નથી હોતી છતાં તે પદાર્થોમાંજ એવો ગુણ છે કે વિધિપૂર્વક તેનો ઉપયોગ કરનારને તેનાથી સુખ મળે છે, અને અવિધિથી એટલે અગ્નિમાં હસ્તાદિ નાંખવાથી અને પાણીના મોટા સ્થાનમાં પડતું મુકવાથી દુઃખ મળે છે. એમાં અગ્નિ કે પાણીએ ઇરાદાપૂર્વક સુખ દુઃખ આપ્યાં નથી પણ તેનામાં તેવા ગુણો છે. તેમ પરમાત્માના સન્મુખ વિધિપૂર્વક સ્તવન ધ્યાન કીર્તન કરવાથી આપણામાં સદ્‌ગુણો પ્રાપ્ત થઇ સુખ મળે છે, અને તેમનાથી વિમુખ થઇ તેમના ન્યાયનો અનાદર કરી અપમાન કરવાથી દુઃખ મળે છે; શાસ્ત્રમાં કહ્યું છે કે **यादृशी भावना यस्य सिद्धिर्भवति तादृशी** જેવી જેની ભાવના તેને તેવી સિદ્ધિ મળે છે. દુષ્ટનો સમાગમ દુષ્ટમય બનાવે છે અને સંતનો સમાગમ સંતમય બનાવે છે. તેમ પરમાત્માના ધ્યાનનો પરિચય પણ ક્રમે ક્રમે પોતામય બનાવવા પ્રયત્ન કરે છે, એ નિઃસંશય છે. માટે દરેકે પરમાત્માના પવિત્ર કાયદાઓજ દયા–સત્ય–અસ્તેય–બ્રહ્મચર્ય–પરોપકાર–નીતિ–પ્રામાણિકતા–બંધુત્વ–દુષ્ટતાનો ત્યાગ–આદિ શાસ્ત્રોક્ત ન્યાયનું પરિપાલન કરવા સાથે પરમાત્માના સ્મરણ કીર્તનમાં જોડાવું એ આવશ્યક છે.

પાઠ ૬ ઠ્ઠો કરેમિ ભંતેનો.

દ્રવ્યથકી સાવજ્જ જોગનાં પચ્ચખાણ, ક્ષેત્રથકી આખા લોક પ્રમાણે, કાળથકી બે ઘડી ઉપરાંત ન પાળું ત્યાં સુધી, ભાવથકી છ કોટીયે પચ્ચખાણ.

करेमि भंते सामाइयं, सावज्जं जोगं पच्चखामि, जाव नियमं पज्जुवासामि, दुविहं तिविहेणं न करेमि न कारवेमि मणसा वयसा कायसा तस्स भंते पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वोसिरामि ॥

સંસ્કૃત છાયા.

करोमि हे भगवन् सामायिकं सावद्यंयोगं प्रत्याख्यामि यावत् नियमं पर्युपासे, द्विविधं त्रिविधेन मनसा वचसा कायेन न करोमि न कारयामि तस्य भगवन प्रतिक्रमामि निंदामि गर्हे आत्मानं व्युत्सृजामि ॥

અર્થ.

દ્રવ્યથકી સાવજ્જ જોગનાં પચ્ચખાણ—વસ્તુ જે પાપ તેના યોગને ત્યજું છું.

ક્ષેત્રથકી આખા લોક પ્રમાણે—(તે પાપો ક્યા ક્ષેત્ર આશ્રી ?) સર્વ લોકના પ્રમાણમાં.

કાળથકી બે ઘડી ઉપરાંત ન પાળું ત્યાંસુધી—તેનો વખત કેટલો ? બે ઘડી ઉપરાંત મારી ઇચ્છાપર્યંત.

ભાવથકી છ કોટીયે પચ્ચખાણ—મારા શુદ્ધ અંતઃકરણે કરી છ પ્રકારે પાપયોગને ત્યજું છું. (બંધી કરૂં છું). (આટલો પાઠ આચાર્યોએ પાછળથી વધારે સમજણ પડે તેટલા માટે ગુજરાતી ભાષામાં યોજેલો છે). હવે પચ્ચખાણનો મૂળ પાઠઃ—

करेमि भंते—(હું) કરૂં છું હે પૂજ્ય-ભગવન્-ભદંત (કલ્યાણકારી) ભયાંત (ભયનો અંત કરનાર) ભવાંત (ભવનો અંત કરનાર).

सामाइयं—સામાયિકને,

सावज्जंजोगं—સાવદ્ય પાપ તેના યોગ એટલે વ્યાપારને,

पच्चखामि—બંધ કરૂં છું, નિષેધું છું, ત્યજું છું.

जाव—જ્યાંસુધી.

नियमं—(ઉપર વખત જણાવેલ છે) તે મર્યાદાસુધી.

पज्जुवासामि—એ વ્રતને સેવું ને તેમાં જ વર્તું.

दुविहं—બે પ્રકારે
तिविहेणं—ત્રણ પ્રકારે
} નીચે બે કરણ અને ત્રણ યોગ બતાવેલ છે તે.

न करेमि—હું પોતે સાવદ્ય વ્યાપાર (પાપ) કરૂં નહિ
न कारवेमि—અન્ય પાસે પાપ કરાવું નહિ
} આ બે પ્રકારના કરણ કહેવાય છે.

मणसा—મને કરી
वयसा—વચને કરી
कायसा—કાયાએ કરી
} આ ત્રણ પ્રકારના યોગ ગણાય છે.

तस्स भंते—તે બે કરણને ત્રણ યોગે ગુણતાં છ કોટીયે (છ પ્રકારે) એ પાપ રૂપ વ્યાપારોને હે ભગવન્

पडिक्कमामि—ત્યજું છું-તેથી નિવર્તું છું.

निंदामि—તે પાપોને આત્મસાક્ષીએ નિંદું છું.
गरिहामि—ગર્હા કરૂં છું–ગુરૂસાક્ષીએ ધિક્કારૂં છું.
अप्पाणं—અશુભ યોગમાં પ્રવેશ કરતા પાપાત્માને પાપો થકી–
वोसिरामि—ત્યજું છું.

વિવેચન.

આ પાઠ શિવાય ઉપરના દરેક પાઠ હૃદયક્ષેત્રને વિશુદ્ધ કરવાના છે, અને આ પાઠ શુદ્ધ થયેલા હૃદયથી સમસ્થિતિ રાખવારૂપ સામાયિક વ્રતને આદરવાનો છે. " કરેમિ ભંતે " એ વાક્યથી ઉભા થઇ બે હાથ જોડી આખો પાઠ ગુરૂ સમીપે બોલવાનો છે. (પાઠાર્થ) હે ભદંત–કલ્યાણકારી ભવાંત–ભવનો અંત કરનાર, ભયાંત–ભયનો અંત કરનાર, ભગવન્–જ્ઞાનવાન્–એવા હે પૂજ્ય મેં જેટલા કાળનો નિયમ કર્યો છે, ત્યાંસુધી મને વચને કાયાયે કરી અઢાર પાપમાંના કોઇ પણ પાપને કરીશ કે કરાવીશ નહિ, એ ક્રિયાને ધિક્કારૂં છું, અને તે પાપો થકી મારા આત્માને વિમુક્ત કરૂં છું. આમ કહેવાનો ભાવાર્થ એ છે કે ક્ષેત્ર વિશુદ્ધિના કાળ પહેલાં હું પાપના વ્યાપારમાં જોડાયેલો હતો, હવેથી એ પાપોને હું ત્યજું છું, માટે તે દરેક ભૂતો મારા ધારેલા કાળપર્યંત દૂર રહો, મને ન અડકો, મારી લાલસાઓ, તૃષ્ણાઓ અને સંકલ્પ વિકલ્પના દરેકે દરેક વ્યાપારો, અદૃશ્ય બનો; મારા કર્મકોષમાં રહેલાં તેનાં કારણોને હાલ હું મજબૂત તાળું વાસું છું, કે હાલ સંસારનો કોઇ પણ વિચાર સ્ફુરી મને અશુદ્ધ ન કરે. આખા સંસારથી મારૂં મન હાલ ન્યારૂં રાખી મારા ઘરનો હીસાબ તપાસવા, પરમાત્માનાં ફરમાનો વિચારવા, અને મારૂં બગડી ગયેલું માનસિક ઘડીઆળ સુધારવા માટે હું રોકાયો છું, એટલા માટે હે દુષ્ટ વિચારરૂપ

પિશાચો ! અને મમતા-તૃષ્ણા તથા અનેક ખરાબ આદતોરૂપ હે દુષ્ટ પિશાચિનીયો ! મારાથી ટેવેલ વખત સુધી દૂર રહો, દૂર રહો; ના પાડવા છતાં આવવાનું સાહસ કરશો તો તમારૂં માન બીલકુલ નહિ રહે, માટે અળગા રહો ! આ પ્રમાણે પોતાના શુદ્ધ મનથી સંકલ્પ બાંધવો અને ધારેલા વખત સુધી બરાબર ઉપયોગ રાખવો એટલે બંધ કરેલ છકોટીનાં છ દ્વારપર ચોકી રાખી હોય, તેમ લક્ષ રાખવું કે રખે દુષ્ટ પિશાચો પ્રવેશ કરી આપણા આરંભેલા યજ્ઞને અશુદ્ધ ન કરે ! સામાયિક કરનારાએ ૧૦ મનના, ૧૦ વચનના, ૧૨ કાયાના એમ બત્રીશ દોષો તથા પાંચ અતિચાર જે આગળ કહેલા છે તેથી ઓળખીતા થવું કે જેથી તે દોષ ઉત્પન્ન થતાં જ ત્યજી શકાય. આ પાઠ થઈ રહ્યા બાદ સામાયિક વ્રત તો અદરાયું પણ ત્યારપછી અરિહંત ભગવંતને વંદન કીર્તન અને બહુ માન કરવાનું આપણા પૂર્વાચાર્યોએ સ્વીકારેલ છે માટે તે પાઠ બોલવો.

પાઠ ૭ મો નમોત્થુણં.

नमोत्थुणं अरिहंताणं भगवंताणं आइगराणं तित्थयराणं सयंसंबुद्धाणं पुरिसोत्तमाणं पुरिससिंहाणं पुरिसवरपुंडरियाणं पुरिसवर गंधहत्थीणं लोगुत्तमाणं लोगनाहाणं लोगहियाणं लोगपइवाणं लोगपज्जोयगराणं अभयदयाणं चक्खुदयाणं मग्गदयाणं सरणदयाणं जीवदयाणं बोहिदयाणं धम्मदयाणं धम्मदेसियाणं धम्मनायगाणं धम्मसारहिणं

धम्मवरचाउरंत चक्कवट्टिणं, दीवो ताणं सरणगइ पइठाणं,[1] अप्पडिहय वरनाणं दंसणधराणं, विअट्टछउमाणं जिणाणं जावयाणं तिन्नाणं तारयाणं बुद्धाणं बोहयाणं मुत्ताणं मोयगाणं सव्वन्नूणं सव्वदरिसिणं सिव मयल मरुय मणंत मक्खय मव्वाबाह मपुणरावित्ति सिद्धिगइ नामधेयं ठाणं संपत्ताणं नमो जिणाणं जियभयाणं ॥

સંસ્કૃત છાયા.

नमोस्तु अर्हद्भ्यः भगवद्भ्यः आदिकरेभ्यः तिर्थकरेभ्यः स्वयंसंबुद्धेभ्यः पुरुषोत्तमेभ्यः पुरुषसिंहेभ्यः पुरुषवरपुंडरिकेभ्यः पुरुषवर गंधहस्तिभ्यः लोकोत्तमेभ्यः लोकनाथेभ्यः लोकहितकृद्भ्यः लोकप्रदीपेभ्यः लोकप्रद्योतकरेभ्यः अभयदातृभ्यः चक्षुर्दातृभ्यः मार्गदातृभ्यः शरणदातृभ्यः जीवदातृभ्यः बोधदातृभ्यः धर्मदातृभ्यः धर्मदेशकेभ्यः धर्मनायकेभ्यः धर्मसार्थिभ्यः धर्मवर चतुरंत चक्रवर्तिभ्यः "दीपत्राणशरणगतिप्रविष्टेभ्यः" अप्रतिहतवरज्ञानदर्शनधरेभ्यः विगतछद्मभ्यः जिनेभ्यः जापकेभ्यः तीर्णेभ्यः तारकेभ्यः बुद्धेभ्यः बोधकेभ्यः मुक्तेभ्यः मोचकेभ्यः सर्वज्ञेभ्यः सर्वदर्शिभ्यः शिवं अचलं अरुजं अनंतं अक्षयं अव्या-

---

૧ "દીવો તાણં શરણ ગઇ પઇઠાણં" એ પાઠ જુની પ્રતોમાં નથી, પાછળથી પ્રક્ષેપ થયો એમ જણાય છે.

बाधं अपुनरावर्त्ति सिद्धिगतिनामधेयं स्थानंसंप्राप्तेभ्यः नमो जिनेभ्यः जितभयेभ्यः ॥ स्थानं संप्राप्तकामिभ्यः ॥

અર્થ.

नमोथ्थुणं—નમસ્કાર હો.

अरिहंताणं—શ્રી અરિહંતો (કર્મશત્રુને હણનારા) ને

भगवंताणं—શ્રી સિદ્ધ ભગવંતોને. તે પ્રભુ કેવા છે? તેનાં વિશેષણો નીચે પ્રમાણે.

आइगराणं—ધર્મની આદિના કરનારા એટલે ધર્મના પ્રથમ સ્થાપકો.

तिथ्थयराणं—ચાર તીર્થો (સાધુ, સાધ્વી, શ્રાવક, ને શ્રાવિકા) ના સ્થાપનારા.

सयंसंबुद्धाणं—સ્વયં-પોતાની મેળે સર્વ પ્રકારના બોધને પામનારા.

पुरिसोत्तमाणं—પુરૂષોમાં ઉત્તમ પ્રધાન.

पुरिससिहाणं—પુરૂષોમાં સિંહ સમાન.

पुरिसवरपुंडरियाणं—પુરૂષોમાં પ્રધાન ઉજ્વળ પુંડરિક કમળના સમાન.

पुरिसवरगंधहथ्थीणं—પુરૂષોમાં પ્રધાન ગંધહસ્તી સમાન.

लोगुत्तमाणं—ત્રણ લોકમાં ઉત્તમ.

लोगनाहाणं—ત્રણ લોકના નાથ.

लोगहियाणं—ત્રણ લોકના હિત કરનારા.

लोगपइवाणं—ત્રણ લોકને વિષે પ્રદીપ સમાન.

लोगपज्जोयगराणं—ત્રણ લોકમાં પ્રદ્યોત કરનારા.

अभयदयाणं—અભયદાનના દેનારા.

चक्खुदयाणं—જ્ઞાનરૂપ ચક્ષુ દેનારા.

मग्गदयाणं—મોક્ષમાર્ગના બતાવનારા.

सरणदयाणं—જન્મમરણથી ત્રાસ પામેલને શરણે રાખનારા.

जीवदयाणं—સંયમ અથવા જ્ઞાનરૂપ જીવતરના આપનારા.

बोहिदयाणं—સમ્યક્ત્વરૂપ સદ્બોધને આપનારા.

धम्मदयाणं—ધર્મરૂપ અમરબુટ્ટીના દાતારો.

धम्मदेसियाणं—ધર્મના શુદ્ધ સ્વરૂપને સમજાવનારા.

धम्मनायगाणं—(કર્મની ફોજ સામે યુદ્ધ કરનારા) ધાર્મિક લશ્કરના નાયકો.

धम्मसारहिणं—ધાર્મિક રથના સારથીઓ.

धम्मवरचाउरंतचक्कवट्टिणं—ધાર્મિક સેનાવડે ચાર ગતિનો અંત (વિજય) કરવામાં ચક્રવર્તી સમાન.

दीवो ताणं—(સંસારરૂપ સમુદ્રમાં પડેલા જીવોને) બેટ સમાન પ્રાણ-બચાવનારા.

सरण गइ पइठाणं—ચાર ગતિમાં ધસી પડતા જીવોને શરણ, આધારભૂત.

अपडिहयवर नाण दंसण धराणं—કોઈ પદાર્થથી હણાય નહિ એવા પ્રધાન (કૈવલ્ય) જ્ઞાનદર્શનને ધારણ કરનારા.

वियट्टछउमाणं—વિગત-ગયું છે છદ્મ=કર્મરૂપ આચ્છાદન જેમને એવા.

जिणाणं—રાગદ્વેષને જીતનારા.

जावयाणं—અને બીજાને જીતાવનારા.

तिन्नाणं-ભવરૂપ સમુદ્રને તરનારા.

तारयाणं—અને બીજાને તારનારા.

बुद्धाणं—પોતે તત્ત્વને જાણનારા.

बोहियाणं—અને બીજાને તત્ત્વ જણાવનારા.

मुत्ताणं—પોતે મુકાણા, અને,

मोयगाणं—બીજાને મુકાવનારા.

सव्वन्नुणं—સર્વ જ્ઞાનવાળા-(સર્વ પદાર્થને જાણનારા).

सव्वदरिसिणं—સર્વદર્શની. (સર્વ પદાર્થના દેખનારા)

सिवं—ઉપદ્રવરહિત કલ્યાણરૂપ. (આંહીથી બધાં વિશેષણો સિદ્ધ સ્થાનનાં છે).

अयलं—અચળ.

अरुयं—રોગરહિત.

अणंतं—અનંત-જેનો અંત-નાશ નથી એવા.

अक्खयं—અક્ષય-જેનો ક્ષય નથી એવા.

अव्वाबाहं—બાધા પીડા રહિત.

अपुणरावित्ति—જ્યાંથી ફરીને અવતરવું નથી એવા.

सिद्धिगइनामधेयं—સિદ્ધિગતિ એવું નામ છે જેનું.

ठाणंसंपत्ताणं—એ સ્થાનને પામેલા (એવા),

नमो जिणाणं—જિનોને મારો નમસ્કાર હોજો.

जियभयाणं—કે જેમણે ભય માત્રનો વિજય કર્યો છે.

નોટ—સંસ્કૃતના નિયમ પ્રમાણે નમસ્કારના યોગમાં દ્વિતીયાના સ્થાને ચતુર્થી વિભક્તિ આવે છે, અને પ્રાકૃતમાં તે ચતુર્થીના સ્થાનમાં ષષ્ઠી થાય છે, જેથી “ અરિહંતાણું ભગવંતાણું ” એ આદિ

સર્વમાં ષષ્ઠી છતાં સંસ્કૃત છાયામાં ચતુર્થી લખી છે, ને ગુજરાતી ભાવાર્થમાં દ્વિતીયા જણાવી છે.

વિવેચન.

પરંપરાથી ત્રણ નમોથ્થુણં બોલવાની પદ્ધતિ છે. પહેલું નમોથ્થુણં શ્રી સિદ્ધ ભગવંતને કહેવું, બીજું શ્રી અરિહંતદેવ (મહાવિદેહ ક્ષેત્રમાં વિચરતા તીર્થંકરો) ને કહેવું, તેમાં આટલો ફેર-**ठाणंसंपत्ताणं**-ના બદલે **ठाणंसपाविउंकामाणं**; સંસ્કૃતમાં-**स्थानं संप्रापितुं कामेभ्यः** એટલે આગળ જણાવેલા સિદ્ધગતિના સ્થાનને પામવાના અભિલાષીઓને નમસ્કાર હો. ત્રીજું નમોથ્થુણં પોતાના ધર્માચાર્યને કહેવું, તે આ પ્રમાણે-**त्रिजुं नमोथ्थुणं (मम धम्मायरियस्स धम्मउवदेसगस्स, अणेगगुणसंयुत्तस्स)** સુત્રમાં આવો પાઠ છે, છતાં આ પ્રમાણે બોલવાની રીતિ કોઇ કોઇ સ્થળેજ છે. પણ બોલવું ને સમજવું સહેલ પડે તે માટે ઘણા સ્થળે નીચે પ્રમાણે છે. " ત્રીજું નમોથ્થુણં મારા ધર્મગુરૂ ધર્માચાર્ય ધર્મ ઉપદેશના દાતાર સમ્યક્ત્વ બોધિના દાતાર અનલ્પ દયાનિધિ ભવસાગરમાં મારા જેવા ડુબતાને તારનાર, રસ્તો બતાવનાર, પાપ પડલને ઉતારનાર, અજ્ઞાનરૂપ તિમિરદળ તોડવા જ્ઞાનરૂપ અપૂર્વ પ્રકાશ કરનાર એવી અનેક ઉપમાએ કરી બિરાજમાન પૂજ્ય સાહેબ શ્રી ૧૦૦૮..........................આદિ સાધુસાધ્વી, ગુર્વાદિકની આજ્ઞામાં વિચરતા હોય તે સર્વને મારા સંપૂર્ણ વિધિ સહિત વંદના નમસ્કાર હોજો." આ પાઠ જમણો ઢીંચણ નીચે સ્થાપીને ડાબો ઢીંચણ ઉભો કરી બે હાથ જોડીને બોલવો. આ પાઠ પૂર્ણ રીતે કહેવાઇ ગયો એટલે સામાયિક આદરવા તરીકે સંપૂર્ણ થયું.

સામાયિક આદર્યા પછી આગળ જણાવેલા જુદા જુદા પ્રકાર-માંથી સાનુકૂળ રીતે તે સામાયિકનો વખત સમતામાં વ્યતીત કરવો. કદાચ સામાયિકના કાળમાં તેને પુષ્ટિ કરનાર વ્યાખ્યાન ન હોય, તેમ એવું વૈરાગ્યમય પુસ્તક ન હોય, તેમ ધ્યાન ધરવાની ગમ ન હોય એવી સ્થિતિવાળા માટે પાછળ ઉપયોગી પદો તથા ઉપયોગી સુબોધ પુષ્પમાળા તથા ભક્તામર આદિ સ્તોત્રો વગેરે આપ્યું છે કે જે સામાયિકના કાળમાં ગાવા વાંચવા પાઠ કરવા ઉપયોગમાં આવશે. તેમાં સામાયિકનો કાળ વ્યતીત કરવો. હવે સામાયિક પૂર્ણ થયા પછી કેમ પારવી તેનો વિધિ નીચે પ્રમાણે છે.

પાઠ ૮ મો સામાયિક પારવાનો વિધિ.

एहवा नवमा सामायिक व्रतना पंच अइयारा जाणियव्वा न समायरियव्वा तंजहा ते आलोउं ॥ मणदुप्पडिहाणे, वयदुप्पडिहाणे, कायदुप्पडिहाणे, सामाइयस्स सइ अकरणआए, सामाइयस्स अणवठियस्स करणआए, तस्स मिच्छा मि दुक्कडं ॥ सामायिक समकाएणं, न फासियं, न पालियं, न तिरियं, न किट्टियं, न सोहियं, न आराहियं, आणाए अणुपालीता, न भवइ, तस्स मिच्छा मि दुक्कडं ॥

સંસ્કૃત છાયા.

एवं नवम सामायिकव्रतस्य पंच अतिचारा ज्ञातव्याः, न समाचरितव्याः, तद्यथा, मनोदुःप्रणिधानं, वचोदुःप्रणिधानं,

कायदुःप्रणिधानं, सामायिकस्य सति (समये) अकरणता, सामायिकस्य अनवस्थितस्य करणता, तस्य मिथ्या मे दुष्कृतं। सामायिकं समकायेन न स्पृष्टं न पालितं न तीरितं न कीर्तितं न शोधितं न आराधितं आज्ञया अनुपालितं न भवति तस्य मिथ्या मे दुष्कृतं ॥

સામાયિકમાં દશ મનના, દશ વચનના, બાર કાયાના, એમ બત્રીશ દોષ માંહેલો જે કોઇ દોષ લાગ્યો હોય તો તસ્સ મિચ્છા મિ દુક્કડં.

સામાયિકમાં સ્ત્રી કથા, ભત્ત કથા, દેશ કથા, રાજ કથા, એ ચાર વિકથા માંહેલી કોઈ કથા કરી હોય તો તસ્સ મિચ્છા મિ દુક્કડં.

સામાયિકમાં આહાર સંજ્ઞા, ભય સંજ્ઞા, મૈથુન સંજ્ઞા, પરિગ્રહ સંજ્ઞા, એ ચાર સંજ્ઞા માંહેલી કોઇ સંજ્ઞાનું સેવન કર્યું હોય તો તસ્સ મિચ્છા મિ દુક્કડં.

સામાયિકમાં અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર, અણાચાર, જાણતાં અજાણતાં મને વચને કાયાએ કરી કોઈ દોષ લાગ્યો હોય તો તસ્સ મિચ્છા મિ દુક્કડં.

સામાયિક વ્રત વિધિએ લીધું, વિધિયે પાલ્યું, વિધિએ કરતાં અવિધિએ થયું હોય, તો તસ્સ મિચ્છા મિ દુક્કડં.

સામાયિકનો પાઠ બોલતાં કાનો, માત્રા, મિંડી, પદ, અક્ષર, હ્રસ્વ, દીર્ઘ ઓછા અધિક વિપરીત ભણાયા

હોય તો અનંત સિદ્ધ કેવળી પ્રભુની સાક્ષીએ તસ્સ મિચ્છા મિ દુક્કડં.

અર્થ.

એહવા નવમા સામાયિક વ્રતના—અંગીકાર કરેલા સામાયિક નામના નવમા વ્રતના

पंचअइयारा—પાંચ અતિચારો છે તે,

जाणियव्वा—જાણવા, પણ,

न समायरियव्वा—તે સમાચરવા નહિ. (આદરવા નહિ.)

तं जहा ते—તે જેમ છે તેમ,

आलोउं—વિચારૂં છું.

मणदुप्पडिहाणे—મન માઠી રીતે પ્રવર્ત્યું હોય,

वयदुप्पडिहाणे—વચન માઠી રીતે પ્રવર્ત્યું હોય,

कायदुप्पडिहाणे—કાયા માઠી રીતે પ્રવર્તી હોય,

सामाइयस्स सइ अकरणआए—સામાયિકને આદર્યા છતાં પૂર્ણ કર્યું ન હોય,

सामाइयस्स अणवठियस्स करणआए—સામાયિક અવ્યવસ્થિતપણાએ કર્યું હોય.

तस्स मिच्छा मि दुक्कडं—તેનું પાપ મારૂં મિથ્યા થાઓ.

सामायिक समकापणं—સામાયિકને સમ્યક પ્રકારે કાયાએ કરીને.

न फासियं न पालियं न तिरियं—ન સ્પર્શ્યું (અંગીકાર્યું) હોય, ન પાળ્યું હોય, ન પાર ઉતાર્યું હોય.

न किट्टियं न सोहियं न आराहियं--ન કીર્તના કરી હોય, ન શુદ્ધ કર્યું હોય, ન આરાધના કરી હોય.

आणाए अणुपालीता न भवइ--વીતરાગની આજ્ઞાથી ઉલટું પાળ્યું હોય ને તે પ્રમાણે વરતાયું ન હોય.

तस्स मिच्छा मि दुक्कडं--તે સંબંધીનું પાપ મારૂં મિથ્યા થાઓ.

વિવેચન.

આ પાઠમાં પાછળનો ભાગ આચાર્યોએ ગુજરાતી ભાષામાં યોજેલ છે, જેનો અર્થ લખવા જરૂર જેવું ન ધારી લખ્યો નથી. તે પાઠ સામાયિકમાં મન વચન કાયાના ચપળ યોગને લીધે લાગેલા દોષના નિવારણ માટે છે, જેથી ઉપયોગથી વિચારપૂર્વક એ પાઠ બોલવો.

તે પાઠમાં મિચ્છા મિ દુક્કડં, નામના પદનો ભાવાર્થ એ નિકળે છે કે મેં મારા વ્રતને બનતા પ્રયત્ને પૂર્ણ કર્યું, ને તેમાં બનતી સાવચેતી રાખી છે, છતાં હે પ્રભુ! મારા ચપળ યોગને લીધે મારાથી યથાર્થ અનુપાલન, આરાધના, સ્પર્શના, ન થઇ હોય તો તેનું પાપ મિથ્યા થજો, એટલે ભુલો નિષ્ફળ થજો; એમ કોમળ થઈ માફી માગવાથી સરલ હૃદયવાળા અને વ્રતને જેમ બને તેમ શુદ્ધ કરવાના કામીઓને માફી મળે છે, અને વ્રતનું અપૂર્વ ફળ પ્રાપ્ત થાય છે; માટે સદા શુદ્ધ કરવાના અભિલાષી બનવું. આ સ્થળે સામાયિકના સ્વરૂપનો બીજો ભાગ સંપૂર્ણ થયો. ॐ शान्तिः शान्तिः शान्तिः

ભાગ બીજો સમાપ્ત.

પ્રકીર્ણ પદસંગ્રહ.

પદ ૧.

મહાવીર સ્તુતિ.

દોહા.

સત્ય ચિદાનંદી પ્રભુ, આનંદ ઘનઅવિકાર;
અકળ અચળ રૂપ આપનું, મુજ આતમ આધાર. ૧
સુખદાયક નાયક નકી, ભયહર તું ભગવાન;
દિનકર સમ દિનકર પ્રભુ, શીતળ સોમ સમાન. ૨
મારક મોહ મમત તણા, જ્ઞાન સર્વના સાર;
તીર્થંકર ત્રિભુવન ધણી, ભવદુઃખ ભંજન હાર. ૩
દયા તણા દરિયા પ્રભુ, ક્ષમા તણી ખરી ખાણ,
સત્ય સ્વરૂપે શોભતા, જગત સર્વના જાણ. ૪
સિદ્ધારથ કુળના શશિ, ત્રિશલા દેવી નંદ;
સર્વ સુસંત શિરોમણિ, કૃપા તણા પ્રભુ કંદ. ૫
ચિત્તહર તું ચિંતામણિ, વિષહર વર તું વીર;
મનહારક મોહન મણિ, સંકટ માંહિ સુધીર. ૬
પાર્શ્વમણિ સમ પ્રભુ તમે, જ્ઞાનનિધિ ગુણધામ;
પડળ વિદારક પાપનાં, નિર્મળ પ્રભુ તુજ નામ. ૭
પાવાપુર પાવન કરી, કરી કર્મનો અંત;
આસોના અવ માસમાં, મોક્ષ ગયા સુમહંત. ૮

અક્ષય તેજોમય પ્રભુ, આપ સ્વરૂપ અનંત;
ક્રોડ જીભે કરી કોઇ કહે, તોય ન પામે અંત. ૯
શરણાગત આ શિષ્યના, સાચા છો શણગાર;
સમય સમય શુભ ભાવથી, વાંદું વારંવાર. ૧૦

પદ ૨.

પરમાત્માનો પૂજનવિધિ.

(થાવ તમે તૈયાર પદમણી જઇ શોધી લાવો.—એ રાગ.)

પૂજન કરીએ પ્રેમ ધરીને, નાથ નિરંજનનું. (૨)
સંયમસરના જ્ઞાનજળેથી, પ્રથમ સ્નાન કરીએ;
ધરી વિવેક વિનય વસ્ત્રને, વિમળ વિધિ વરીએ. પૂજન. ૧
પ્રેમ તણાં શુભ પુષ્પ ચડાવી, ધૂપ ધ્યાન ધરીએ;
હોમી વિષય વિકાર વાસને, હવન થકી હરીએ. પૂજન. ૨
માળા તો મનડાની કરીને, નિજ ગુણની ગણીએ;
પ્રાણાયામ કરીને ભયહર, પ્રણવ શબ્દ ભણીએ. પૂજન. ૩
તજી ત્રિભુવન ત્રિભુવનપતિ પર, ત્રાટકને તાણી;
ધ્યાતા ધ્યાને ધ્યેય બનાવી, અચળ ધ્વનિ આણી. પૂજન. ૪
સુરતા સાથે શબ્દ મિલાવી, ઠામે જઇ ઠરીએ;
પવિત્ર પ્રેમ તહાં પ્રગટાવી, પાછા નહિ ફરીએ. પૂજન. ૫
સંતશિષ્ય દુઃખ સર્વે મિટે છે, નિર્મળ પ્રભુ નામે;
એ પૂજનથી પાપ તાપ તજી, પરમ પંથ પામે. પૂજન. ૬

પદ ૩.

વૈરાગ્યમય પુરૂષોની વૈરાગ્યમય વાતો.

(જોડી તેં નવ જોઇ માડી—એ રાગ.)

વાત કહું વૈરાગી વ્હાલા (૨), ચેતન કેરી તજી ચતુરાઇ શું
ચુંથે ચાળા.......................ટેક.

ખેર અંગારા શિર ધરીઆ (૨), ગણ્યા નહિ ગુણી ગજસુકુમારે
વિમળ પંથ વરીઆ. વાત. ૧

સુકોમળ સિંહણુથી મરીઆ (૨), હિંમત ધરી હદપાર પારવિણુ
સાગરથી તરીઆ. વાત. ૨

મુનિ મેતારજ શિવ વરીઆ (૨), કુકુટ પર કરૂણા કરી એવા દયા
તણા દરીઆ. વાત. ૩

મરણુથી માત્ર નહિ ડરીઆ (૨), સુરીકંતાએ સોમલ નખથી પતિ-
પ્રાણુ હરીઆ. વાત. ૪

શિયાળે શરીર ભક્ષ કીધું (૨), અવંતિ સુકુમાર મુનિવરે અચળ
સ્થાન લીધું. વાત. ૫

ઝેર તજી જ્ઞાન વિષે ઝીલ્યા (૨), ખંધક મુનિના શિષ્ય પાંચસેં
ઘાણીમાં પીલ્યા. વાત. ૬

અનલથી સમભાવે બળીઆ (૨), મહાબળ મુનિ સહી મહા સંકટ
નિજ સ્વરૂપ વિષે મળીઆ. વાત. ૭

ટેકથી પ્રાણુ તજ્યા પ્યારા (૨), સંન્યાસીના શિષ્ય સાતસેં કર્યાં
ન વ્રત ન્યારાં. વાત. ૮

તત્ત્વથી તર્યાં વળી તરશે (૨), મોહ મમતમાં બહુ મુંઝાશે ભવ-
સાગર ફરશે. વાત. ૯

વિષયમાં કેમ રહ્યા વળગી (૨), અળગી કર અવળાઈ બંધુ તુજ
ઘર ઉઠયું સળગી. વાત. ૧૦
કરીશ નહિ ધુળ તણા ધંધા (૨), શામાટે બની જઈએ સુંદર
આંખ છતાં અંધા. વાત. ૧૧
રાખમાં રત્ન કેમ રોળે (૨), **સંતશિષ્ય** કહે કાંઠે આવ્યું નાવ
કેમ બોળે. વાત. ૧૨

પદ ૪.

અરિહંતનો અપર્વ બોધ અંતરમાં ઉતારજો!

(તમે શામાટે શ્યામ મ્હોલે આવતા નથી—એ લય.)

અરિહંત બોધ અંતરે ઉતારતા જજો (૨)
ઉતારતા જજો, ચિત્ત ધારતા જજો. અરિહંત. ટેક.

સાખી—વચન સુણી વિષ ઉતરે, પામે તત્ત્વ પ્રકાશ;
મિથ્યામય દષ્ટિ મટે, વિલય થાય જડ વાસ.
જન્મ જરા મરણ કરણ કારણ મટાડવાને;
ધર્મ તણી વાત જરૂર ધારતા જજો, તમે ધર્મ તણી.-અરિ. ૧

સાખી—ભેદ જણાવ્યા ભવ તણા, સમજાવ્યો જગ સાર,
બંધન સ્વરૂપ બતાવીઆં, કરવા આત્મ ઉદ્ધાર.
અંતરના અરિઓ તણો અચ્છો ભેદ આપીઓ છે,
મોહ માન મગરૂરીને મારતા જજો, તમે મોહ—અરિહંત. ૨

સાખી—એ ઓષધથી આત્મમાં, રહે ન રોગ લગાર;
અપૂર્વ સ્થળને ઓળખે, પામે દિવ્ય પ્રકાર.

એહની વાણી મહા અજબ ચમત્કારવાળી;
વિષય વિકારને નિવારતા જજો, તમે વિષય—અરિહંત. ૩

સાખી—દરિદ્રતા દૂરે રહે, પ્રગટે પરમ નિધાન;
નિર્બળતા ન્યારી રહે, લાગે જો પ્રભુ ધ્યાન.

વીર વચનામૃતોને હિતકર હમેશ ગણી,
વિનય વિવેકથી વિચારતા જજો, તમે વિનય—અરિહંત. ૪

સાખી—પ્રણુમીએ રસ પીંડમાં, વહન કરે વપુમાંય;
અમર કરે એ ઔષધિ, શુદ્ધ સ્વરૂપ સમજાય.

અનુભવ તણા ઉદ્ગાર રૂપ અમૃતથી,
બળતા સ્થળોને ઠીક ઠારતા જજો. તમે બળતા—અરિહંત. ૫

સાખી—રેડો એ રસ હ્રદયમાં, કરો દર્દ સહુ દૂર;
સેવો શાન્તિને સદા, અનુભવ પ્રગટે ઉર.

સંતશિષ્ય શાંતિમય સર્વ પ્રદેશ થવા,
વૈરાગ્ય વેગને વધારતા જજો, તમે વૈરાગ્ય—અરિહંત. ૬

પદ ૫.

મનુષ્યજન્મની દુર્લભતા.

(પ્રેમ રસ તેના ઉરમાં ઠરે—એ રાગ.)

મનુષ્યનો જન્મ ફરી નહિ મળે (૨) કદિ તન નાવા બેઠી તળે,
મનુષ્યનો જન્મ ફરી નહિ મળે—ટેક.

ખરેખરી તું ખોજ કરી લે, અંતરમાં અટકજે, પ્રાણીઆ અંતરમાં અટકજે,
કેસર ને કસ્તુરી કેવડો, તેલ વિષે શું તળે—મનુષ્યનો જન્મ. ૧

કલ્પતરૂને કોરે મુકી, બાથ બીડી બાવળે, મૂર્ખ તેં બાથ બીડી બાવળે;
ઠંડકના તજી દઇ ઠેકાણાં, કાં બળતામાં બળે—મનુષ્યનો જન્મ.
ભજ અજને તજ અવર કામ તો, તાપ ત્રિવિધિ ટળે, સર્વ તુજ તાપ ત્રિવિધિ ટળે;
પવિત્ર થાવા, પાપ તજાવા, પ્રભુને ભજ પલપલે—મનુષ્યનો જન્મ. ૩
કાં અવળાઇ કરી અંતરમાં, આમ તેમ આફળે, મફતનો આમતેમ આફળે,
મૂર્ખ વિના સાચા મોતી કણ, કોણ ઘંટીએ દળે—મનુષ્યનો જન્મ. ૪
પરમેશ્વરનો પંથ તજી કાં, ભ્રષ્ટ પંથમાં ભળે, અરે કાં ભ્રષ્ટ પંથમાં ભળે,
સંતશિષ્ય કહે નહિ સમજે તો, ખોટ જણાશે ખળે—મનુષ્યનો જન્મ. ૫

પદ ૬.

આત્મ-મંદિરમાં પવિત્ર પ્રતિક્રમણ.

(હળવા હળવા હળવા રે હરજી, મારે મંદિરીએ આવોજી—એ દેશી).

પ્રેમ ધરીને પડિક્રમણું કરવા, હૃદય મંદિરમાં આવોજી;
પ્રભુભક્તિના પવિત્ર જળેથી, સૂક્ષ્મ શરીર નવરાવોજી—પ્રેમ. ૧
વિનય વિવેકનાં પહેરો પીતાંબર, ઠેકાણે જીવને ઠેરાવોજી;
હૃદયના રંગનું શ્રદ્ધાની ભાતનું, પ્રસ્તરણું પથરાવોજી—પ્રેમ. ૨
મહાવીર પાસે માફી માગીને, પ્રેમનું તત્ત્વ પ્રગટાવોજી;
દુશ્મનનો ભાવ દૂર કરીને, ભ્રાતૃનો ભાવ ઘટ લાવોજી—પ્રેમ. ૩
મારેલા ઘાવપર ખરી ક્ષમાનું, અમૃત રેડી રૂઝાવોજી;
ખાંતે ખમીને અન્યને ખમાવતાં, સમજી બીજાને સમજાવોજી—પ્રેમ. ૪
અંધારાને દૂર કાઢીને અંતર, જ્યોતિ વિજ્ઞાનની જમાવોજી;
સરભર ખાતાં કરી સરવનાં, પ્રાણીઓનાં વૈરને પતાવોજી—પ્રેમ. ૫

સદ્‌બુદ્ધિએ સંભારી સંભારી, સળગેલા વૈરને સમાવોજી;
ચતુરાઇથી જ્ઞાન ચાંપને દબાવી, દોષ તણી સૃષ્ટિ દબાવોજી—પ્રેમ. ૬
સદુપયોગ શુભ સાધન તણો કરી, લ્યો નરભવનો લ્હાવોજી;
હંસને હાડીઆનું કામ તજાવી, ચારો મોતીનો ચરાવોજી—પ્રેમ. ૭
ગોબરમાંથી ગુલામી છોડાવી, દુધનો દરીઓ દરશાવોજી;
સાવચેતીએથી શોધી શોધીને, અવિદ્યાને અટકાવોજી—પ્રેમ. ૮
જ્ઞાન ભરેલી ક્રિયાની કાતરે, કર્મોની જાળને કપાવોજી;
આત્મમંદિરની અનુપમ ચીજો, નીરખો બીજાને નીરખાવોજી—પ્રેમ. ૯
પાપી પુદ્‌ગલનો પ્રેમ તજાવી, લગની નિજ મંદિરે લગાવોજી;
પરવા તજી તમે પામર જનોની, આત્મિક વૈભવો ઉડાવોજી—પ્રેમ. ૧૦
આવવા જવાના ફેરા અળસાવી, મરતા આ જીવને બચાવોજી;
સંતશિષ્ય શ્રી શાંતિ પ્રભુના, ગુણ કીર્તન સદા ગાવોજી—પ્રેમ. ૧૧

પદ ૭.

આનંદના ઉદધિપ્રતિ આમંત્રણ.

(રાગ—ઉપર પ્રમાણે.)

આવો આવો તમે આવો મારા બંધુઓ, આનંદ લેવાને આવોજી;
આનંદ ઉદધિ ઉછળી રહ્યો છે, તેમાં આવી તમે ન્હાઓજી—આવો. ૧
દુઃખ દરિયાને ઉતાવળે ઓળંગી, લ્યો નરભવ તણો લ્હાવોજી;
અમર ફળોનો આહાર તજીને, ખડ ધાન શામાટે ખાઓજી—આવો. ૨
આપણા હથિયાર આપી અવરને, હાથે કરી કાં હણાઓજી;
પરમકૃપાળુ પ્રભુ પદ છોડી, પામરનાં ગીતો શું ગાઓજી—આવો. ૩

અખૂટ લક્ષ્મી સ્વાધીન આપણે, ભીખારી થઇ ન ભટકાઓજી;
લેવા જવાનું લેશ નથી તમે, આનંદ આવી ઉડાવોજી—આવો. ૪
લાજ્યાનાં સ્થાન જરા લાજ્યા નહિ હવે, સાચામાં શું શરમાઓજી;
ગુપ્ત ગુફાનું દ્વાર ઉઘાડી, જુક્તિ સહિત ત્યાં જાઓજી—આવો. ૫
દીપક તેલ કે વાટ વિનાની, જળહળ જ્યોત જગાવોજી;
શ્વાસના વાસમાં કરી સુધારો, શાંતિના સ્થાનમાં સમાવોજી—આવો. ૬
નાડીના માર્ગો નિર્મળ બનાવી, દોષોનાં કારણો દબાવોજી;
સુરતાને નુરતામાં કરી સમાવેશ, શબ્દનો તાર સંધાવોજી—આવો. ૭
ઝરમર ઝરણાં સહજ ઝરે છે, પ્રેમી પંખીડાને પાઓજી;
અનહદ નાદપર એકાગ્રતાથી, ધ્વનિ ઓંકારરૂપ ધ્યાઓજી—આવો. ૮
પ્રણવ શબ્દથી પવિત્ર કરેલું, ગગન મંડળને ગજાવોજી;
સંતનો શિષ્ય કહે શાંતિ લેવાને, ધ્યાનની ધુન મચાવોજી—આવો. ૯

પદ ૮.

અંતરના વિશુદ્ધ આનંદને હૃદયમંદિરમાં બોલાવવા માટે મનની વિનતિ.

(પાણી ભરવાને ગઇ'તી રે સાહેલીની સંગે—એ રાગ).

મંદિરમાં પધારોરે, વ્હાલા કરૂં વાતડલી;
રખડેલાની સંગેરે, રમ્યો દિન રાતડલી—મંદિરમાં. ટેક.

સાખી—મેં મારાં જે માનીઆ, સાચાં આ સંસાર;
શોક તણા સિંધુ થયા, હિત વિત્ત હરનાર.

ઠગારાની સંગેરે, ઠગાયો હું ઠાલો;
પરમ રસ કહીનેરે, પાયો વિષનો પ્યાલો—મંદિરમાં. ૧

સાખી—અહર્નિશ જે આશમાં, લટક્યો થઇ લાચાર;
અંતે તો એ મૃગજળે, ખાલી કર્યો ખુવાર.
જુદા મેં તો જાણ્યારે, તારક આજસુધી તમને;
મૂરખ થઇ મુંઝાયો રે, માલમ નહિ આવી મને–મંદિરમાં. ૨

સાખી—વિશુદ્ધ સઘળા વર્ગથી, ઉત્તમ આપ અભેદ;
કુમદચંદ્ર કીરણે કરી, ક્ષય કરજો મુજ ખેદ.
શોકાગ્નિ સમાવીરે, અશાંતને શાંત કરો;
અવર તજીને આવોરે, હૃદય તણી પીડા હરો—મંદિરમાં. ૩

સાખી—આવી આ મુજ આંગણે, રમો હૃદયના રામ;
પામરને પાવન કરો, વિશુદ્ધ કરી વિશ્રામ.
પ્રકાશ પ્રસારો રે, કરૂણાનું કામ કરી;
સંતશિષ્ય સહેજેરે, આનંદમાં રહીયે તરી—મંદિરમાં. ૪

પદ ૯.

કરો હંસનાં કામ.

દોહા.

ઉજ્વળતાને આદરો, શરીર ન કરશો શ્યામ;
કર્મ તજી દ્યો કાગનાં, કરો હંસનાં કામ. ૧
બુદ્ધ થઈ બનશો નહીં, ગોબર તણા ગુલામ;
નીર ક્ષીર ન્યારાં કરો, કરો હંસનાં કામ. ૨
મુક્તાફળ મુકી દઇ, ચુંથો નહિ કદિ ચામ;
દુધ તણા દરીએ વસો, કરો હંસનાં કામ. ૩

સ્થાન તજો સમળાતણું, કરો હંસના ઠામ;
બગ જેવા ઠગ ના બનો, કરો હંસનાં કામ. ૪
અધર્મને અડકો નહીં, રહો ધર્મના ધામ;
રમો હંસના રાજ્યમાં, કરો હંસનાં કામ. ૫
પામર સેવા પરહરી, રટો હૃદયમાં રામ;
શ્વાનપણું છોડી દિયો, કરો હંસનાં કામ. ૬
ક્ષુદ્ર બની ખાશો નહીં, હકને તજી હરામ;
ભુંડ સંગ ભળશો નહીં, કરો હંસનાં કામ. ૭
આરોગો અમૃત ફળો, વિમળ કરી વિશ્રામ;
ઘુવડપણું ઘટથી તજો, કરો હંસનાં કામ. ૮
રજને તજી અજને ભજો, નિત્ય નિરંજન નામ;
સંતશિષ્ય સુખ પામવા, કરો હંસનાં કામ. ૯

પદ ૧૦.

પરમાત્માના ખોળામાં સુતેલા બાળકને ભય શ્યાનો?

પ્રભાતી.

(જાગને જાદવા કૃષ્ણ ગોવાળીઆ—એ રાગ).

સચ્ચિદાનંદ ઘન બ્રહ્મ શાંતિકરા, અરજ સેવક તણી ઉર સ્વીકારી;
હૃદય ઠામે ઠરી દુરિત દૂરે કરી, અખૂટ અરણુવ થકી લે ઉતારી. ૧
દુષ્ટ કૃત્યોવડે દુઃખદ દળ મેળવી, દોષ ડુંગર તળે હું દબાયો;
જિનવરા જ્ઞાન વિણુ જન્મ એળે ગયો, પરમ જ્યોતિ વિના પાર નાવ્યો.
સચ્ચિદાનંદ. ૨

ગરૂડ ગાજે સદા જેહ ઉધાનમાં, ફણિધરો આવી ત્યાં કેમ ફરશે;
અતુલ બળધર પ્રભુ શાંતિ મુજ શિર છતે, ચોરટા ચોરીયો કેમ કરશે. સ. ૩

વજ્રમય કોટવર અગ્નિનો જ્યાં કર્યો, પેશી ત્યાં હીમ શું પ્રાણ હરશે;
વિશ્વપતિ વૈદના અચળ ઔષધ કને, વ્યાધિઓ હૃદયને કેમ વરશે. સ. ૪

કેસરીસિંહ જ્યાં નિત્ય ક્રીડા કરે, ક્રૂર પશુ અવર ત્યાં કેમ પેસે;
અંશુમાલી તણા અંશુની આગળે, રજનીનું રાજ્ય બળ કેમ રહેશે ! સ. ૫

જેહના આંગણે કલ્પતરૂ ઉગીઓ, દરિદ્રને દાદ ત્યાં કોણ દેશે ?
અમૃતના ઝરણમાં વિષતણો વાસ ક્યાં, શાન્તિથી કોણ સંતાપ સ્હેશે ! સ. ૬

પુણ્ય પૂશન પ્રભા પૂરણ જ્યાં પ્રગટશે, વિપતમય વાદળાં જરૂર જાશે;
સંતના શિષ્યનું અચળ શ્રદ્ધાવડે, શાંતિમય સ્મરણથી શ્રેય થાશે. સ. ૭

વાંચવાલાયક વચનામૃતો.

૧ રાગ દ્વેષરૂપી દુર્જય દુશ્મનોનો સર્વથા સમૂળ નાશ કરી, અખંડાનંદ સ્વરૂપ પ્રગટ કરનાર અર્હત્–યોગીઓના સ્વામી દયાનિધિ મહાવીર દેવને નમસ્કાર હો.

૨ પ્રત્યેક નુકશાની અને ખેદનું મૂળ પ્રમાદ છે, અને પ્રત્યેક ચમત્કાર અને લાભનું મૂળ પુરૂષાર્થ છે.

૩ પુરૂષાર્થ કદિ પહેલાં અણુગમો આપે છે, પણ પરિણામે અપૂર્વ આનંદ આપે છે.

૪ જેટલું બને તેટલું જાતે કરો, અનુભવો, પરિશ્રમ લઈ સિદ્ધ કરો, કારણકે અન્યનો આશ્રય નિરાશા ઉત્પન્ન કરે છે.

૫ જીંદગીની પ્રત્યેક ક્ષણે પ્રાપ્ત કરાતી આર્થિક ને પારમાર્થિક સંપત્તિનો લાભ અન્યને યોગ્યતા પ્રમાણે આપવાની આપણી ફરજ ભુલવી નહિ.

૬ અગત્યના સ્થળે પરસ્પર મદદ આપવાનો મનુષ્યધર્મ ભુલી જનાર મનુષ્ય બીજા કોઈ પણ ધર્મમાં વિજય મેળવી શકતો નથી.

૭ જે માણસને જે આશ્રય લેવાની અગત્ય છે તેને તે મેળવવાનો હક છે.

૮ જે માણસ સ્હાય આપવા શક્તિવાન છતાં સ્હાય આપવામાં કંજુસાઇ કરે છે તે ઇશ્વરનો અપરાધી ગણાય છે.

૯ તમે જેમ તમારાથી ઉંચ કોટીના જેવા કે–રાજા, દેવ, મહાત્મા અને પરમાત્માની કૃપા મેળવવા ઇચ્છો છો અને બનતો

પ્રયત્ન કરો છો, તેમ તમારાથી હલકી કોટીનાં જેવાં કે ક્ષુદ્રજંતુ, પશુ, પક્ષી અને ગરીબ માણુસો પણ તમારી કૃપા મેળવવા ઇચ્છે છે, એ કદિ ભુલશો નહિ, કારણુકે ઉંચી કોટીવાળા જેમ તમારા દેવ છે, તેમ હલકી કોટીના તમે દેવ છો.

૧૦ તમારાથી ઉતરતા પ્રાણીઓ પર તમે દયા કરો, તો તમારા ઉપર તમારા વડીલો જરૂર દયા કરશે.

૧૧ દયાની મધુર લાગણી એજ ઉંચ દશાની ખરી નિશાની છે.

૧૨ હૃદયક્ષેત્રમાં સનાતન ધર્મની ઇમારત રચવાની ઇચ્છાવાળાએ પહેલાં ન્યાય નીતિના મજબૂત પાયાની ગોઠવણુ અવશ્ય કરવી ઘટે છે.

૧૩ જેનું ચારિત્ર પ્રમાણિકતાથી નથી અંકાયું તેના અગાધ શાસ્ત્રાભ્યાસ સાથે કળા કુશળતા તથા અપરિમીત વિદ્યાની કિંમત ખાખરાના પુષ્પ સરખી છે.

૧૪ આપણા પ્રતિ જગતના પ્રાણી માત્રને જેવી રીતે વર્તાવા માગીએ છીએ, તેવી રીતે આપણે જગતમાં દરેક પ્રાણી પ્રતિ વર્તવું જોઇએ.

૧૫ ન્યાયબુદ્ધિની નિર્બળતા એ આપણા પ્રત્યેક કાર્યમાં વિઘ્નરૂપ છે.

૧૬ "અમારે શું? એ તો માથે પડે તે ભોગવે," એ નિર્બળ વિચાર કેવળ કાયરતા અને સ્વાર્થાંધતાને સિદ્ધ કરી આપે છે.

૧૭ અન્યાયને માર્ગે દોરનાર કોઇ પણ જબર વ્યક્તિમાં અંજાઈ જઇને પોતાનો સ્વતંત્ર ને સ્પષ્ટ વિચાર ગોપવવો એ પોતાનું નમાલાપણું છે.

૧૮ સ્વલ્પ અનુભવમાં કોઈ વ્યક્તિની સારી યા નરસી કિંમત આંકી ચોક્કસ મત આપવાની ઉતાવળ તે પાછળ નુકસાન પમાડે છે.

૧૯ સખાવત વગરની દોલત ચૈતન્ય વિનાના દેહ જેવી નિર્માલ્ય છે.

૨૦ એવાં આભૂષણોના શોખિન થવું કે જે આભૂષણો આત્માના નષ્ટ થયેલા સૌંદર્ય પ્રાપ્ત થવા ઉપરાંત આત્મા સાથેજ રહે.

૨૧ મગજમાં વિચારરૂપી એવો માલ રાખવો કે મુખારવિંદથી નીકળતાંજ દરેક પ્રાણી પ્રેમપૂર્વક ખરીદી શકે યા તો સ્નેહથી શ્રવણ કરી શકે.

૨૨ શરીર, વસ્ત્રો અને વ્યવહારમાં કામ આવતી દરેક વસ્તુઓ સાફ રાખવાની જેટલી જરૂર છે, તે કરતાં હૃદયને સાફ રાખવાની હજાર ગણી વધારે જરૂર છે એ લક્ષમાં રાખવું.

૨૩ ઉકરડા જેવા અંતઃકરણમાં પરમાત્માને બોલાવવા પ્રયત્ન કરવો એ નિષ્ફળ અને અયોગ્ય છે, એમ સમજી પ્રભુનાં સ્મરણ પહેલાં અંતઃકરણને સાફ કરી શણગારો.

૨૪ અગત્યના ખર્ચ માટે જેટલું જોઇએ એટલામાંજ સંતોષી થવું, કારણકે મોજશોખ માટે તો આખી દુનિયાની સંપત્તિ પણ અપૂર્ણ છે.

૨૫ સંતોષ એ કરોડોની કિંમતનો કોહીનૂર છે; પોતાની હજારો ઇચ્છાઓનો ભોગ આપીને પણ સંતોષ પ્રાપ્ત કરવો તે બહુ ડહાપણવાળી ખરીદી છે.

૨૬ જેઓના દિલમાં અન્યનાં દુઃખ માટે અનુકંપાનું પવિત્ર ઝરણ અસ્ખલિત વહ્યા કરે છે તેઓ પોતાના સંકટની ફરીયાદી ભાગ્યેજ કરતા હોય છે.

૨૭ સજ્જનપણાનો દાવો ધરાવનારાએ સજ્જનતાથી લેશ પણ પાછું હઠવું એ એના સદ્‌ગુણને કલંકિત કરવા જેવું છે.

૨૮ કુટિલ કુહાડો પોતાની તિક્ષ્ણ ધારથી ચંદન વૃક્ષને છેદવારૂપ નિંઘ કર્મ કરે છે, તોપણ ઉદારચિત્ત ચંદનવૃક્ષ તો પોતામાં રહેલી સુગંધવડે કુડારના મુખને સુવાસિતજ કરે છે, એ સજ્જન બનનારાએ લક્ષમાં રાખવા જેવું છે.

૨૯ એવું મધુર ન બનવું કે કોઈ ગંડુ બનાવી ગળી જાય, તેમ એવા કડવા પણ ન થવું કે કોઇ અવિવેકી ગણી થુંકી નાંખે.

૩૦ સમજણયુક્ત જેટલી સ્વતંત્રતા એટલું સુખ છે ને પરતંત્રતા એટલું દુઃખ છે.

૩૧ બને ત્યાંસુધી કોઈ સાથે શત્રુતા કરવી નહિ, પણ કદાચ એવોજ પ્રસંગ બની આવે તો આ માણસ મારો શત્રુ છે કે હું તેનો શત્રુ છું એવું બીજા કોઇ પાસે કહેવું નહિ.

૩૨ લોકાપવાદ ખાતર પોતાનું અગર પોતાના આશ્રિતોનું અશ્રેય થવા દેવું નહિ.

૩૩ નિંદા જેવાં કાર્યથી સદાય ડરવું, પણ અજ્ઞાની જનોની નિંદાથી ડરવું નહિ; માત્ર સત્યાસત્યનો વિચાર કરી આપણી ભુલ હોય તો સુધારવી.

૩૪ જેમ બને તેમ સત્યપ્રિય અને ગંભીર થવું અને સત્પુરૂષોનાં ચરિત્રો સદાકાળ સ્મરણમાં રાખવાં.

૩૫ કોઇ પણ સત્પુરૂષને શોધો અને તેના વચનમાં શ્રદ્ધા રાખો.

૩૬ આધિ, વ્યાધિ કે ઉપાધિના પરિતાપની ઝાળમાં ઝંપલાયા પછી અફસોસ કે ઝુરણા કરવી એ ઝાળને પ્રદીપ્ત કરવા જેવું છે, પણ તેને શાન્ત કરવા માટે તો હિમ્મતથી તેનો ઉપાય શોધવો, ને શાન્તિરૂપી જળનો પ્રયોગ કરવો.

૩૭ હમેશાં નવું હિત સાધવું, અન્યનું હિત કરવું એમાં પણ આપણું ગુપ્ત હિત સમાયેલું છે.

૩૮ દયા, સત્ય, શિયળ, સંતોષ, શાન્તિ, શ્રદ્ધા, વિનય, વિવેક, ભક્તિ, શૌર્ય, પરોપકાર, પ્રેમ, ધૈર્ય, ગાંભિર્ય અને સદાનંદનો આવિર્ભાવ આદિ સદ્‌ગુણોનું પ્રગટ થવું, એજ સદ્‌વિદ્યારૂપ વૃક્ષનાં મીઠાં ફળો છે.

૩૯ સત્ય જણાતું હોય તે ઘણી વાર અસત્યમય હોય છે, અને અસત્યમય દેખાતું હોય તે સત્યસ્વરૂપે હોય છે, તે સત્યાસત્યના પરીક્ષકે સદા ધ્યાનમાં રાખવું જોઇએ.

૪૦ પોતાના ગુણો ગાવા કે ગવરાવવા કરતાં ગુણો પ્રગટાવવાની પ્રબળ ઇચ્છાનો પ્રયત્ન કરવો કે જેથી પોતાની મેળેજ તે સુંદર સુવાસ પ્રસરે.

૪૧ યાદ રાખશો કે, જેવા વિચારો કરશો તેવાંજ કર્મ પુદ્‌ગલો ખેંચાશે અને તેવા જ બંધ પડશે. અર્થાત્–જેવા વિચારો ઘડીએ તેવા આપણે બનીએ.

૪૨ સ્વધર્મનું સ્વરૂપ સદ્‌ગુરૂ પાસેથી યથાર્થ જાણવું, અને પ્રાણાંત સુધી સ્વધર્મને વિસારવો નહિ.

૪૩ સારા નરસા સમાગમો માણસ ઉપર સારી નરસી જરૂર અસર કરે છે, માટે સારાજ થવાની અભિલાષાવાળાએ સત્ સમાગમ ન મળે તો એકલું જ રહેવું, પણ દુષ્ટના હૃદયમાંથી ઉછળતી દુર્ગંધિ સાથે તો કદિ પણ ન વસવું.

૪૪ જેવો રંગ ચશ્માનો હોય તેવો રંગ દશ્ય વસ્તુનો ન હોવા

છતાં દેખાય છે, એ નિયમ પ્રમાણે જેવા પ્રકારની દૃષ્ટિ હોય તેવા પ્રકારે દરેક વ્યક્તિ જણાય છે; સમદૃષ્ટિ પદાર્થને સહજ રીતે સમસ્થિતિમાં જ્યારે જોઇ શકે છે ત્યારે વિષમદૃષ્ટિ તેજ પદાર્થમાં પ્રયત્ન કરવા છતાં પણ વિષમ સ્થિતિનો અનુ. ભવ કરે છે.

૪૫ કરોડો રૂપીઆના વ્યયે પણ જે યશ નથી મેળવાતો તે યશ ધનના વ્યય વિના માત્ર પ્રમાણિકપણામાં જામે છે, એ લક્ષમાં રાખવું.

૪૬ આપણાથી હલકી સંપત્તિના પ્રાણી પ્રતિ દૃષ્ટિ રાખી અસંતોષને અળગો કરવો, અને આપણાથી ઉચ્ચ પ્રાણીપ્રતિ દૃષ્ટિ રાખી ઉન્માદના ઉભરાને સમાવવો.

૪૭ સમર્થ પુરૂષોના આભૂષણ રૂપ સહનશીલતાને ધારણ કરવી પણ એવું સહનશીલ ન થવું કે જેથી દુષ્ટોની દુષ્ટતાને વધવા માર્ગ મળે, અને આપણે તથા આપણા અનુયાયીઓને સોસાવું પડે.

૪૮ આત્મિક ઉદય માટે અસંતોષી રહેવું અને વિષયાસક્તિમાં સંતોષી થવું.

૪૯ અનીતિથી ઉપાર્જીત દ્રવ્યવડે ઉંચા પ્રકારના વૈભવ વિનોદ કરવા કરતાં સાફ દાનતથી મેળવેલો સાદો ખોરાક અને વગર આભૂષણનાં સાદાં વસ્ત્રો ઘણાં જ શ્રેષ્ઠ અને સુખમય છે.

૫૦ મનના અપરાધની શીક્ષા તનનેજ કરવી એ ઉદ્ધત થએલા અશ્વના અપરાધને બદલે અશ્વરથનાં ચક્રને મારવા બરાબર છે.

૫૧ રાજ્ય વૈભવોના આનંદ કરતાં પણ અનંતાત્મિક આનંદ-

ના હમેશને માટે આપણે સ્વતંત્ર માલીક છીએ, એ વાત સ્મરણમાં રાખવી.

૫૨ પૌદ્દગલિક વૈભવોનું સ્વરૂપ વૈભવીઓએ અને વૈભવની ઇચ્છાવાળા જનોએ અવસ્ય જાણવાયોગ્ય છે.

૫૩ રાત્રે સુતી વેળાએ આખા દિવસનો હિસાબ ગણવો કે આજે શું લાભ મેળવ્યો ને શું ખોટ પડી?

૫૪ વિપત્તિના સમયમાં ધૈર્ય કદિ છોડવું નહિ પણ અંતરને આશ્વાસન આપવું કે દુનિયામાં ભરતી–ઓટ અને તડકા–છાયાની પેઠે સુખ–દુઃખના પ્રસંગો દરેકને બન્યા છે, બને છે ને પ્રલય પણ થાય છે, એમ અંતર્દૃષ્ટિ અવલોકન કરી હિમ્મત રાખવી.

૫૫ વર્ત્તમાન કાળમાં જણાતો ભયંકર અને મહત્વવાળો મામલો ભવિષ્યમાં સામાન્ય જણાય છે અને તે સમયના આપણા ડામાડોળના તરંગોપર આપણને હાસ્ય આવે છે.

૫૬ થોડી ભુલમાં જે બેદરકાર રહે છે તે વખત ગયે મોટી ભુલ કરવાનો વ્યસની થાય છે.

૫૭ દુઃખીને દિલાસો આપવો પણ હિંમત છોડાવી ગભરાવવો નહિ.

૫૮ બને ત્યાંસુધી અપ્રિય, કઠોર, હિંસાકારી, દોષમય, પીડાકર, સાહસકારી, મર્મભેદી અને અવિવેકી ભાષા ન જ બોલવી.

૫૯ કૃતઘ્નતા અને વિશ્વાસઘાત જેવાં અઘોર કૃત્યો, પ્રાણાન્તે પણ કરવાં નહિ.

૬૦ આ જગતમાં હર્ષથી ઉભરાઇ જવા જેવું કે શોકમાં ડુબી જવા જેવું ખરી રીતે કાંઈ પણ નથી, છતાં હર્ષ–ખેદના ઉભરા હૃદયમાં

ઉઠે છે તેનું કારણ આપણા ઘટમાં ઘર કરી રહેલ આપણું અજ્ઞાન જ છે. જડ ચૈતન્યના ખરા અનુભવીઓને કદિ પણ તેમ થતું નથી, કેમકે તેમને કારણોનો અભાવ છે.

૬૧ આપણી ઉન્નતિ અને અવનતિનાં ઉપાદાન (મૂળ) કારણ આપણે જ છીએ ને નિમિત્ત કારણ તો જગતમાં અનેક છે, પણ ઉપાદાન કારણની પ્રબળતા વિના નિમિત્ત નકામા છે.

૬૨ જેવી સ્થિતિ આપણને ગમે છે અને જે વાસ્તવિક સત્ય છે તે કરવાના વિચારની માળા ફેરવ્યા કરતાં તે સંબંધી ઉદ્યમમાં જોડાવું એ શ્રેયસ્કર છે.

૬૩ જેવો માણસ મળે, જેવો સમય મળે ને જેવી આપણી લાયકાત હોય તેવાંજ વાક્યોચ્ચાર ને વ્યવહાર રાખવો કે પરિણામે પસ્તાવું ન પડે.

૬૪ સદ્‌ગુણ ગ્રાહક બનવા અને નવીન અનુભવ મેળવવા ઉત્સાહી થવું.

૬૫ પૂર્વનો અભ્યાસ ફેરવતા રહી તાજો રાખવો તે નવો અભ્યાસ કરવા બરાબર છે.

૬૬ આપણી કીર્તિને કલંકિત કરનાર અનિષ્ટ પરિણામક ઇર્ષારૂપી અગ્નિની બહુજ સંભાળ રાખવી, અન્યની ઉન્નતિ દેખી તેના જેવા ઉત્તમ બનવા સ્પર્ધા કરવી પણ ઇર્ષા તો નજ કરવી.

૬૭ અન્યના સદ્‌ગુણોને, શ્રેયને કે કોઇ પણ લાભને દેખી અદેખાઇ ન કરતાં પ્રસન્નતા ધારવાની અંતરમાં ટેવ પાડવી.

૬૮ જે કાર્ય કરવા જેવું હોય તેમાં પ્રમાદ ન કરવો, હમેશાં સદ્‌ઉદ્યમી, વિવેકી ને વિચારશીલ બનવું તથા નવા નવા નીતિમય ને જ્ઞાનમય અનુભવીઓનાં પુસ્તકો વાંચવાનો શોખ રાખવો.

૬૯ સાધુનો વેશ પહેરવાની ઉતાવળ કરવા કરતાં સાધુતાને પ્રગટાવવા વધારે ઉતાવળ કરવી.

૭૦ જેણે પોતાના હસ્તો દાનથી, કંઠ સત્યથી ને કર્ણ સદ્બોધનાં શ્રવણથી શોભાવ્યાં છે, તેને શોભા માટે અન્ય આભૂષણોની કાંઈ જરૂર નથી.

૭૧ બંધાવું કે મુક્ત થવું એ કાર્ય આપણા અધ્યવસાય ઉપર આધાર રાખે છે માટે આપણા અંતરના વિચારોનેજ પવિત્ર, પ્રસન્ન, આનંદીત, નિષ્પાપ, વિશુદ્ધ પ્રેમી અને સમાધિસ્થ રાખવા. માટે જેમ બને તેમ પ્રયત્ન કરવો એજ આપણા કલ્યાણની ઉત્તમ દવા છે.

૭૨ દરેક ક્રિયામાં પ્રથમ જ્ઞાનની અપેક્ષા રહે છે માટે ક્રિયા કરવા પહેલાં તેનું પરિપૂર્ણ જ્ઞાન કરવું કારણકે ઉત્તર ધ્રુવનો રસ્તો જાણ્યા વિના ઉત્તર ધ્રુવને શોધવા દક્ષિણ તરફ ચાલવાનો પ્રયાસ જેમ નિષ્ફળ જવા ઉપરાંત ઉત્તર ધ્રુવથી દૂર જવાય છે તેમ સર્વ કાર્યમાં પણ સમજવું.

૭૩ શારીરિક કે માનસિક આરોગ્ય બગડે એવું વ્યસન કદિ પણ કરવું નહિ.

૭૪ દરેક શેહેરો મુસાફરખાનાં છે ને તેમાંનાં ઘરો તે મુસાફરોને ઉતરવાની ઓરડીઓ છે, ને તેમાં વસનારા દરેક મુસાફરો છે. મુસાફરીની મુદ્દત પૂર્ણ થયે દરેકે પોતાની માનેલી ઓરડી અને તેમાંના સામાન સુદ્ધાં છોડીને જવું પડે છે. સો દોઢસો વર્ષ પહેલાના મુસાફરો દેખાતા નથી ને વર્તમાનમાં દેખાતા મુસાફરો સો દોઢસો વર્ષ પછી પણ નહિ હોય એ પ્રમાણે જો ચોક્કસ સમજીએ છીએ તો પછી આવા અસ્થિર વાસમાં હૃદયને અસં-

તોષમય બનાવી અપયશ અને અધર્મના પોટલા શામાટે બાંધવા? એ વિચાર પોતાના ચિત્ત સાથે હમેશાં કરવો.

૭૫ હમેશાં જીંદગીના જાણવાજોગ બનાવોની નોંધ કરવી કે જે ભવિષ્યમાં આપણને અને આપણા પરિવારને પણ ઉપયોગી થઇ પડે.

૭૬ જે એક વાર સમાધિ મરણે મરે છે તેને પછી કોઇ વાર અસમાધિ મરણે મરવું પડતું નથી. માટે આ મુસાફરી અસમાધિમાં ન પસાર થાય તે માટે સાવચેત રહેવું.

૭૭ જેને સમદૃષ્ટિ પ્રાપ્ત થાય છે તે ગમે તે સંપ્રદાયના શાસ્ત્રો વાંચીને પણ આત્મહિત મેળવી શકે છે એ તેની દૃષ્ટિની ખુબી છે.

૭૮ મોટા મોટા તત્ત્વજ્ઞાનના ગ્રંથો ભણી જવા પછી પણ જે સમજાય છે તે પણ સામાન્ય ને પરોક્ષ છે. જેથીજ ઘણા પ્રાણીઓ કહેવા છતાં કરી શકતા નથી અને જાણવા છતાં સ્વહસ્તેજ સ્વ અહિત કરે છે.

૭૯ લલચાવી મારનાર માયિક સૌંદર્ય અદ્ભૂતરચનાઓથી પ્રત્યક્ષ રહી પાઠ ભજવે છે અને આત્મિક અપરિમીત સૌંદર્યનો ખજાનો ઉંડામાં ઉંડા પ્રદેશ નીચે અદ્રશ્ય છે.

૮૦ પત્થર તજી પાર્શ્વમણિ દરેક સ્વીકારે એ સ્વાભાવિક છે; પરંતુ પાર્શ્વમણિ અત્યંત અદ્રશ્ય છે, માત્ર તેની કથનીજ દ્રશ્યમાન છે; તેનું કારણ તો માત્ર પ્રયોગ ને પ્રયોજનની ખામી સંભવે છે; અને તે ખામીઓ અજ્ઞાનને આભારી છે.

૮૧ અજ્ઞાનના પ્રભાવે સૂર્ય જેવો પ્રકાશિત પદાર્થ આજે અંધારામાં ખપે છે, અનન્ત લક્ષ્મીનો અધિપતિ ભીખારી સ્થિતિમાં ભમે છે અને અનન્ત બળનો ધણી મુડદા જેવો માલમ પડે છે.

૮૨ પરમ શાન્તિવાળી અપૂર્વ ચીજનું સાક્ષાત્પણું નથી ત્યાંસુધી બાહ્ય ઔપચારિક ભાવમાં લુબ્ધ વૃત્તિનું પરાવર્તનપણું અત્યંત કઠિન છે.

૮૩ અધિકારની હદ ઉપરાંત નિવૃત્તિની ભૂમિપર જવાની ઉતાવળ કરવી અગર નિવૃત્ત થઇને બેસવું એ ઉભય ભ્રષ્ટ થવા જેવું છે.

૮૪ પ્રાણી માત્રે જે વસ્તુ પ્રાપ્ત કરવાની હોય તે પહેલાં લાયક બનવું, લાયકાત પ્રાપ્ત થયા પછી તેને વસ્તુ સ્વયમેવ મળશે ને લાયકાત વિના મેળવેલી પણ ચાલી જશે.

૮૫ ઘણી ભવ્ય જણાતી વ્યક્તિઓ પણ બહુ બહુ તપાસતાં દંભથી લપટાયેલી અનુભવાય છે માટે બહુ સાવચેત રહેજો.

૮૬ આ પ્રપંચી દુનિયામાં સત્યની ખરીદી કરતાં પૂર્ણ વિચાર કરવો, કારણકે સત્યમય સ્થળો બહુ વિરલ છે.

૮૭ પૂર્ણ પ્રયાસે ઉત્તમ પ્રકારનાં મેળવેલાં અમૂલ્ય સાધનો વિહ્વળ-તાથી પૌદ્ગલિક વિષયીરૂપ રમકડાંમાં ખુશીથી ખરચાય છે તેને ઉત્તમ રસ્તે ખરચવા યત્ન કરવો.

૮૮ " દુશ્મનો " ની માન્યતામાં આખી દુનિયા ઠગાઇ છે, નહિ તો પોતાનું અનિષ્ટ પોતેજ કરે ?

૮૯ મહાત્માઓના આચરણ નિરખવા કરતાં તેના અંતઃકરણની રમ્યતા નિરખવાની પરીક્ષા ઉત્તમ છે.

૯૦ બુદ્ધિને હંસ જેવી, હૃદયને સ્ફાટિક સરખું, વચનને પ્રિય, મગજને વિશાળ, દૃષ્ટિને મધ્યસ્થ અને મનને સહનશીલ બનાવવા હમેશાં પ્રયત્ન કરવો.

૯૧ મારૂં છે એટલુંજ સત્ય છે, એ માન્યતા કરતાં જ્યાં જેટલું સત્ય છે તે સર્વ મારૂં છે એ માન્યતા શ્રેષ્ટ છે.

૯૨ બ્રહ્મચર્ય જેવા કોહીનૂરના રક્ષણ માટે મહાવીર પ્રભુએ જે નવ વાડો બતાવેલ છે તેનું બ્રહ્મચર્યની જરૂરીયાતવાળાએ અવશ્ય પરિપાલન કરવું.

૯૩ ઉંચી ઉંચી સફાઇદાર વાતો કરનારા કરતાં ઉંચું વર્તન રાખનારાઓ સામાના હૃદયમાં બહુ જલદી અને સચોટ છાપ પાડી શકે છે.

૯૪ દરેક પ્રાણીઓ સાથે મિત્રતા રાખતાં શીખો કારણકે વૈર એ મહા ભયનું સ્થાન છે અને સુખની અભિલાષા હોય તો તમારાથી બનતી તમો બીજાને શાન્તિ આપો.

૯૫ જે માણસ માતા, પિતા, ભાઇ, આદિ કુટુંબ, રાજ્ય, પ્રજા, ગુરૂ, ધર્મ અને દેવ એમ દરેક પ્રત્યેની ફરજો સમજે છે ને તે પ્રમાણે ચાલવા પ્રયત્નશીલ થાય છે, તેનો સંસાર સુખદ થાય છે.

૯૬ પંથ વિકટ છે, રસ્તામાં લુંટારા ઘણા ઘુમે છે, સાથે જોખમ ઘણું છે માટે બહુ સાવચેતીથી ચાલવું.

૯૭ ઉંઘમાં ઘણો સમય ગયો, હવે ઉંઘી જવાનો આ વખત નથી માટે જાગો, નહિ તો પાછળથી પસ્તાશો.

૯૮ જીવનનો હેતુ જગતના અગોચર ભાગમાં પડયા રહી અવ્યક્ત જીવન વિતાડવાનો નથી; પણ અનાદ્યનંત લાગી પડેલી સ્વ પર વ્યથાઓ ટાળવાનો પુરૂષાર્થ કરવો એ છે.

૯૯ જે વાંચો જે સાંભળો અને જે જુઓ તેમાંથી સારને પકડી લેવાનો અને નિઃસારને તજી દેવાનો અભ્યાસ રાખો.

૧૦૦ નિર્બળ, અશક્ત, લાચાર, મદદની જરૂરીયાતવાળા એવા કોઇ પણ યોગ્ય પ્રાણીઓને તમારી શક્તિ પ્રમાણે મદદ કરવા ભૂલશો નહિ.

૧૦૧ કોઇ પણ પાત્રનો ઘાટ માર ખાધા (ટીપ્યા) વિના બનતો નથી માટે સુપાત્ર અને ઘડાયેલ થવું હોય તેને ટીપાવું પડશે.

૧૦૨ કોઈ પણ જાતના ભુલભરેલા વિચારથી મુક્ત થવું એ પરિતા-
પને પમાડનારી પરતંત્રતા (કેદ)થી મુક્ત થવા જેવું છે.

૧૦૩ સચ્છાસ્ત્ર રૂપ તેલથી સ્નીગ્ધ કરેલ વૈરાગ્યરૂપ વાટથી પ્રગટાવેલ વિવેકરૂપ દીપક આંતરિક પ્રદેશના તિમિરને તોડવાનો ચોક્કસ ઇલાજ છે.

૧૦૪ અહોરાત્રિની સાઠ ઘડીઓમાંથી બે ઘડીઓ એવી કાઢવી કે અઠાવન ઘડીઓમાં લાગેલા અશુભ ડાઘાને ભુંસી સાફ કરાય એમ હમેશનો કચરો હમેશાં ફેંકી દેવાની આદત રાખવી.

૧૦૫ સારાનરસા ખોરાક અને હવા ઉપર જેમ શરીરના સારાનરસા બનવાનો આધાર છે તેમ સૂક્ષ્મ અને સ્થૂલ બન્ને શરીરનો ને જે મન તેને સારાનરસા બનવાનો આધાર આપણા સારાનરસા વિચાર ઉપર છે એ લક્ષમાં રાખશો.

૧૦૬ મનુષ્યો સ્થૂળ શરીરને આરોગ્ય, મજબુત અને સુંદર રાખવામાં જેટલા કાળજીવાળા છે તેનો ચતુર્થાંશ પણ સૂક્ષ્મ શરીર (મન) ને આરોગ્ય અને સુંદર રાખવામાં કાળજીવાળા હોય તો આત્મ-કલ્યાણ દૂર નથી.

૧૦૭ આ પુસ્તકની પાછળ બતાવેલા સમ્યકત્વપૂર્વક બાર વ્રતોને સમજણપૂર્વક સુખાભિલાષીઓએ અવશ્ય આદરવાયોગ્ય છે.

૧૦૮ તમે સ્વતંત્ર છો, સર્વ શક્તિમાન છો, ભય પામવાનું કે નાહિંમત થવાનું કોઇ કારણ નથી, જો તમારી પ્રબળ ઇચ્છા થશે તો રસ્તો આપોઆપ થશે માટે ઉઠો મારા પ્રિય મિત્રો! તમારૂં અને તમારા આશ્રિતોનું શ્રેય કરવા તમો મળેલાં સાધનોનો સદુપયોગ કરો, અને મનુષ્ય જન્મને સાફલ્ય અર્પો તમોને પરમાત્મા સહાય કરશે. **ॐ शांतिः शांतिः शांतिः**

સમ્યક્ત્વનું ટૂંકું સ્વરૂપ

આનાદિ કાળથી વિવિધ પ્રકારની યોનીઓમાં જન્મ, જરા મરણ કરીને જીવોને રખડવું પડે છે, તેનું કારણ મિથ્યાત્વરૂપ અંધકાર છે. એ અનાદિ અંધકારથી જીવ પોતાનું સ્વરૂપ ભુલી ગએલો છે. મિથ્યાત્વ એટલે ખોટાપણું. આ દુનિયામાં મૂળ બે તત્ત્વો છે, જડ અને ચૈતન્ય એ બન્નેનું યથાર્થ સ્વરૂપ જાણવું એ સમ્યકત્વ અને વિપરીત રીતે જાણવું એ મિથ્યાત્વ કહેવાય છે. સત્યાસત્યને સમજ્યા વિનાનો પ્રયત્ન નિષ્ફળ નિવડે છે. મિથ્યાત્વને સમજાવવા માટે શાસ્ત્રમાં તેના પચ્ચીશ પ્રકાર બતાવ્યા છે તે બધા પ્રકાર સમ્યક્ત્વ થયે નાશ પામે છે. સમ્યક્ત્વનું સ્વરૂપ સમજાવવાને સિદ્ધાંતોમાં તેમ અન્ય ગ્રંથોમાં પણ તેનું પુષ્કળ વર્ણન કરેલ છે તે વર્ણન લખવાનું આ સ્થળ નથી. બતાવવાનું એ છે કે વ્રતો આદરનારને પ્રથમ સમ્યક્ત્વની જરૂર છે. તેણે સત્યદેવ, સદ્‌ગુરૂ અને સદ્ધર્મ, એ ત્રણ તત્વોને સ્પષ્ટ સમજવા અને અચળ શ્રદ્ધા તે ઉપર રાખવી. તે ત્રણ તત્ત્વનો વિસ્તાર કરવાથી જુદા ગ્રંથ જેવું થાય એથી પ્રસંગાનુસાર ટુંકમાં જણાવેલ છે. સત્યદેવ તે–જે કર્મોવડે શુદ્ધ ચૈતન્યનું અનંત જ્ઞાન, દર્શન, વીર્ય, સુખ ઢંકાયેલ રહે છે. તે આઠ કર્મોમાંથી ઘનઘાતી ચાર કર્મને ખપાવી કેવળ જ્ઞાન પ્રાપ્ત કરનારા તીર્થંકરો અને સામાન્ય કેવળીઓ તથા અષ્ટ કર્મનો નાશ કરી સિદ્ધપદને પ્રાપ્ત કર્યું હોય એવા અનંત શક્તિવાળા અખંડાનંદ સ્વરૂપ પરમાત્મને દેવ તરીકે સ્વીકારવા.

સદ્‌ગુરૂ તે–વીતરાગે દર્શાવેલ પવિત્ર માર્ગે વહન કરનાર અને

અન્યને દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવને અનુસરી અધિકાર પ્રમાણે વહન કરાવનાર ન્યાયાવલંબી, સત્યાનુપ્રેક્ષી, નિર્દોષ જીંદગી ગાળનાર. સંસારની કર્મ બંધન પ્રવૃત્તિથી ન્યારા થઇ આત્મકલ્યાણમાં જોડાયેલ નિર્વિષયી, નિર્વિકારી, નિરાભિમાની જીતેંદ્રિય એવા સાધુ પુરૂષો જેના વિશેષ ગુણો પંચપરમેષ્ટીનું વિવેચન કરતાં બતાવેલ છે, એવા પ્રકૃતિના સરલ શાંત, ગંભીર, અને સ્વપર શાસ્ત્રોને જાણવા ઉપરાંત અનુભવવડે સત્યનો નિશ્ચય કરેલ હોય એવા પુરૂષને સદ્‌ગુરૂ તરીકે સ્વીકારવા.

સદ્ધર્મ તે–આધિ, વ્યાધિ અને ઉપાધિથી પીડાતા અસંખ્ય પ્રાણીઓને જન્મમરણના સર્વથા ફેરા મટાડી મોક્ષપદે પહોંચાડનાર, કે જે માર્ગ અનુભવીઓએ જૈન શાસ્ત્રમાં બતાવેલ છે. જે માર્ગમાં વહન કરતાં ક્રોધાદિકષાય પાતળા પડે, પુદ્‌ગલપર મૂર્ચ્છા મમત્વ ઘટે, સત્યને સત્યરૂપે અને અસત્યને અસત્યરૂપે ઓળખે એવો વીતરાગનો પ્રરૂપેલો શુદ્ધ માર્ગ એ સતધર્મ સમજવો.

એ ત્રણ તત્ત્વને બરાબર જાણી શ્રદ્ધાપૂર્વક વર્તન કરનાર સમકિત દૃષ્ટિ ગણાય છે. એ સમકિત દૃષ્ટિના પાંચ લક્ષણ–શમ–સંવેગ–નિર્વેદ અનુકંપા અને આસ્થા (શ્રદ્ધા), વળી તેના આઠ આચાર, ચાર સદ્દહણા, આઠ પ્રભાવક, ત્રણ લિંગ, પાંચ ભૂષણ, પાંચ દૂષણ રહિતપણું, દશ પ્રકારની રૂચિ, દશ પ્રકારના વિનય, એમ અનેક સદ્‌ગુણોવડે સમકિત દ્રષ્ટિની ઓળખાણ બતાવી છે. જેમાં છ છીંડીઓ (આગારો) છે. એ સર્વનું વિવેચન અન્ય શાસ્ત્રોથી જાણી લેવું. તેમાં પણ શાસ્ત્ર વાંચન કરતાં સદ્‌ગુરૂને ઓળખી તેમની સમીપે સમ્યક્ત્વના યથાર્થ સ્વરૂપને જાણવું અને પછી સમ્યક્ત્વપૂર્વક નીચે દર્શાવેલા બાર વ્રતોને અંગીકાર કરવા એ વધારે ઉત્તમ છે. વર્ત-

માન કાળમાં ઘણા શ્રાવક શ્રાવિકાઓ માત્ર અંધ પરંપરાથી સમકિત આદરે છે, તે આદરવામાં સમજણનો અભાવ હોવાથી જે ગુણો પ્રગટવા જોઇએ, જે મિથ્યાત્વના દળીયા ઘટવા જોઇયે, જે પ્રકૃતિઓ શાંત થવી જોઇયે, તે થયેલી નથી હોતી; અને એથીજ સ્વધર્મમાં અશ્રદ્ધાળુ બને છે; અને પૌદ્‌ગલિક લાલસા જાગતાંજ ભવાની, કાળકા, હનુમાન, કે તાબુત, જેવા મ્હારૂં કષ્ટ કાપશે અને મારી આશા પૂર્ણ કરશે એમ ધારી માનતાઓ કરે છે. આ બધું થવાનું કારણ સ્વધર્મ પ્રત્યે અશ્રદ્ધા, ધર્મમાં રહેલ રહસ્ય અને તેનું ગૌરવ નથી જાણાયું હોતુ તેથી ચિંતામણિને તજી દઇ ચકમકમાં ફસાય છે. માટે દરેક આત્માર્થી પુરૂષોએ સદ્‌ગુરૂને ઓળખી મનુષ્યભવને સફળ બનાવવા માટે કાળજી રાખી સમ્યકત્વનું સ્વરૂપ સમજી શક્તિ પ્રમાણે વ્રતો આદરવાં.

દરેક શ્રાવકે અવશ્ય આદરવા યોગ્ય વ્રતોનું લીસ્ટ.

૧ કોઈ ત્રસ જીવને વગર અપરાધે જાણી જોઇને મારવાની બુદ્ધિએ (ઇરાદાપૂર્વક) મારવા નહિ; તેમાં શરીરમાં જીવ પડે તે કાઢતાં અથવા ગૃહસ્થાશ્રમના હરકોઇ કામ કરતાં અનિચ્છાએ મરી જાય તેનો આગાર, બાકી વિગલેંદ્રિય સઅપરાધીને પણ મારવા નહિ.

૧ કોઇની આજીવિકા તોડવી નહિ.

૨ પારાધી કે કસાઇ જેવા ધંધાવાળાને પૈસા ધીરવા નહિ.

૩ બનતાં સુધી પોતાનાથી હલકા વર્ગના નિરાપરાધી પ્રાણીઓને શારીરિક કે માનસિક પીડા થાય એવો વ્યવહાર ઇરાદાપૂર્વક કરવો નહિ.

૪ દેશમાં, ગામમાં, જ્ઞાતીમાં, સંપ્રદાયમાં કે કુટુંબમાં મોટા ખોપ(ઝગડા) થાય એવી પ્રવૃતિ ઇરાદાપૂર્વક કરવી નહિ.

૨ કોઇને મોટું નુકસાન થાય એવું કે પોતાની પંચમાં પ્રતિત જાય એવા પ્રકારનું અસત્ય બોલવું નહિ.

૧ કોઇને જાણી જોઇને ખોટે માર્ગે દોરવા નહિ. (ખોટી સલાહ આપવી નહિ.)

૨ ખોટા લેખ લખી પરને છેતરવા નહિ.

૩ મર્મસ્થાન ભેદાઈ જાય એવાં કઠોર કે રહસ્યકારી ઝેરી વચનો બનતાં સુધી બોલવાં નહિ.

૪ કોઇને માથે ખોટાં આળ ચડાવવાં નહિ.

૩ ચોર બુદ્ધિથી અન્યની કોઈ પણ ચીજ ચોર કહેવાઇએ અને ગુન્હેગાર ગણાઇએ એવી રીતે ચોરી લેવી નહિ.

૧ ચોરોને સહાય આપવાની કે ચોરાઉ ચીજ રાખવાની પ્રવૃત્તિ રાખવી નહિ.

૨ કોઇની થાપણ ઓળવવી નહિ.

૩ કોઇની ચીજ ભુલથી આવી જાય અથવા પારકી પડેલી વસ્તુ ચોર તરીકે લેવી નહિ.

૪ કોઈ પણ જાતનું ખોટું માપ રાખીને અગર કપટથી પરને ખાસ ઠગીને અધિક લેવું નહિ, અને ઓછું આપવું નહિ.

*૪ પુરૂષોએ પરસ્ત્રી અને સ્ત્રીઓએ પરપુરૂષ સાથે (પંચની સાક્ષીયે પરણ્યા સિવાય) એક કોટીએ (કાયાયે) મૈથુન સેવવું નહિ.

૧ એક ઉપર બીજી સ્ત્રી શોખ નિમિત્તે પરણવી નહિ.

૨ પોતાનાં કે પરનાં અયોગ્ય (નીતિ વિરૂદ્ધ) સગપણ જોડી આપવાં નહિ.

૩ સૃષ્ટિ વિરૂદ્ધ વર્તન કરવું નહિ.

૪ અયોગ્ય ઉમરની તથા પરણ્યા પહેલાં માત્ર સગપણ કરેલી સ્ત્રી સાથે મૈથુનવ્યવહાર કરવો નહિ.

૫ રોકડનાણું રૂ. ઘડેલ તથા અણઘડેલી ધાતુ રૂ. હીરા માણકાદિ નંગ રૂ. ઘર હાટ વખાર વંડા વિગેરે મકાન

---

* આ વ્રતો દરેક આત્મહિતેચ્છુ આદરી શકે તેટલા માટે અતિ કઠીન ન કરતાં સાદાં રાખેલાં છે.

નં. બાગબગીચા વાડીક્ષેત્રની જમીન વીઘાં સર્વ જાતનાં જનાવરો નં. એ સિવાય પોતાના વૈભવના પ્રમાણમાં જે જે વસ્તુઓનો આગાર રાખવો હોય તેનાં નીચે નામ લખવાં તથા ઘરવખરી સર્વ મળી રૂ. તે ઉપરાંત પરિગ્રહ રાખવો નહિ.

૧ કન્યાવિક્રય કરી આજીવિકા ચલાવવી નહિ.

૨ પૈસાની લાલચે પુત્રી અગર જનાવર અયોગ્ય સ્થળે (જ્યાં જવાથી તેને જીંદગી સુધી સોસાવું પડે ત્યાં) આપવાં નહિ.

૩ વિશ્વાસઘાત જેવાં નીચ કાર્યો કરવાં નહિ.

૪ પોતાના અલ્પ લાભાર્થે અન્યને મોટું નુકશાન કરવું નહિ.

૬ પ્રત્યેક દિશાઓ તરફ જવું પડે ત્યારે ગાઉ ઉપરાંત મારે પોતાને જઇને સાવદ્ય યોગ સેવવા નહિ.

૭ દારૂ માંસ આદિ નીચે લખેલ વસ્તુઓ વાપરવી નહિ. (ન વાપરવી હોય તે વસ્તુનાં નામ નીચે લખવાં.)

તે સિવાય તમાકુ માત્ર પીવી નહિ. મહાન આરંભકારી વ્યાપાર કરવા નહિ. જુગાર રમવું નહિ. અજાણી ચીજ ખાવી નહિ. જે વસ્તુનો વર્ણ ગંધ રસ ફરી ગયો એટલે બગડી ગયો તે વાપરવી નહિ. અભક્ષ (અખજ) ચીજ ખાવી નહિ.

૮ ઘણા જીવોની વિરાધના થાય કે મોટા અનર્થો નીપજે એવો પ્રમાદ બનતાં સુધી સેવવો નહિ.

૯ સદરહુ પુસ્તક અવલોકન કરી સામાયિકના રહસ્યને સમજીને દરવર્ષે બની શકે તેટલી શુદ્ધતાથી ઉપયોગ પૂર્વક સામાયિક નં. કરવાં.

૧૦ દરવર્ષે બનતા ઉપયોગે દિશાવગાસિકવ્રત નં. કરવાં.

૧૧ દરવર્ષે બનતી જાગૃતિપૂર્વક આઠ પહોરના પૌષધ વ્રત નં. કરવાં.

(૯–૧૧: ચાર શિક્ષાવ્રતો.)

૧૨ સુપાત્ર સાધુ સાધ્વીજીને નિર્દોષ આહાર પાણી ભક્તિપૂર્વક અવસર મળે વહોરાવવું.

જે મનુષ્યને મનુષ્યભવ સફળ કરવો હોય અને આત્મકલ્યાણની ઇચ્છા હોય તેમણે સમ્યકત્વપૂર્વક ઉપરનાં વ્રતોનું પરિપાલન કરવું ઘટે છે. તેમાં કોઇને પોતાની સ્થિતિના અંગે કોઈ વ્રતમાં કાંઈ ફેરફાર કરવો પડે તો તે પ્રમાણે લખીને પ્રતિજ્ઞા કરવામાં બાધ નથી.

ઉપરની દરેક પ્રતિજ્ઞાઓ જીંદગીપર્યંતની લેવાની છે પણ કદાચ કોઇને કોઇ પ્રતિજ્ઞા થોડા કાળ સુધી લેવા મરજી હોય તોપણ બાધ નથી.

વ્રતો આદર્યા પછી વખતોવખત એ વ્રતોનું લીસ્ટ સ્મરણમાં રહે તે માટે વાંચવું અને પોતાના વર્તનમાં સુધારો કરવો.

ચિત્તને સ્વસ્થ બનાવવા માટે ઉપદેશ.

ઉત્તમ પ્રકારની અભિલાષાવાળા હે મિત્ર! તારે ઉત્તમ પુરૂષોના પંથેજ ગમન કરવું ઘટે છે. કાગડાના ખોરાકથી હંસને હમેશાં દૂર વસવું યોગ્ય છે. જેવો વિચાર કરીશ તેવુંજ તારૂં શારીરિક યંત્ર રચાશે. એજ યંત્રથી હજી અનંત ભવમાં નહિ આરંભેલાં એવાં ઘણાં અગત્યનાં કાર્યો તારે કરવાનાં છે. તારાથીજ દુઃખોદધિ ઉતરવો છે. તારાથીજ દુર્ભેદ્ય દુશ્મનો હઠાડવા છે, અને તારી મદદથીજ આત્મિક અખૂટ લક્ષ્મી પ્રાપ્ત કરવાની છે. આ સર્વ દુર્ઘટ કાર્ય તારી સહાયતા સિવાય ખચીત થવું નથી, માટે તારે અવશ્ય સુધરવું ઘટે છે. અરે ભ્રમિત! તું ક્ષણિક સુખ માટે ક્યાંસુધી અફળાઇશ? જડ વસ્તુના સંયોગ વિયોગે જણાતાં ક્ષણિક સુખો તે વાસ્તવિક જડનો સ્વભાવ નથી. એ ક્ષણિક સુખો પણ અખંડ સુખનીજ પ્રતિભા છે અને એ અખંડ સુખ તારી અજ્ઞાન દશાથીજ અદૃશ્ય છે, અને ઉભરાઇ નીકળતું દુઃખ એ પણ અજ્ઞાનજનિત કલ્પના છે. જડમાં વાસ્તવિક સુખ કે દુઃખ દેવાનો સ્વભાવ નથી. અરે બાવરા! અગ્નિમાં પડવાથી ઠંડક નહિ મળે. રેતીના કોળીયા છેવટ સુધી નીરસજ રહેવાના છે. ધુમ્રના ગોટામાં ક્યાંસુધી ગોટવાઇશ? હે મનમૃગ! ઝાંઝવાનાં જળ તારી અનાદિની તૃષાને નહિ મટાડે. અરે વૃત્તિરૂપ પાંખવાળા પતંગ! વિષય રૂપ ઝગઝગતો દીપક તારા સુખ માટે નથી પણ તારા ઉપયોગી ગાત્રને બાળવાને માટેજ નિર્માયેલ છે. અરે મરાલ! મુડદાં ચુંથવાનો તારો ધર્મ નથી, તારા માટે તો ઉમદાં મૌક્તિકો નિર્માણ થયેલાં છે!

શામાટે શોકસાગરમાં પડે છે? ઝુરણા કરવાનું શું પ્રયોજન છે? હાયવોય અને હૈયા પીડ કાં માંડી છે? તારા સમીપેજ અગાધ

આનંદનો નિધિ છે. પણ અંતર્મુખવૃત્તિ સિવાય એ અલૌકિક અનુભવ તને કોઈ કાળે પણ થવાનો નથી. વ્યાવહારિક બોજાથી શ્રમિત થયેલ તારા શરીરને સદ્‌ગુરૂના વચનામૃતથી શાંત કર. તારી ચંચળતાને ક્ષણભર અટકાવી તત્ત્વકમળના અપૂર્વ રસનો ઉપભોગ કર. જે જે વ્યક્તિ ઉપર તું વિશ્વાસપૂર્વક ધુંચાયો–ધુંચાય છે અને ધુંચાઇશ તેમાં આખર નિરાશા છે. આ સિદ્ધાંત અસંખ્ય અનુભવીઓના છે માટે સ્વલ્પસમય પણ વિરમ વિરમ; બાળચેષ્ટાથી વિરમ અને અંતર્મુખ વૃત્તિ કરી વિચાર કેઃ—

હરિગીત.

હું કોણ હું ને આ બધું શું? સ્વરૂપ મારૂં શું ખરૂં?
આ જન્મ મરણો શા થકી છે, એ બધાં શાથી હરૂં?
કરવાં પડે નહિ કાર્ય ફરીને કાર્ય એવાં શું કરૂં?
ફરી જન્મવું મરવું પડે નહિ એમ કઈ રીતે મરૂં? ૧
આ સ્વપ્ન કે સાચું હશે તે કેમ નિશ્ચયને કરૂં?
દુઃખ કલ્પના મુજ હોય તો દેખાવથી શાને ડરૂં?
મરવાતણી વસ્તુ નથી તો કયા પ્રકારે હું મરૂં?
સઘળો પ્રપંચજ પ્રલય થાયે ધ્યાનમાં એવું ધરૂં? ૨

એ વાક્યોનું પુનઃ પુનઃ ઉદ્‌ઘાટન કરી પવિત્ર વિચારથી ચિત્તને સ્વસ્થ કરવું. સામાયિકમાં પણ આ વાંચવું વિચારવું અને રાત્રે હમેશાં શયન પહેલાં પાપથી (પ્રતિક્રમવા) પાછું ફરવા માટે ઉપરના પ્રયોગથી ચિત્ત શાંત કરી આદરેલાં વ્રતો તરફ ચિત્તને ફેરવવું કે આજના દિવસમાં વ્યવહારના કોઇ પણ કાર્યમાં જોડાતાં જાણતાં અજાણતાં વિવેકશૂન્ય થઇ, મોહવિકળ થઇ, ઝેરી લાલસાથી બેભાન થઇ, અજ્ઞાનતાવડે અંધ થઇ, આશાના પાશમાં પરતંત્ર થઇ, વિષયમાં વિમૂઢ થઈ, ઉપયોગશૂન્યપણે ખંડના–વિરાધના થઇ હોય

અને અતિક્રમ વ્યતિક્રમ અતિચાર અણાચારનું મન વચન કે કાયાવડે સેવન થયું હોય કે અકલ્પનિક અયોગ્ય કાર્ય બની ગયું હોય અથવા માઠું ધ્યાન ચિંતન થયું હોય અથવા મારાં આદરેલાં સમ્યક્ત્વપૂર્વક બાર વ્રતો અને તેના પેટાના નિયમોનું કોઈ રીતે ખંડન દેશથી કે સર્વથી થયું હોય તો અનંત સિદ્ધ ભગવંતની સાક્ષીએ મિચ્છા મિ દુક્કડં. હે કૃપાનિધિ ! મને ક્ષમા કરજે. ફરીને બનતી સાવચેતી રાખીશ અને જેમ બનશે તેમ મારા આદરેલાં વ્રતોનું પ્રતિપાલન કરીશ એમ પોતાની ભુલનો પશ્ચાત્તાપ કરી પરમાત્મ સાક્ષીએ ખરા અંતરથી માફી માંગવી અને હવેથી બનતી સાવચેતી રાખવા દૃઢ સંકલ્પ કરવો. પોતાના આખા દિવસના કાર્યનો મેળ તપાસવો અને વ્રતો નિર્દોષપણે પાળ્યાં હોય તો પ્રસન્ન થવું, હમેશાં નિર્દોષ જીંદગી ગુજારવાની ભાવના ભાવવી. આદરેલાં વ્રતો કરતાં પણ વિશેષ શુદ્ધ બનવા હમેશાં કાળજી રાખવી, કારણકે હૃદયના કાળા કોલસા, સત્વ ગુણને પણ ઝેરમય કરનાર વૃત્તિઓ, સદ્ગુણોને ભસ્મીભૂત કરનાર ઇર્ષ્યાગ્નિ, સ્વરૂપને ભુલાવનાર અજ્ઞાન અને પ્રત્યેક ક્ષણે શુભ કાર્યમાં પડદો નાંખનાર પ્રમાદ જેવા દુર્ભેદ્ય દુર્ગુણોને જ્યારે ત્યારે પણ હઠાવ્યા સિવાય ખરી શાંતિ, ખરો આનંદ અને અવિચ્છિન્ન સુખો પ્રગટ થવાનાં નથી. માટે નિર્દોષ બનવા પ્રયત્નશીલ થવું, અને આ પુસ્તક માંહેની ઉપયોગી બાબતોનું દરરોજ પઠન કરવું. યાદ રાખવું કે આ કાર્યમાં બેદરકારી કરવી એ પોતાના કરોડોના લાભ તરફ બેદરકારી કરવા બરાબર છે, એમ ખાત્રીથી સમજવું.

सर्वे भवंतु सुखिनः सर्वे संतु निरामयाः ।
सर्वे भद्राणि पश्यंतु माकश्चिद्दुःखभाग्भवेत् ॥

भक्तामर स्तोत्रम्.

(वसंततिलका वृत्तम्)

भक्तामरप्रणतमौलिमणिप्रभाणा-
मुद्योतकं दलितपापतमो वितानम् ॥
सम्यक् प्रणम्य जिनपादयुगं युगादा-
वालंबनं भवजले पततां जनानाम् ॥ १ ॥
यः संस्तुतः सकलवाङ्मयतत्त्वबोधा-
दुद्भूतबुद्धिपटुभिः सुरलोकनाथैः ॥
स्तोत्रैर्जगत्रितयचित्तहरैरुदारैः,
स्तोष्ये किलाहमपि तं प्रथमं जिनेंद्रम् ॥ २ ॥
बुद्ध्या विनापि विबुधार्चितपादपीठ,
स्तोतुं समुद्यतमतिर्विगतत्रपोऽहम् ॥
बालं विहाय जलसंस्थितमिंदुबिंब-
मन्यः क इच्छति जनः सहसा ग्रहीतुम् ॥ ३ ॥
वक्तुं गुणान् गुणसमुद्र शशांककांतान्,
कस्ते क्षमः सुरगुरुप्रतिमोऽपि बुद्ध्या ॥
कल्पांतकालपवनोद्धत नक्रचक्रं,
को वा तरीतुमलमंबुनिधिं भुजाभ्याम् ॥ ४ ॥

सोऽहं तथापि तव भक्तिवशान्मुनीश,
कर्तुं स्तवं विगतशक्तिरपि प्रवृत्तः ॥
प्रीत्यात्मवीर्यमविचार्य मृगो मृगेंद्रं,
नाभ्येति किं निजशिशोः परिपालनार्थम् ॥ ५ ॥
अल्पश्रुतं श्रुतवतां परिहासधाम,
त्वद्भक्तिरेव मुखरीकुरुते बलान्मां ॥
यत्कोकिलः किल मधौ मधुरं विरौति,
तच्चारुचाम्रकलिकानिकरैकहेतुः ॥ ६ ॥
त्वत्संस्तवेन भवसंततिसन्निबद्धं,
पापं क्षणात् क्षयमुपैति शरीरभाजाम् ॥
आक्रांतलोकमलिनीलमशेषमाशु,
सूर्यांशुभिन्नमिवशार्वरमंधकारम् ॥ ७ ॥
मत्वेति नाथ तव संस्तवनं मयेद-
मारभ्यते तनुधियापि तव प्रभावात् ॥
चेतो हरिष्यति सतां नलिनीदलेषु,
मुक्ताफलद्युतिमुपैति ननूदबिंदुः ॥ ८ ॥
आस्तां तव स्तवनमस्तसमस्तदोषं,
त्वत्संकथापि जगतां दुरितानिहंति ॥
दूरे सहस्रकिरणः कुरुते प्रभैव,
पद्माकरेषु जलजानि विकाशभांजि ॥ ९ ॥

नात्यद्भूतं भुवनभूषण भूतनाथ,
भूतैर्गुणैर्भुवि भवंतमभिष्टुवंतः ॥
तुल्या भवंति भवतो ननु तेन किं वा,
भूत्याश्रितं यइह नात्मसमं करोति ॥ १० ॥
दृष्ट्वा भवंतमनिमेष विलोकनीयं,
नान्यत्र तोषमुपयाति जनस्य चक्षुः ॥
पीत्वा पयः शशिकरद्युतिदुग्धसिंधोः,
क्षारं जलं जलनिधेरसितुं क इच्छेत् ॥ ११ ॥
यैः शांतरागरुचिभिः परमाणुभिस्त्वं,
निर्मापितस्त्रिभुवनैकललामभूत ॥
तावंत एव खलु तेऽप्यणवः पृथिव्यां,
यत्ते समानमपरं नहि रूपमस्ति ॥ १२ ॥
वक्त्रं क्व ते सुरनरोरगनेत्रहारि,
निःशेषनिर्जितजगत्त्रितयोपमानम् ॥
बिंबं कलंकमलिनं क्व निशाकरस्य,
यद्वासरे भवति पांडुपलाशकल्पम् ॥ १३ ॥
संपूर्णमंडल शशांककलाकलाप,
शुभ्रा गुणास्त्रिभुवनं तव लंघयंति ॥
ये संश्रितास्त्रिजगदीश्वर नाथमेकं,
कस्तान्निवारयति संचरतोयथेष्टम् ॥ १४ ॥

चित्रं किमत्र यदि ते त्रिदशांगनाभि-
र्नीतं मनागपि मनो न विकारमार्गम् ॥
कल्पांतकालमरुता चलिताचलेन,
किं मंदराद्रिशिखरं चलितं कदाचित् ॥ १५ ॥
निर्धूमवर्त्तिरपवर्जिततैलपूरः,
कृत्स्नं जगत्त्रयमिदं प्रकटीकरोषि ॥
गम्यो न जातु मरुतां चलिताचलानां,
दीपोऽपरस्त्वमसि नाथ जगत्प्रकाशः ॥ १६ ॥
नास्तं कदाचिदुपयासि न राहुगम्यः,
स्पष्टीकरोषि सहसा युगपज्जगंति ॥
नांभोधरोदरनिरुद्धमहाप्रभावः,
सूर्यातिशायिमहिमासि मुनींद्र लोके ॥ १७ ॥
नित्योदयं दलितमोहमहांधकारं,
गम्यं न राहुवदनस्य न वारिदानाम् ॥
विभ्राजते तव मुखाब्जमनल्पकांति,
विद्योतयज्जगदपूर्वशशांकबिंबम् ॥ १८ ॥
किं शर्वरीषु शशिनाह्नि विवस्वता वा,
युष्मन्मुखेंदुदलितेषु तमस्सु नाथ ॥
निष्पन्नशालि वनशालिनि जीवलोके,
कार्यं कियज्जलधरैर्जलभारनम्रैः ॥ १९ ॥

ज्ञानं यथा त्वयि विभाति कृतावकाशं,
नैवं तथा हरिहरादिषु नायकेषु ॥
तेजः स्फुरन्मणिषु याति यथा महत्त्वं,
नैवं तु काचशकले किरणाकुलेऽपि ॥ २० ॥
मन्ये वरं हरिहरादय एव दृष्टा,
दृष्टेषु येषु हृदयं त्वयि तोषमेति ॥
किं वीक्षितेन भवता भुवि येन नान्यः,
कश्चिन्मनोहरति नाथ भवांतरेऽपि ॥ २१ ॥
स्त्रीणां शतानि शतशो जनयंति पुत्रान्,
नान्या सुतं त्वदुपमं जननी प्रसूता ॥
सर्वादिशो दधाति भानि सहस्ररश्मि,
प्राच्येव दिग्जनयति स्फुरदंशुजालम् ॥ २२ ॥
त्वामामनंति मुनयः परमं पुमांस-
मादित्यवर्णममलं तमसः परस्तात् ॥
त्वामेव सम्यगुपलभ्य जयंति मृत्युं,
नान्यः शिवः शिवपदस्य मुनींद्र पंथाः ॥ २३ ॥
त्वामव्ययं विभुमचिंत्यमसंख्यमाद्यं,
ब्रह्माणमीश्वरमनंतमनंगकेतुम् ॥
योगीश्वरं विदितयोगमनेकमेकं,
ज्ञानस्वरूपममलं प्रवदंति संतः ॥ २४ ॥

बुद्धस्त्वमेव विबुधार्चितबुद्धिबोधात्,
त्वं शंकरोऽसि भुवनत्रयशंकरत्वात् ॥
धातासि धीर शिवमार्गविधेर्विधानात्,
व्यक्तं त्वमेव भगवन् पुरुषोत्तमोऽसि ॥ २५ ॥
तुभ्यं नमस्त्रिभुवनार्त्तिहराय नाथ,
तुभ्यं नमः क्षितितलामलभूषणाय ॥
तुभ्यं नमस्त्रिजगतः परमेश्वराय,
तुभ्यं नमो जिनभवोदधिशोषणाय ॥ २६ ॥
कोविस्मयोऽत्र यदि नाम गुणैरशेषै-
स्त्वं संश्रितो निरवकाशतया मुनीश ॥
दोषैरुपात्तविविधाश्रयजातगर्वैः,
स्वप्नांतरेपि न कदाचिदपीक्षितोऽसि ॥ २७ ॥
उच्चैरशोकतरुसंश्रितमुन्मयूख-
माभाति रूपममलं भवतोनितांतम् ॥
स्पष्टोल्लसत्किरणमस्ततमोवितानं,
बिंबं रवेरिव पयोधरपार्श्ववर्ति ॥ २८ ॥
सिंहासने मणिमयूखशिखाविचित्रे,
विभ्राजते तव वपुः कनकावदातम् ॥
बिंबं वियद्विलसदंशुलतावितानं,
तुंगोदयाद्रिशिरसीव सहस्ररश्मेः ॥ २९ ॥

कुंदावदात चलचामरचारुशोभं,
विभ्राजते तव वपुः कलधौतकांतम् ॥
उद्यच्छशांकशुचिनिर्झरवारिधार-
मुच्चैस्तटं सुरगिरेरिव शातकौंभम् ॥ ३० ॥
छत्रत्रयं तव विभाति शशांककांत-
मुच्चैः स्थितं स्थगितभानुकरप्रतापम् ॥
मुक्ताफलप्रकरजालविवृद्ध शोभं,
प्रख्यापयत्त्रिजगतः परमेश्वरत्वम् ॥ ३१ ॥
गंभीरताररवपूरितदिग्विभाग-
स्त्रैलोक्यलोकशुभसंगमभूतिदक्षः ॥
सद्धर्मराजजयघोषणघोषकः सन् ,
खे दुंदुभिर्ध्वनति ते यशसः प्रवादी ॥ ३२ ॥
मंदारसुंदरनमेरुसुपारिजात,
संतानकादिकुसुमोत्करवृष्टिरुद्धा ॥
गंधोदबिंदुशुभमंदमरुत्प्रपाता,
दिव्या दिवः पतति ते वचसांततिर्वा ॥ ३३ ॥
शुभ्रप्रभावलयभूरिविभा विभोस्ते,
लोकत्रयद्युतिमतां द्युतिमाक्षिपन्ती ॥
प्रोद्यत् दिवाकरनिरंतरभूरिसंख्या,
दीप्त्याजयत्यपि निशामपि सोमसौम्याम् ॥ ३४ ॥

स्वर्गापवर्गगममार्गविमार्गणेष्ट,
सद्धर्मतत्त्वकथनैकपटुस्त्रिलोक्यां ॥
दिव्यध्वनिर्भवति ते विशदार्थसर्व,
भाषास्वभावपरिणामगुणैः प्रयोज्यः ॥ ३५ ॥
उन्निद्रहेमनवपंकजपुंजकांति,
पर्युल्लसन्नखमयूख शिखाभिरामौ ॥
पादौ पदानि तव यत्र जिनेंद्र धत्तः,
पद्मानि तत्र विबुधाः परिकल्पयंति ॥ ३६ ॥
इत्थं यथा तव विभूतिरभूज्जिनेंद्र,
धर्मोपदेशनविधौ न तथा परस्य ॥
यादृक्प्रभा दिनकृतः प्रहतांधकारा,
तादृक्कुतो ग्रहगणस्य विकाशिनोपि ॥ ३७ ॥
श्च्योतन्मदाविलविलोलकपोलमूल,
मत्तभ्रमद् भ्रमरनादविवृद्धकोपम् ॥
ऐरावताभमिभमुद्धतमापतंतं,
दृष्ट्वा भयं भवति नो भवदाश्रितानाम् ॥ ३८ ॥
भिन्नेभकुंभगलदुज्ज्वल शोणिताक्त,
मुक्ताफलप्रकरभूषितभूमिभागः ॥
बद्धक्रमः क्रमगतं हरिणाधिपोऽपि,
नाक्रामति क्रमयुगाचलसंश्रितं ते ॥ ३९ ॥

कल्पांतकालपवनोद्धतवह्निकल्पं,
दावानलं ज्वलितमुज्ज्वलमुत्स्फुलिंगम् ॥
विश्वं जिघत्सुमिव सन्मुखमापतंतं,
त्वन्नामकीर्त्तनजलं शमयत्यशेषम् ॥ ४० ॥
रक्तेक्षणं समदकोकिलकंठनीलं,
क्रोधोद्धतं फणिनमुत्फणमापतंतम् ॥
आक्रामति क्रमयुगेन निरस्तशंक-
स्त्वन्नामनागदमनी हृदि यस्य पुंसः ॥ ४१ ॥
वल्गत्तुरंगगजगर्जितभीमनाद-
माजौ बलं बलवतामपि भूपतीनां ॥
उद्यद्दिवाकरमयूखशिखापविद्धं,
त्वत्कीर्तनात्तमइवाशुभिदामुपैति ॥ ४२ ॥
कुंताग्रभिन्नगजशोणित वारिवाह,
वेगावतारतरणातुरयोधभीमे ॥
युद्धे जयं विजितदुर्जयजेयपक्षा-
स्त्वत्पादपंकजवनाश्रयिणो लभंते ॥ ४३ ॥
अंभोनिधौ क्षुभितभीषणनक्रचक्र,
पाठीनपीठभयदोल्वणवाडवाग्नौ ॥
रंगत्तरंगशिखरस्थितयानपात्रा-
स्त्रासं विहाय भवतः स्मरणाद्व्रजंति ॥ ४४ ॥

उद्भूतभीषणजलोदरभारभुग्नाः,
शोच्यांदशामुपगताश्चुतजीविताशाः ॥
त्वत्पादपंकजरजोमृतदिग्धदेहा,
मर्त्या भवंति मकरध्वजतुल्यरूपाः ॥ ४५ ॥
आपादकंठमुरुशृंखलवेष्टितांगा,
गाढं बृहन्निगडकोटि निघृष्टजंघाः ॥
त्वन्नाममंत्रमानिशं मनुजाः स्मरंतः,
सद्यः स्वयं विगतबंधभया भवंति ॥ ४६ ॥
मत्तद्विपेंद्रमृगराजदवानलाहि,
संग्राम वारिधिमहोदरबंधनोत्थम् ॥
तस्याशु नाशमुपयाति भयं भियेव,
यस्तावकं स्तवमिमं मतिमानधीते ॥ ४७ ॥
स्तोत्रस्त्रजं तव जिनेंद्र गुणैर्निबद्धां,
भक्त्या मयारुचिरवर्णविचित्रपुष्पां ॥
धत्ते जनो य इह कंठगतामजस्त्रं,
तं मानतुंगमवशा समुपैति लक्ष्मीः ॥ ४८ ॥

સમાપ્ત